

[illegible]

કરામતે ખુદા.

રચિ પ્રસિદ્ધ કર્ત્તાઃ—

બરજોરજી હીરજીભાઇ એન્જીનિયર.

કાઉન બીલડીંગ, રેલવે ગુડસ યાર્ડ, ગ્રાંટરોડ—મુંબઇ.

આવૃત્તિ પહેલી   પ્રત ૧,૦૦૦.

મુંબઈ.

આ પુસ્તક શ્રી 'સરસ્વતી' પ્રીન્ટીંગ પ્રેસ, નં. ૩૩૨-૩૩૪, નાગદેવી સ્ટ્રીટ, મુંબઇમાં શા. મગનલાલ જગજીવનદાસે છાપ્યું છે.

સને ૧૯૧૩.   સંવત ૧૯૬૯.

સને ૧૨૮૨ યજદેજરદી.

૪૮૦૧

અર્પણ પત્રિકા.

જે સર્વ પ્રકાશ શકિતમાન જગતનો પેદા કરનાર છે જેણે માણુસ જાતમાં ઐહિક અને પરલૌકીક સુખ મેળવવા મન શકિત યાને બુદ્ધિ મુકી છે. જે એવો દયાળુ છે કે આ દુનીયામાં તથા પેલી દુનીયામાં દરેક બાબતે પાદશાહની માફક ઉત્તમ તરેહનો રાજકારભાર કરી કુલ ખલકતને પાલણ પોષણ કરી આપનાર એના સમાન બીજો કોઇ છેજ નહીં. અને જેણે આ હાડમંદ દુનીયામાં ઈનશાન માત્રને નેક રાહે ચાલવા તેમજ ધર્મ તથા યજદાં પ્રસ્તી ગાઇડ બતાવવાને માટે મહાન પેગમ્બર અશો જરથુસ્ત્ર સાહેબને મહાન ચૈતન્ય શકિત સાથ બક્ષી એલમની ચાવી આપી પેદા કર્યા છે. જે પેગંબર સાહેબે આ દુનીયામાં કાંઈક હેત ભર્યાં કામો સહીત યજદાં પ્રસ્તી ગાઈડ સીદ્ધ કરી બતાવી છે, જેવણે મને પણ જે કાંઇ બુદ્ધી આપી છે તે બુદ્ધીનો અદના ઉપયોગ જે કાંઇ મેં કર્યોછે તે ઉપયોગ આ પુસ્તકદવારા પ્રકટ કરી તેજ દયાળુ મહાન પેગમ્બર અશો જરથોસ્ત સાહેબને હું નમ્રતાથી તેમજ હજારો મુજ કમ તરીનની નેમાજ બંદગી સહીત આ મારો પ્રયાસ નજર કરૂં છું.

લી૦ હું છું કમતરીન સેવક,

બરજોરજી હીરજીભાઇ એન્જીનિયર.

કરામતે ખુદા.

મનસની, ગવસની, કુનસ્ની.

મહેરબાન ધર્મ ચુસ્ત હુમદીન જરથુસ્રી ગ્રહસ્થો તેમજ બાનુઓની સેવામાં અરજ એ છે જે આ ચોપડીમાં આપેલી જાહેર ખબરો માટે વાંચી ધર્મનો ભ્રષ્ટ કરવો એ એક ખરેખરા દીનદાર જરથોસ્તીનું કામ નથી. પણ આ તર્કે મારો પોતાનો અનુભવ જે ખરેખરો દરેક બાબતનો લગભગ ૨૦) વરસનો છે. જે નીચે મુજબ મને જણાવેછે. તે ઉપર બરાબર મનન કરી તોલ કરવું જે ખરી બાબત છે તેજ અહીંઆ ટાંકી બતાવીછે. આપણો જરથોસ્તી માજદીયશની ધર્મ બ્રહુસ્પતી=બીરજીસ સુસ્તરી. જે પાદશાહી દબદબો. ધરાવનાર ગ્રહોની ઉમદા ચાલોમાં પ્રગટ થયેલો છે તેની તાસીર થોડાજ વખતમાં પઢનારને ઘણી રહેમની નજરથી ઘણાજ ઉમદા દમામથી દેખાડી આપેછે. તે કયારે કે બીજા બધાં ભણતરો કરતાં તસ્બી મારફતે હૃદયમાં પઢવાથી શુન્યતગ થઇ આકરષણુ કરવાથી બીજા બધા ધરમો કરતાં ઘણાજ સફાઇદાર ઝકઝકતા લેબાસમાં દેખાવ આપે છે તે પણ થોડાજ દીવસમાં પોતાની ઉમેદ બર લાવી જ્ઞાન પણ તેમાંથીજ ખુલતું જાયછે. જે બીજા બધા ધરમો કરતાં ઘણીજ સારી રોશની બીજા બધા કરતાં જલદી દેખાવ થાયછે. એ મને બરાબર ખાત્રી થયેલી છે, પણ એ બધુ કયારે થશે, કે આપણુ દુનયવી ઇનશાનોનું મગજ ઘડીમાં કયાં અને ઘડીમાં કયાં તેને ઠેકાણે લાવવાને માટે ગુરૂની અવશ્ય કરીને જરૂરછે. કેટલીક બાબતો ઘણી સખત છે કે જયાં આપણું હૃદય બીલકુલ કામ કરતું નથી. ઘણી મહેનત કરવા છતાં ત્યારે જો આપણે આપણા ગુરૂને યાદ કરશું અને તેની ઉપર મુસ્તકીમ રહીશું તો જે કામ અથવા મુરાદ તે ગુરૂ આખરે બર લાવશેજ. એમાં મને જરા પણ શક નથી. માટે ડામાડોલીઉ મન રાખવું નહી. પણ જયાં વગર એકજ ગુરૂ સીદ્ધ તથા એકજ કલામ. અવસ્થા મુકરર કરવો. તમુને જે પસંદ પડે તેજ અને તેની ઉપરજ જીંદગી સુધી સત્ય મનથી ઉભા રહેવું તોજ દરેક બાબતો ફળીભુત થાય છે. પણ જો ઘડીમાં અહીંઆં ઘડીમાં પેલા પાસે એમ કરવાથી કાંઇ પણ થવાનું નથી. એતો જયારે શરૂઆતથીજ જીંદગીનો પાયો બરાબર બાંધશો હૃદયમાં મજબુત ગાંઠ મારીને

તે છતાં પણ મન કેવું છે તે પડેલે જોઇ લેશો. અને જ્યારે ખાત્રી બરાબર થશે ત્યારેજ દેખાવ થસે ત્યારે દરેક જણે મજબુત કાબુ રાખી ઉપર લખેલી બાબતોપર ઓસ્તવાર રહેવું જેમાં આ દુનીયાનો તેમજ પેલી દુનિયાનો અનહદ લાભ સમાયલો છે. તે પણ બધું અહીંઆંજ જોતા ચાલશો. એમાં કાંઇ શક નથી. એ બાબતો બહુ ઉંડી છે. જે મન ઉપર સાબીત કરવાની અસર રાખો હંમેશને માટે તોજ સાબીત થાય છે. ત્યારે પાક દાદાર અહુરમજદની મરજી થવાથીજ આપણુ જરથોસ્તી મહજબમાં ઉતર્યાં છઇએ. ત્યારે જો આપણુ બીજાને પકડીએ તો ખોદાની તેમજ ફરેસ્તાઓની, તેમજ ફ્રવશીઓની આપણી ઉપર કરડી નજર થાયછે. જેમાં ગએબી રીતે આપણુને અનહદ નુકશાંન થાયછે. માટે ખોદાએ જે ધરમમાં પેદા કર્યા તેમાંજ દરેક બાબતે ઘણો જલદીથી જયછે પણ મને દરેક બાબતો જોયાનો શોખ છે અને મારો પોતાનો એ બાબતનો અભ્યાસ હતો. જે મે બરાબર જોઇ ખાત્રી કરીછે. પણ ઉત્તમમાં ઉત્તમ તો બસ્તે કુસ્તીબાન ઉપર ઓસ્તવાર રહેવું એજ ફાયદા ભરેલું સાબીત થઇ ચોક્કસ મલુમ પડ્યું છે. જેનું અહીઆ વર્ણન કરી શકતો નથી. એ બાબતો સીધ્ધની સરટી-ફીકેટો ફકત એજ અહીંઆ રજુ કરીછે વધારેછે. પણ આ તકે દર ગુજર ચાહુંછું.

લી० દુવાગો,

બરજોરજી હીરજીભાઇ એન્જીનિયરની

નમ્રતાપુર્વક દુવા આમીન આમીન.

સાંકળીઉં.

જે ભુલો સુધારેલી તેનાં પાના નંબર સાથે.

પાનું.

૫	ઉપરથી	૧૮ મી	લીટીએ	શરૂઆતમાં લખેવાંને બદલે લખેલાં વાંચવું.
૫	,,	૨૭ મી	,,	ત્રીજો અક્ષર તથાને બદલે તેમ.
૧૨	,,	૨૩ મી	,,	લાભ જુએ છે.
૧૩	,,	૩૨ મી	,,	ખોદા નહીં પણ ખોટા.
૧૫	,,	૨ જી	,,	કામમાં ખોરદેહ અવસ્તા.
૩૬	,,	૨ જી	,,	આઠમો શબ્દ કેરફેગર.
૪૦	,,	૪ થી	,,	જમાથીજને બદલે જમાનાથીજ તાવીજને જકાત આપવાની રીતમાં સુખડ, લોબાન.
૫૧	,,	૨૭ મી	,,	કહયું નહીં પણ કહેવું.
૫૩	,,	૯ મી	,,	રરયા નહીં પણ રહ્યા.
૬૩	,,			મહેરયસ્તમાં ૧૦ મી લીટીએ જુંડના નહીં પણ ઝુંડના.

નજુમે દાનેસ્ત.

પાનું.	સવાલ.	ભુલ.
૧૬	૩૮	નસીબવાળો.
૧૭	૧૭	ઉમ્મર.
૧૮	૨૪	ખરાબ.
૧૯	૧૦	સીતારા.

જેઉ સીતારાનો નંબર ૪૧ એ ચાહ નહીં પણ માહ.

ઉપર લખેલી હરેક બાબતો કલામ, માહ, મંત્ર તારખી વડે હુદયમાંજ લખાણ પ્રમાણે સરોશ, બાજ, એક વાળી પઢવા.

કેરામતે ખુદા.

યજદાંન

મુંબઇ, રોજ મોબારક દેપાદર, માહે મુબારક બેહમન સને ૧૨૮૨ યઝદેજરદી.

સદા મહેરબાન મુજના માયાલુ ભાઇજી બરજોરજી હીરજીભાઇ

એન્જીનીયર.

જોગ, જત, ભાઇજી,

મહારા રવાનબોખ્તગીના બાબમાં જ્યારે તદનજ નીરાશ થઇ ગયો'તો તેહવા માહારી નીરાશીના વખતમાં જે પવિત્ર કલામ મહને બક્ષવાની તહમો નેક બાઇજીએ મહેરબાની ફરમાવીતી તે પાક નીરંગની બરક્તથી ફકટ પાંચજ દીવસમાં એહવો તો અજાયબ ભરેલો ગેબનો તમાસો જોયો કે જે જોવાનું હું ખ્યાલ પણ ન કરી શકું કે આ પ્રમાણેની ખુશાલી હું જોઇશ અને જેહનું સંપુર્ણ બ્યાન આપવાની મહારામાં તાકાદ નથી. તે દીવસે જોયલા પવિત્ર રૂહોએ મહને સંબોધીને કહેલો મધુરો અવાજનો નાદ જાણે આજેબી મહારા કાનમાં ગણુગણ્યા કરે છે કે "ઉઠ +, નીરાશ ન થા." અને પાક દાદાર અહુરમજદની જનાબમાં શુક્ર ગુજારી કરૂં છું કે "ઓ પાક દાદાર અહુરમજદ તારી દરગાહમાં લખો અને કરોડો શુકરાના કરૂં છું કે તેં મને જરથોસ્તી માજદીયશની દએનમાં જન્મ આપ્યો. એ દીનની બરકતથી હું બચીતજ ફીરદોશ મકાનમાં જઇશજ. મહારે માટે એ પુન્ય મકાનના દરવા ખુલ્લા થયા છે. હવે જે આગલ વધવાનું છે તે મહારા હાથમાં છે.' હવે મહારી નીરાશા સદનતર આશામાં એ મુજેબ ફેરવઇ ગઈ છે—એ મુજબની મહારી પક્કી ખાત્રી થઇ છે.

બચીતજ, ગાથામાં જણાવેલું છે કે "ઉશતા—'રવાનની ખરી ખુશાલી' એ શું ચીજ છે તેનો હવેજ કાંઇ સહેજ ઝાંખો ખ્યાલ આવે છે, કે જે ખુશાલીનો ઝાંખો ખ્યાલ આપવાની પણ માહારામાં શક્તિ નથી; અને તે માટે, તે મીનોઇ ખુશાલીને માટે, મહારા વહાલા માયાલુ બાઇજી, તહમારો કેહવી રીતે ઉપકારણી માનું તે પણ જાણે મહને સહમજ નથી,

આપરા વહુરે વહુશંન રખજગો અશો સપેંન્તમાન જરથુસ્ત્ર નબી સાહેબ પર હજારો દરૂદ હોજો કે તેઓ નામવર સાહેબે ગેબના મીનોઇને પહોંચવાને આવા ઉમદા કલામો આપણુને—આપણી પારસી ફીરકાને—બક્ષ્યા છે. હજારો શુકરાના પાક દાદાર અહુરમજદના કે તેઓએ પેગંમબર અશો જરથુરત સાહેબ જેહવા પુરરેહબર નબી આપરે માટે મોકલ્યા. પનેકીએ દાદાર અહુરમજદ સેપાસદાર હોમ કે હજુનબી આપરી પારસી કોમમાં તહમારા જેહવા એ પવિત્ર એલમ જાણુનારા અમલધાતી પોતાની કોમનું ભલું ઇચ્છી તે પાક એલમનો ફેલાવો કરનારા હાલે મોજુદ છે.

તહમો ભાઇજી હાલે અને ભવિષ્યમાં એ પાક એલમની—મીનોઇ જ્ઞાન આપનારા ખરી ખુશાલી પેદા કરનારા એલમની—જે ચોપડી છપાવી ફેલાવવા માંગો છો તે નેક કામમાં આપરા અશો નબી સાહેબના આશીરવાદથી પાક દાદાર અહુરમજદની મદદ સાથે તહમો માયાલુ ભાઇજીને દરેક ફતેહ મલો. આમીન !

તમામ ખલકતના પેદા કરનાર સાહેબની દરગાહમાં નમનતાઈથી દોઆ ગુજારૂં છું કે આપરા પેગમબર સાહેબની બાંહેધરી હેઠલ પાક દાદાર અહુરમજદ એકકે એક બસ્તે કુસ્તીઆનને માજદીયસની જરથોશ્તી દીનપર ખરી જાનફેસાની સાથે કાયમના ઉસ્તેવાર રાખો અને તેઓને ' ઉસ્તાની ' હેદાયત બક્ષો. આમીન !

તે હફત ઇકલીમના સાહેબને ખાકસારીથી સેજદો કરી, તેઓના અશો-નબી સાહેબને નમસ્કાર કરી અંતઃકરણથી દોઆ ગુજારૂં છું કે ' પાક દાદાર અહુરમજદ તહમો પર અને તહમારાં જન ફરજન્દ પર હમેશાં નેગેહબાન રહી તહમો સર્વેની નેક મોરાદ હાંસેલ કરાવી દરેક બાબમાં વૃદ્ધિ કરી ખરા તનદરોસ્ત અને સુખી રાખો. અથ જમયાત યથ આફ્રીનામિ.

લી૦ દોઆગીર ભાઇ,

તેહમતન શાહપુર-દારાબનાનો.

સલામ વાંચજોજી.

મુંબઇ, રોજ મુબારક ખોરદાદ માહે મુબારક આદર સને ૧૨૮૨ યઝદેઝરદી.

મુજ સેવકના હજારો હજાર નેમાજ બંદગી મહાન ગુરૂ સ્પેન્તમાન આનદાનના અષાઉ કવઍમ. ખરેના નબી જરથુસ્ત પેગમ્બર સાહેબને આ તકે ખરા જીગરથી ભરી દુવાઓ સાથ એક ટુંક નોંધ અર્પણ કરૂં છું.

યજદાન. *

કરામતે ખુદા.

મહેરબાન માયાલુ ભાઇજી બરજોરજી હીરજીભાઇ એનજીન્યર જોગ.

જત હું નમનતાઇથી લખી દર્શાઉં છું જે ભાઇજી મારો બેઠા બેકાર વખત જે સવા વરસનો હતો, તે દરમ્યાનમાં તમો દીલાવર ભાઇએ જે મને આપણા મહાન પેગમ્બર રમજગો અષો જરથુસ્ત સાહેબના તરીકાથી ગુરૂ સીદ્ધ કરી જે એક ટુંકો માથ્ર વિગતવારે ક્રીયા સહીત મને દીવસ ચાલીશની મુદતે પહેલે સરોસબાજ પછી ઉશહેન ગેહ પઢી તસ્બી મારફતે હૃદયમાં પઢવા ફરમાવ્યું હતું. જે મને થોડાકજ દીવસમાં ઘણી તરેહથી દમામવાલા દેખાવ ગએબી ભરેલા હેરત ઉપજાવનારા દેખાવ જોયા જે મેં તમોને તમારા ફરમાવ્યાથી જણાવ્યું છે. પછી ખુદરતી જવાબ=વાયબ્રેશન-જે હૃદયમાં પઢતો હતો તે વખતે મને કોઇ મગજમાં કહેલું હોય તેજ પ્રમાણે મળ્યો. જે ફલાણા રોજે નોકરી મળશે. તે ખુદરતી જવાબનો જે ચોક્કસ દીવસ હતો, તેજ દીવસે સવારે મને નોકરી મલી છે. જે ચમત્કાર જેવું તેમજ સાથે ફાયદા ભરેલું જોઇને મેં મારા દીલમાં પુરેપુરી ખાત્રી કરી લીધી છે. જે અત્યાર સુધીમાં મને કોઇએ પણ એવું સીદ્ધ કરી બતાવ્યું નથી. જેથી પુરેપુરી ખાત્રી થઇ છે. જે જરથોસ્તી ધર્મમાં પણ ભરપુર રીતોથી એલમો છે. અને હાલ પણ એવી ગાઇડ ધરાવનાર તમો જેવા બીજા કોઇ મળ્યા નથી. પણ આપ દીલાવર ભાઇએ જે મને મારા આવા સંકટના વખતમાં આશરો આપી માથ્ર વડે મારી પાસે મહેનત કરવાની ગાઇડ આપી ઉત્તમ જેવો આશરો આપ્યો. તથા જરથોસ્તી ધર્મ શું બતાવે છે તેની ઉત્તમ નસીયતો તથા ખુદરતી જવાબ તથા બીજા ગએબી દેખાવોનો અજબ જેવો દેખાવ દમામ વિગેરેનો જરથોસ્તી ધર્મ વિષેનો મજબુત છાપ હૃદયમાં કોતરીને બેસાડયો છે. જે આપ માથ્ર જેવા દીલાવર ભાઇનો ઉપકાર હું કેવી રીતે વાળશ, અને કેમ ભુલશ.

એજ લાગણીથી મેં આ લખાણ તમો ભાઈની જે છપાતી કરામતે ખુહામાં જાહેર કરવાને ખુશી ખુશાલીથી ફક્ત ખરી બાબતનું આ લખવું દરૂસ્ત ધારી રજુ કર્યું છે.

મુજ ગરીબ ભાઈની તમોને તથા તમારાં ફરજંદોને તંનદરોસ્તી તેમજ હજારો તરેહની હમારી ભલી દુવાઓ આમીન–આમીન !

એજ લી૦ હમેશ દોવાગીર ભાઈ,

દીનશાહ પેસ્તનજી આંટીઆ.

બંદગી–બંદગી.

રાહબરી ઈસલામ (ઉર્ફે) ઈલ્મે ઈલાહી.

બીસમીલ્લા હીર રહમા નીર રહીમ

મુસ્લેમાની=ઈસલામી તરીકો=અમલીયાત.

(શુબહાન અલ્લા)

આ તકે હમો તરફથી રજુ થનારી ઇસલામી ભાઇઓને માટે થોડા વખત પછી (**રાહબરી ઈસલામ ઉર્ફે ઇલ્મે ઈલાહી**) ની કીતાબ બહાર પડનાર છે. જે હમારા પોતાના અનુભવ બાબતોથી સીધ્ધ થયેલ ખાત્રી લાયક ચીજોનો સંખ્યાબંધ સંગ્રહ ઇસલામી ભાઈઓની હજુરમાં રજુ કીધો છે. જેનો ટુંક વૃતાંત આ તકે રજુ કરૂં છું. તેમજ ઘણાક ઇનશાનોને (**ઈસ્મે અઝીમ**) શું છે. તથા તેના કલામો (**ઇલ્મે ઇલાહી**) ને લાયકના કયા છે તથા આ જીંદગીને લગતી **હર તરેહની મુરાદ** તત્કાળ થોડા વખતમાં બર લાવનાર ચમતકારીક **ઇસ્મે અઝીમો** ચોકસ ક્રીયા વિધી **સાથે જાણવાની** ખાહીસ ધરાવનારાઓ માટે પ્રગટ કર્યા છે તેમજ પુર્વજોના જમાનામાં થઇ ગયેલા **સાલેકો**. તથા ધુમ મચાવનારા **ઇલ્મે ઇલાહીઓના ઈસ્મે અઝીમોના** ચમત્કારીક અદભુત દાખલા **સહીત રજુ** કર્યા છે. તથા કેવો ધર્મ ઉપર પ્યાર જે હેરત ભર્યા કામો કરી સીદ્ધ કરી ગયા છે તે **દરેક** બાબતોનો હેવાલ ઇલમો–કલામો–વિધી ક્રીયા સહીત ચોકસ સમજણ પડે તેમ ગુજરાતી **ભાષામાં** આ **રાહબરી ઇસલામ ઉર્ફે ઇલ્મે ઇલાહી** કીતાબમાં સમાવેશ કર્યો છે જેમાનાં થોડાંકજ **અહીંઆં** બતાવ્યાં છે. **અલ્લા પાક=શુબહાન અલ્લા=ખુદામાં** મળવાનો અમલીયાત તરીકો ઇલમો **ઇસ્મે અઝીમ** સાથે અલ્લા પાકના ૯૯ નામ તે દરેક નામનો કાબુ શા ઉપર છે એના વિર્દ–ચીલ્લા **કસવા–દરૂદે શરીફો જાત જાતના તેના** કામો **વિર્દ–ચીલ્લા ક્રીયા–વિગેરે–ખુદા શાહના પુર્વજોના સાલેકો**

કરાંમતે ખુદાના બીજા પ્રકરણનું વર્ણન.

શું ઝવાહીર છે.

અસલમાં અસલ જુની કેતાબ ઉપરથી ખોદાએતાલાની પહેલી પેદાયશની વિગત.

ખોદાએતાલાની તારીફ.

મહાન અષો પેગમ્બર જરથુસ્ત્ર સાહેબનો બચપણથી તે આખર સુધીનો વાંચવા લાયક મોજેજા સાથે કયામતનો વખત કેવી રીતે શું અનન્નમે આવશે. જે અત્યાર સુધીમાં વાંચવામાં આવ્યું નથી. જરથુસ્ત્રનામા તો ઘણાબી છે. જે-આખરે ખરા મોજેજા સાથે ખરેખરી બાબતેથી ભરપુર-આ જરથોસ્ત્ર નામા બરાબર કોઇપણ આવી શકતું નથી. જે એક વખત હાથમાં લીધું તો પારજ ઉતારો-અજબ જેવું અને મોહ પમાડનાર એજ જરથુસ્ત્રનામું વાંચો તોજ પેગમ્બરનો ખરેખરો ખ્યાલ ચમતકાર સાથે માલમ પડે છે, તથા ભારી મોજેજે સરવના ઝાડનો વાંચવા લાયક મહાન દસ્તુર અરદા વિરાફ નામું ચમતકાર મોજેજા સાથે વાંચવા લાયકજ મહાન દસ્તુર આદરબાદ મારેસ્ફંદનામું અજબ જેવા ચમતકાર સાથે દસ્તુર શાહજાદનું મુખ્તેસરનામું તથા જરથોસ્તી તરીકાના ૧૦૦ દરવાજાનું પુરેપુરૂં બયાન તથા રમઝજતાંને હજરત જરથોસ્ત પેગમ્બરનો માથ્રનો અંદરનો ભેદ સમજવા લયાક ખુલાસો નીરંગ કુસ્તી બાધવા વિષે માથ્ર=મંતર કેમ વાતાવરણમાં કામ કરે છે તેની પુરતી વિગત ઇથર માર-ફતે વાતાવરણમાં થઇને કેમ બંદગી ફરેશતાને પહોંચે છે. અને બંદગી કેમ પુગાડવી તેના કાયદા તથા સમજ પઢવાની કેવી રીતે બેઠક માંડવી તેની દરેક તરેહની સમજણ, તથા વાતાવરણમાંગોસ-મચ્છીના કેવા પ્રવાહ, અને માથ્રમાં શું હરકત કરે છે તેનો ચોકકસ ખુલાસો સમજવા લાયક એ વિગેરે તથા તારના દોરડાં વગર વાતચીત કરવાના ચોકકસ કાયદા જે પુર્વજોના જમાનામાં પેગમ્બરો મહાત્માઓ કેમ દરેક બાબતો સમજી શકતા હતા વગર કહેલે નેજ બાબત આપણ ખાંકી બંદાઓથી હાલના જમાના પણ થઇ શકે. તેવા ચોકકસ રસ્તા બરાબર કરવા લાયક તોજ માથ્રની અને મહાન પેગમ્બરની કદર બુજાય, જે દીનદાર જરથોસ્તીઓને અવષ્ય લાભકારકજ છે. બીજું માથ્ર-મંત્ર કેવી રીતે પઢવો અને તેના પ્રવાહ-ખોરેહ કેમ અને કેવી કીસમના કાઢવા તેની પુરેપુરી સમજ તથા એજ પ્રવાહ ઇનશાન માત્રને પરવરદેગારે કેવી તદબીરથી બક્ષેસ કીધો છે. અને ખોરેહ શું છે અને એ ચીજના શું ઉપયોગ થાય છે. તેની પુરેપુરી સમજણ આપણથી થઇ શકે તેમ સમજાવ્યું છે. અને દરેક ઇન-શાન માત્રના આંગ ઉપર પ્રવાહ કેવો છે તે જોવાના અજબ જેવો ચમતકાર જે આપણ ખાકી બંદાઓથી સહેલાઇથી બની શકે છે. જે વિગતવાર કેમ કરવું તે સમજાવ્યું છે. ફકત રૂા. સાડાત્રણમાં આગળથી નામ નોંધાવનારને મળી શકશે.

કરાંમતે ખુદા પ્રકરણ ત્રીજું.

શું દોલત બાતલજ છે.

મહાન દસ્તુર હજરત આજર કેયવાની-જેની અંદર પાક પરવરદેગારના પવિત્ર દર્શન કરવાના તરેહ તરેહના માથ્ર-મંત્ર-મીનોઇલ્લાન-બ્રહ્મજ્ઞાન-એલ્મે એલાહી ઇલ્મે ક્ષનુમ ખરેખરૂં જાણવું હોય, તો કરાંમતેખુદાના ચોથા પ્રકરણ બરાબર કોઇજ કેતાબ અત્યાર સુધીમાં વાંચવામાં આવી નથી. જે મહાન દસ્તુર હજરત આજર કેયવાનના હજારો જુદી જુદી જાતના સોગરેદો અને કાંઇ સુમાર વિગરના

ચમતકાર મોજેજા કરવા લાયક તેમાં ખાસ કરીને આપણુ ખાકી બંદાઓથી ત્રણુ જાતના ચમતકાર જેવા મોજેજા થઇ શકે છે. એતો અજમાવવા લાયકજ છે. તેમજ બ્રહ્મજ્ઞાનમાં શરૂઆતથી કેવા કેવા તબ્બકાઓ–ભુવનો તરેહ તરેહના કેવી કીસમના દેખાવ, સાથે તથા તેવી સ્થીતીમાં આવ્યા. પછી ચોકકસ તબ્બકા ભુવનો ઉપર કેવી રીતે મદદ માગવી, તેના ચોકકસ રસ્તા તથા ભુવનો ઉપર શું, શું, ખલલો થાયછે. તે ખરેખર થીઓસોફીકવાળાઓને તેમજ ખોદાના ઇસ્કીઓને ખરેખર મોજેજા યજદાંનને નામના કેવા અવાજમાં કેવો સાદ સંભળાય છે, સાલેકને તેનો અંદર ખાનેના ગુપ્તજ્ઞાનનો ખરેખરો ભંડાર–તથા ભુવન ઉપર કામેલ ગુરૂ–મુરસદ કેવી મદદ કરીને ભુવનો પાસ કરાવે છે. જે મને પોતાને થોડું ઘણું જ્ઞાન છે, બેશક ગુરૂ વિના જ્ઞાન નહીં. પણુ જ્યાં વગર તમે મહેનત કરો નહીં ઉમદા શીખામણોના ગાંઠ ન મારીને ત્યાં વગર કાંઈજ નથી. માથ્ર ચલાવવાને માટે ગુરૂની અવશ્ય જરૂરજ છે ગુરૂ, મુરસદ, સોગરદે, શીષ્ય, ચેલાઓની સર્વેની વિગત ગુરૂ કેમ કરવો ગુરૂ કોણુ છે. તેને જ્યાં સુધી ઓલખો નહીં ત્યાં સુધી કાંઇપણુ ચીજ કે કાંઇપણુ માથ્ર હાંસલ કરી શકશો નહીં. જુઓ હમારો–કરાંમતે ખુદાનો પ્રકરણુ ચોથો તમારીથી અજબ જેવા મોઅજેજા થઇ શકશે. તેવી બાબતો ભરપુર–ગુરૂ મુરસદ કેમ મેળવવા, તથા કેવાને ગુરૂ કરવો, તેની વિગતવાર સમજણુ, તથા ખોદાની પીછાન પણુ ત્યારેજ કરશો. જ્યાં ગુરૂ નહીં. ત્યાં દરેક બાબતે અંધારૂં–અંધકારમાં રોશની પ્રગટ કરનાર તેવા ગુરૂ કયાં છે. તેની શોધ તથા મળવા માટેના ચોકસ ઇલાજ ગુરૂ વિના કોઇ પણુ દીવસ માથ્ર ચાલનાર નથી. પ્રકરણુ કરાંમતે ખુદાનું ચોથું આગળથી નામ નોંધાવનારને ફકત રૂા. ત્રણુમા મળી શકશે.

તથા દીનદાર ધર્મચુસ્ત હમદીનોને જોવા લાયક યજદાંનનું ખેંચાણુ કેવી રીતેથી બેઠક તથા તસ્બી મહાન પેગમ્બર જરથોસ્ત સાહેબના હાથમાં છે જે યજદાંનનો ખેંચાણુકારક ચમતકાર જેવો દેખાવ બેઠકની કેવી કીસમથી યજદાંનની તસ્બી હાથમાં ચાલે છે. શું ખુબસુરત કયાંની ખોરેહના દબદબાવાળા ભકતીભાવ કરતા અષાઉમ નબી સ્પેન્તમાન જરથોસ્તનો ફોટો જે ફકત એજ ફોટો જોવાથી જરથોસ્તીઓના બાલે બાલ ઉભા કરનાર એના જેવો ફોટો કોઇ પાસે છેજ નહિ. અગર કોઇપણુ ઇનસાન એ ફોટોને જુએ તો દરેક બદદયાનતો છોડી સીધ્ધા રાહપર લાવનાર જે એજ કયાની ખોરહેનાને ફકત જોવાથીજ પસેમાન અને તોબા તોબા એક વખત ઇનસાન માત્ર કરે છે. એવો એ ફોટોનો યજદાનનોજ ખેચાણુ પ્રકાશીત તેજ મારતો દેખાવ છે, જે આજ કરામતે ખુદામાં હાજર કીંધો છે. તેમજ કેખસરો પાદશાહનો તસ્બી સાથે દબદબા ભરેલો યજદાંનના ખેંચાણુનો દેખાવ પાદશાહી લેબાશ સાથે કરાંમતે ખુદાના ભાગ ત્રીજામાં રજુ કર્યા છે.

એ બેઉ ફોટા જો કોઇભી ઇનશાન જુએ તો જરૂરજ આંખમાંથી પાણી લાગી પડે છે. અને પોતાના ગુનાહનો તોજસ કરે છે, પણુ એજ ખરો રાહ ખોદાની પીછાનનો છે, અને એ ફોટા જોઇનેજ ઉમદા અસર ખોદાની બંદગી થાય છે.

કરામતે ખુદાનું પ્રકરણુ ચોથું.

અસલ જંદ અવસ્તા ઉપરથી કાંઇપણુ ફરક વગર હરે તરેહની ન્યારા, ચસ્તો, મોનાજાતો, પઢવાના કાયદા, ક્રીયા સાધનની સમ્પુરણુ વિગત સાથે નામ નોંધાવનારાઓને ફકત રૂા. ત્રણુમાં એના જેવી કેતાબ અત્યારસુધીમાં નજરે પણુ પડી નથી.

(લોબાન અને નઈઅતની બાબમાં.)

જુઓ મારા હમદીનો તમુંને શું લાગે છે. તે મને લખી જણાવવાને મહેરબાની કરશોજી ને હું તો મારા નીચેં લખ્યા પ્રમાણેજ અમલ કરૂંછું. અને તેબી ખાત્રી ભરેલું થવાથીજ અને એજ ખરૂ છે.

આ દુનીઆના સંસારી માણુસો કોઇ એવો પ્રસંગ આવે કે લેવડ, દેવડનો, લાભનો, કે નુકશાનનો, ત્યારે કદાચ સામા માણુસના દીલમાં એવું ઉલટું ખોટું વિશ્વાસ વગરનું આવે ત્યારેજ એમ બોલે છે કે (દયાનત=નઇયત)નો તો બહુ ચોખ્ખો ચાંદી જેવો છે ત્યારે તેના કરતાં ટુંકમાં એમ કહીએ તો ન ચાલે કે ખરાબ કરણીનો છે. તો તમે લોબાન મુકયું તે તો એની ખરાબ કરણીમાં ગયું. ત્યારે તમો પૈસા ખરચીને રૂવાનોના રૂહોને શાંતી અપાવવાને બદલે તમે બધું તમારે હાથે અંધારામાં રહી, ખરાબ કરણીમાં દાખલ કરો છો. તો તેમાં તમારા અશો રૂવાનોના રૂહોમાં શાંતી સાથે ન પહોંચતા ઉલટું બધું દેખી રીતે કરણીમાં ઘુસી જાય છે.

ત્યારે હવે મારા તરફથી એમ છે કે એ લોબાન મુકતી વખતે ફલાણુાની નઇઅતે ફલાણુાની નઇઅતે એમ કહેતાં જાય ને લેબાન અરદીબેહસ્તપર ભભરાવતાં જાય. અદબથી તે વાત ખરી પણ એ હવે નઇઅત કેવી સારી કે અગર માઠી તે જેવી હોય તેવી માટે એ નઇઅત બોલજ તમે કહાડી નાખો અને જો નીચે લખ્યા પ્રમાણે કરો તો; કેમ કે ફલાણુાની અરવામાં ફલાણુાની અરવામાં હકમાં. તો તેજ રૂવાનોના રૂહોમાંજ કબુલ થવાનુંજ તોજ ત્યાં રૂહોને શાંતી થવાની અને મીઠા ઉગાળા મુકે એમ મારૂં તો મત છે અને એ મત ખરૂંજ છે. હમારા ઘરમાંથી તો (નઈઅત) નો બોલ જે વલાયામાં છે તેને સમુળગી રૂખસદ આપી છે, તેને બદલે ફલાણુાની (અરવામાં) કરીને બોલીએ છઇએ માટે ધર્મચુસ્ત એ બાબત ઉપર તમો પણ દરીઆફ કરશો. પણ મને તો એમજ મુરબ્બીનું કહેવું છે. તમે જરૂર એ બાબતપર વિચાર કરીને ઉંડા જશો તો નઈઅતનો બોલજ તમુનેજ ખોટો લાગશે એમાં શક નથી અને નઈઅતે નઈઅતે કરીને લોબાન મુકો તો તે કાંઈ રૂવાનના રૂહને મલે બી નહીં તમેજ સમજી લેવો.

(તસ્બી માળા આડી)

તસ્બી ફેરવતા જરથોસ્તીઓ તેમજ દસ્તુરો હાલમાં કોઇ કોઇ વખતે દેખાવ થાય છે એ બી આજે બે ત્રણુ વરસ થયાંજ એમ તસ્બી ફેરવતાં કોઈ કોઈ ઠેકાણે મને માલમ પડે છે. તે કયાં આવાં ઇજદ આતશ બહેરામ વિગેરેઓ પાક જગ્યાઓ ઉપરજ, અને હજુ પણ દીલગીરીની વાત છે કે કેટલાક જરથોસ્તીઓ તો તસ્બી ફેરવવાને એકદમ વખોડી કહાડે છે. અને કોઇબી જો તસ્બી ફેરવતો જોવામાં આવે કે બસ નકકી એમજ સમજે છે કે બધુ ઢુંબક ઢોંગ છે. પણ એવા તસ્બી ફેરવનારાઓને હું પોતે સારી અદબથી માન આપુંછું, એ ખરેખર વખાણુવા જોગ છે. અને બહેતર છે કે એવો પણુ દેખાવ મને આવાં ઈજદ ઉપર એક દસ્તુર ચાંદીના દાણુાની તસ્બી ફેરવતો મેં જોયો હતો અને જરૂર જોગી વાત થઈ હતી. તે પણુ ખરેખર ચઢતા દરજ્જાની સ્થીતીના પગથીઆં છે. બીજું હું સવારે ટ્રેન મારફતે નોકરીએ જાઉંછું અને આવુંછું ત્યારે મને અવારનવાર ટ્રેનમાં જેવી કેરબાની, હીરાજાની, અકકલ બેલની તસ્બીઓ ફેરવતા માલમ પડે છે. જેમાના કેટલાક તસ્બી ફેરવનાર જરથોસ્તી પોલીસમાં સારા દરજ્જા ભોગવે છે, તેવાઓને પણુ હું આ તકે જીગરથી ચાહું છું, અને કોઇ કોઇ ઠેકાણે આતશબહેરામમાં દસ્તુરો ફેરવતા માલમ પડે છે તેવાઓને હું ઇમાનના મોતી તરીકે ચાહુંછું. એજ વિનંતી.

(તસ્બી ફેરવવાથી થતા ફાયદા.)

તસ્બીની અંદર ૩૩) દાણે ૧) દેખઇ આવે તેવો દાણો, પછી ૧૬) દાણે દેખઇ આવે તેવો દાણો ૧), પછી વળી પાછો ૧૬) દાણે દેખઇ આવે તેવો દાણો ૧), પછી વળી ૩૩) દાણા બાદ બેઉ છેડા ભેગા થાય. ત્યાં પતલી ટોચવાલા એક લામ્બી સાઇસનાટેપર દાણામાંથી બેઉ છેડા પસાર થાય છે. એટલે બધા મલીને કેટલા દાણા ગણીએ.

આગળના ૩૩ દાણા	
બીજી ફેશનનો ૧ દાણો	તસ્બી બાંધવાની રીત અસલના જમાનાથી
૧૬ દાણા	
ઉપરના જેવોજ ૧ દાણો	આજ છે જેમાં કોઇ ફેરફાર કરી શકયુ નથી.
૧૬ દાણા	
ઉપરના જેવોજ ૧ દાણો	
૩૩ દાણા	
૧૦૧ જુમલે થયા	

હવે એજ પ્રમાણે દરેક ધર્મના મહજબ પ્રમાણે જુદા જુદા પેગમ્બરોએ તસ્બીનું ફરમાન કર્યું છે.

ત્યારે ઉપલી રીત પ્રમાણે આપણા ચમતકારીક મહજબમાં ૧૦૧) નામ ખોદાના છે. તેને માટે ૧૦૧) દાણાની તસ્બી વાજેબ કરેલી છે.

મુસ્લેમીન ધર્મમાં ખોદાના ૯૯) નામ છે તે પ્રમાણે ૯૯) દાણાની તસ્બી વાજેબ કરેલી છે.

હીંદુ ધર્મમાં પણ ખોદાના ૧૦૮) નામ છે તેવી તે લોકોએ પણ ૧૦૮) દાણાની તસ્બી ઠરેવેલી છે અને એવા ઠરેવેલા કાયદાને અત્યાર સુધી પણ ઘણા માન ઇજ્જતથી સૌ સૌના મહજબ પ્રમાણે જુદી જુદી ફીસમના દાણાઓથી તસ્બી બનાવવાનો અને ફેરવવાનો હુકમ છે. એજ પ્રમાણે હીંદુઓ મુસલેમીનોને વિગેરેના હાથોમાં નહીં તો ગલામાં તસ્બીઓ માલમ પડે છે.

(તસ્બીમાં ત્રણ જુદા દાણાની તાસીર.)

એજ પ્રમાણે ઉપરના એવાજ હીસાબે દરેક ધર્મના કાયદા પ્રમાણે દરેક ધર્મમાં જુદા જુદા દાણાઓની તસ્બીમાં દરેકમાં ત્રણ દાણા જુદીજ સાઈસના બતાવે છે જે ત્રણ દાણાનો મતલબ એ છે જે વૃધ્ધી કર્તા પાલણ કર્તા અને નેગેહ કર્તા તથા બધા ફરેસ્તા બીજા દાણા છે તે તથા તસ્બીના બેઉ છેડા એક અણીવાલા દાણામાંથી પસાર થાય છે તે સર્વે ઉપર ખોદાની પોતાની નીશાન બતાવે છે. અગર એમાં કોઇ વધારે જણાવશે તો ઉપકાર થશે.

તસ્બી ફકત ખોદાની નીસાંની બખ્તાવર ૧૦૧) નામો ખોદાની દેખડાવી જાણે આપણી નજીક-માંજ છે એમ આપણને ગવાહી આપે છે તસ્બી પાસે રહેવાથી કેટલાંક બદમાસ કામો જડમુળથી નીકલી જાય છે, અને બકતી તરફજ દોરાવે છે, અને જો કોઇબી રાખે ફેરેવે તો ખરા દીલથીજ ચાહજો અને જે ધર્મને ચાહતા હોય તોજ તસ્બી ફેરવજો ચોકસ ભાણુવાની તસ્બી આપણી જે બીછાનું મુકીએ તેજ જગ્યાએ અગર બીછાનામાં મુકી લપેટી લેવું. તેવાંજ નીરંગી કામોની તેમજ ખાસ વગર મતલબની બંદગી–ખોદાની ચોકસ કલામોની પઢેલી તસ્બી તમોએ તેને ઘણી પવિત્રાઈ-થીજ અડકવું એ હમેસને માટે યાદ રાખજો, એમ સમજોકે એક તસ્બીને ઘણી પરેજગારીથી કલામ

અથવા બંદગી કે ખોદાના નામની ફેરવોછો. અને જો તસ્બીનું માજમું. કે જાણે એક મુરાદને માટે તસ્બી રોજ ફેરવતા હતા અને તે ૪૦) દીવસે કે બે ત્રણ ચાલીસાએ તમારી ધારેલી ઉમેદ પાર પડી તો પછી તે તસ્બી નાહનું બચ્ચુ ટેં ટેં કરતું હોય તેના ગળામાં નાખી તમે જે કલામ ભણ્યા જેથી તમારી મુરાદ બર આવી તેજ કલામ તમારે મનમાં ભણવો. તે બચ્ચાંની ઉપર તો બચ્ચું ટેં ટેં કરતું જરૂર બંધ થઇ જશે. તેમજ બચ્ચાંના આંગમાં તાપ આવતી હશે તે પણ અટકી જશે—એ વાતમાં મને શક નથી. જો તમારી મુરાદ પાર પડી હશે તેજ તસ્બી મારફતે. એવું એકજ વખત અજમાવી જોજો. ઘણી વખત અજમાવવાની ટ્રાઈ કરશો તો તેમાં તમુંને નુકસાન છે યાદ રાખજો એનું કારણ ફકત એજ છે કે ખોદા રોશન ઝમીર છે. તેવણુને દરેક ચીજની બારીકમાં બારીક પણ ખબર છે. માટે સર્વ ચીજ દુખ-સુખ-જન્મ-મરણ—એની ઉપર કાબુ ધરાવનાર તેજ છે–તો પછી જ્યારે તમે એમ કરતા માલમ પડયા કે જે કોઈ પાવર હોય તે બધો ચાલી જાય છે. માટે ખોદાનો ખોફ હરદમ યાદ રાખજો. કે મારાં કામની વચ્ચે પડે છે તેથી બધું ખેંચઇ જાય છે. એમજ ઘણા જણ ખોઈ બેસેલા છે. અગર તેના રસ્તા અલગ રહેલા છે. જે આગળ બતાવસું.

(હંમેશ બંદગી કરવાનો બેહદ ફાયદો.)

ઇનસાન માત્રે બંદગી કરવાની ફરજ છે તેનું કારણ ફકત એજ છે કે–જેને માટે આપણું નામ બંદા છે તેથીજ બંદગી લાગુ પડેલી છે. જો બંદગી ના કરો કે કરો એમ કાંઇ ખોદા આપણી ઉપર દબાણ કરતો નથી પણ પરવરદેગારે આ દુનીયામાં દરેક રસ્તા બનાવેલા છે જેવાકે સારા કામના માર્ગ–માઠાં કામોના માર્ગ–જેના વાતાવરણમાં ઇથર મારફતે થઇને મોજા વહયાજ કરે છે તે ઇનશાન માત્રને તેના ફળ ચાખવાંજ પડે છે એ તો આગળ સાબીત થયેલું છે પણ વરી બીજું ખોદાએ નદી નાલા–કુવા–બાગ–બગીચા–ખાડા–ખબોચીયા=ખરાબ રસ્તા વિગેરે બધું છે તે તમારે જોઇએ ત્યાં જાઓ. પણ બંદગી એજ બાગ-બગીચા બહેસ્તનું મકાનજ છે. તેજ પ્રમાણે . રહેમી કીરતાર પણ તેવાજ ચોકસ કલામો સાથે પેગમ્બર મારફતથી આ દુનીયામાં બંધાયલા છે ત્યારે બંદગી કરવા વાજેબ છે–હૃદયમાં એક કીંચીત જેવું શું છે–હું કયાંથી આવ્યો. અને એ કીંચીત પણ કયાંથી આવ્યું અને એ પણ કયાં જવાનુ અને હું પણ કયાં જઇશ–એ વિચારો સીધ્ધ કરવાને બાબત બંદગી કબુલ થયેલી છે પણ તેની આગમજ ઈનસાંન માત્ર પોતાનો લાભ જાયે છે. તો તેવા લાભો પણ માત્ર કલામો વિગેરેની ચોકસ ક્રીયાઓથી પરીપકવ થાય છે એ બાબતો તમે સીધ્ધ કરો તો ખાત્રી થાય કે જ્યારે એટલામાં આપણી મુરાદ–જે લાભની હતી તે પાર પડી ત્યારે ખોદાની વગર મતલબની બંદગી તે શું જણાવતી હશે. અલબત–ખોદાઇ પીછાન–ઇલ્મેક્ષનુમ=ઇલ્મેઇલાહી=બ્રહ્મજ્ઞાન એનો જરૂર નહીં ઘણો, નહીં તો થોડો પણ પોતાની શકતી મુજબ શહ પણ પાર પડે છે એમાં મને કાંઈપણ સંદેહ નથી જે હમેશનું સૌથી ઉત્તમ સુખ તથા ફાયદો એજ છે.

(બંદગીની એજમતી અસર.)

આ દુનીયાને લગતો દાખલો લઇએ એમ સમજો કે તમારી પાસે દોલત વધી, તો તેમાંથી તમે પૈસા ખરચીને એક બે ચાર હજાર વાર જમીન ખરીદી, અને તેમાં સારા વાસના ફુલો રંગ બેરંગી જાતજાતની ફુરટો મેવાના ઝાડો વીગેરે અતી રમણીય સુંદર બગીચા બેશીજ ફુલોથી સજાવેલી અને ફુરટ મેવાઓથી ભરપુર અને વરી ફુલો પણ તરેહ તરેહના ભરપુર ઉમદા વાસોથી બનેલા તે સાથે તમારી મહેનતના પૈસાથી છતાં તેની પણ દરેકની માવજત પાણી, ખાતર વિગેરે બધી

મનની હેમરેખથી તમે હમેશને માટે એમજ ધાર્યું કે જેમ જેમ એની માવજત કરશું તેમ તેમ દરરોજ તાજા ફુલો ફળો ફુરટો મેવો વિગેરે હંમેશ તાજોજ મલસે. એજ પ્રમાણે ઇનશાનો બનાવે છે અને તેવા બગીચાની વાસ માઈલ બે માઇલથી પણ મગજને તરકરી નાખે એવી વાસ આવે છે. અને ફુલ ફુરટોના પૈસા પણ હંમેશ મલ્યા કરે છે–ત્યારે તમે બાપીકી મીલકત કરી ગણુસો. હવે એ ફુલોનો વાસ બે માઈલ સુધી પહોંચે એવા ઇથરના મોજાની મારફતે તમારા બગીચામાંથી જ્યાં સુધી તમારી માવજત છે ત્યાં સુધી વહાજ કરે છે, અને દોલતબી આવ્યાજ કરે છે. ત્યારે હવે હંમેશની બંદગીના એવાજ સુવાસીક ઈથરથી વાતાવરણુમાં મોજા વહયાજ કરે છે કે એટલા જોરથી વહે છે કે દુષ્ટ કામોના આવતા તમારી ઉપરના મોજાને તીરની માફક વિંધી નાખી વીખેરી હેય છે. જેથી તમારી ઉપર આવતી ગરદસો વિખરઇ જાય છે. બલકે જો-બરાબર બગીચો મજબુત પાયાનો હોય તો બીલકુલ અસરજ ન કરે અને હંમેશની દોલત આવ્યાજ કરે છૈ બધી ચીજો ગુમઈ ગઇ. લઈ ગયા ચોરઇ ગઇ પણ બંદગી કોઇથી ચોરાવાની નથી. તે તો સદાકાળ જ્યાં લગી માવજત કરો તેમ સુવાસીક પુષ્પોનો દ્રવ્ય જેવા મોજા વહેતાજ રહેવાના, માટે બંદગી ચુકયો તો એ મોજો બંધજ થવાનો. માટે બંદગી ચુકવી નહીં માટે બંદગી ન ચુકવાને ભલામણ કરૂં છું, કે જેથી ભવીષ્ય કાળની સામે આવતી વિપતીઓ પણ જે રૂપમાં આવનાર હોય તેના પાયાજ તુટી ગયેલાજ છે. માટે ગોલીની સાંમેજ મજબુત ઢાલ મજબુત તરેહથી પકડી બેઠા હોય એવોજ આસરો મલે છે, એમાં કાંઇ શક જવું નથી.

(ધ્યાંન–થીત.)

ધ્યાંન એટલે મન શુન્યગત કાંઇ પણ વિચાર વગરનું રહે તોજ તે ખરૂં ધ્યાંન કહેવાય. અને એવાજ ધ્યાંનના પ્રવાહોથી સુખ અને ખોદાઇ પીછાણુ થાય છે. અને એવા પ્રવાહોથીજ ધારેલા કામો સીધ્ધ પણ થાય છે. અને ઇલ્મેક્ષનુમ પણ એમાંથીજ પ્રાપ્ત થાય છે. એવાજ ધ્યાંનમાં બેહદ લીન થઈ જવું. તેનું નામ ધ્યાન. ત્યારે રહેમી કીરતારે શું ઇનશાન માત્રને બનાવ્યું છે કે હદ કરી નાખી, કે પોતાના મગજ અને મનશક્તીથીજ ફક્ત એવા કામો કરે છે જે હું આગળ લખી ગયો છું.

(ન્યાસો ચસ્તો)

આપણા પવિત્ર મહજબમાં ત્રીસ રોજ બનાવેલા છે. અને એ ત્રીસે રોજના નામના ફરેસ્તાઓ છે, અને જે ફરસ્તાઓને ખોદાની દરબારના હુકમ પ્રમાણે ઠેરવેલી ચીજો ઉપર દરેક દરેક જુદા જુદા કામોમાં હજારો હજાર વરસો થયાં બરાબર રીતે અમલ કરતા રહ્યા છે. ત્યારેજ તમુને બીજી કોમના જોશીઓ–દસ્તુરો અગર જ્યોતીશ જાણુનારાઓ કહે છે કે તમુંને ફલાણી ગ્રહદશા છે તેથી તમે ફલાણી ફલાણી ન્યાસ–ચસ્તો વિગેરે પઢવાની ફરજ પાડે છે. તેમજ બીજી જ્ઞાતીના જોશીઓ પણ જેવા કે બ્રાહ્મણો વિગેરે પણ ન્યાસ ચસ્ત ભણુવાની કે ભણાવવાની જરૂરીઆત જેવી જરૂર જણાવે છે એમ આજથી નથી પણ અસલના જમાનાથી ચાલતું આવ્યું છે. અને હા હું પણ ન્યાસ ચસ્તો પઢવાને શું ફાયદા છે તે પણ બરાબર જાણું છું. અને કેટલાક જરથોસ્તીઓ પણ બરાબર જાણે છે. તેમાં કેટલાકે એમ કહે છે ફલાણું ભણુતાં ભણુતાં ચોકસ વખત આવ્યો, અને મારી મોરાદ હાંસલ થઇ છે. એમ કરીને ખાત્રી આપે છે. અને વળી કેટલાકો એમ બુમ મારે છે કેટલાંક વરસ થયાં ભણુજ ભણું છું. અને દીવસ તો દહાડે દહાડે બહુ નબલા આવતા જાય છે. અને હવે શું કરવું કાંઈ સુજ નથી પડતું. તેવાઓને હું શું કહું. અરે આપણે ખોદા છઇએ બધા. અવસ્તાઓ માત્ર કાલકો નીરંગો ન્યાસો ચસ્તો બધું ખરૂં છે. એમજ નક્કી મનમાં ધારજો અને આપણેજ ખાસ કરીને

ખોટા છઇએ પણ હું તો આ માફક જાણું છું. અને એજ માફક મે જાણવાનું બરાબર ચાર ચાલીસા સુધી હું પાછો હઠયો નહીં પણ આખરે ફતેહ પામ્યો. તેબી વરી એવે મોટે ખાંચરે કે મને જ્યાં ઓળખ કે લાગવગ પણ કર્યો નહીં ફક્ત આપણા પવિત્ર ભણતરથીજ આસા રાખી હતી પણ એ ગેયબી મદદો એવી છે, કે જે ઠેકાણે હું એક મોરાદની આશા રાખતો હતો તેજ ઠેકાણેથી મને કાગજ મારફતે બોલાવી અને મારી ઉમેદ પાર કરી હતી. માટે જો પવિત્ર માથ્ર-અવસ્થા કલામો ન્યાસો યસ્તોને અરદીબેહેસ્ત–અમશાશપંદને–ગુરૂને–અને પહેલે ખોદાને હુડે ધરે તો દરેક દરેક કામો મુરાદો જરૂર પાર ઉતર્યાં વગર રહેતીજ નથી એ બધું ખોદાની મદદથીજ અને ખાસ કરીને ખોદાનીજ બનાવવાની મરજીથીજ બીનાઓ મારફતે કુદરતી રીતેજ થઇ જાય છે. એવાજ બધા રસ્તાઓ ખુલી જાય છે. અને અજબ જેવું લાગે છે. એવા દરેક દરેક અવસ્તાઓમાંજ ઉત્તમ જાતના પ્રવાહો સમાયલા છે કે જેથી ઇનસાંન માત્રના પ્રવાહની પણ જરૂર પડતી નથી. એ તો સીધ્ધ છે. પણ જો ઉપર લખ્યા પ્રમાણે ઇનશાંન પણ તેને લગતાજ મોરાદના પ્રવાહો એકજ ધ્યાન સુન્ય રીતે ફક્ત મતલબનુંજ ધ્યાન તો ખુદરતી પ્રવાહોને ઇથર મારફતે આપણા પ્રવાહોનો જો ટેકો મલે તો ધારેલું કામ ૪૦) દીવસની અંદરજ થઇ જાય છે એ તો ખરેખરૂંજ છે. મારા ૪૦) દીવસના ભણતરને માટે હું કેમ વર્તું છું તે લખી જણાઉં છું દરરોજ બાંધેલા ચોકસ ટાઇમેજ ઉઠું છું અને પાણી ગરમ કરવાને માટે આગ્ની ઉપર તામડી મોટી મુકી નીચે બતી મુકી રાખું એટલે જ્યારે ચોકસ ટાઇમે ઉઠાએ ત્યારે પાણી ગરમ મલે અને ગરમ ન મલે તો ઠંડાએ નાઇ લેઉં છું પછી કપડાં અલગ છે તે લઇને કપડા પહેરી લઉં છું. કપડાં લેતી વખત આંગ પુસેલો ટુવાલ કમ્મરપર લપેટલો રાખવો. અને પહેલે ટોપી માથાપર સફેદ કકડો સાથે આગળ લખું છે તે પ્રમાણે મછી કપડાં પહેરી કસ્તી બાંધું છું બાલ વિશે આગળ લખ્યું છે તે ધ્યાન રાખવું. દાંત એકદમ સાફ રાખવા મોઢું (આગરૂં) વાસ મારતું ન હોય વિગેરે તપાસ બરાબર છે બધું એમ જાણી પાછું ચોખ્ખું પાણી લઇને હાથ મોહડું ધુટણ તલકથી ધોઉં બે ચાર કોગળા કરૂં બાદ હાથ મોઢું ધોઈ ફેમના મજદા ભણી કસ્તી છોડું છું અને અહુરમજદ ખોદાય ભણી બાંધું છું. આગળ લખું છે તેમ પછી ભણવા બેસવાની જગ્યાને ઘસે કરીને સાફ કરૂં છું પછી હાથ ધોઇને કોપરેલની બતીનું ગલાસ તેયાર કરૂં. ઠંડા પાણીનું સોજું ગલાસ અરદીબેહસ્ત આફરગાનીયામાં કાઢુ. સુખડ લોબાન અગરબતી વિગેરે તેયાર કરૂં છું. પછી ભણવા બેસવાનું સાદરીનું બંડલ આપણા આંગપર ગોલ બીંડલ ખુલે તેમ. એ પ્રમાણે બધું એટલે ઉપર લખેલી ચીજો મુકું છું. મોગરાં, સબજો, ગુલાબ એ ત્રણજ જાત મુકું છું. પછી પાછું હાથ મોઢું ઉપર લખવા પ્રમાણે ધોઇ પઢવા બેસવાની જગ્યા ઉપર જાઉં છું અને ત્યાં રાતે પશ્ચિમ દીશા સામે ઉભો રહીને કસ્તી કરૂં છું. એ કસ્તી છેલ્લી ત્રીજી વારની થઇ છે. પછી બેસવું પશ્ચિમ દીશા તરફ મોઢું કરીને પછી અફરગાનીયાના આતશેથી કાંડી સલગાઉં છું અને તે સલગેલી કાંડીએ કોપરેલનું ગલાસની બતી સલગાઉં છું પછી અગરબતી પણ ઉપલાજ આતશે સલગાઉં છું અને પછી બેઉ પગ ડાબી બાજુ વાલી દઇ તસ્બી ગલામાં નાખી સુખડ લોબાન દાદાર અહુરમજદના અરવામાં મુકું છું. પછી બે હાથ જોડેલા ઉંચા કરી દુવા ગુજારૂં કે હું ફના છઉં. અને તું (બકા ૭)=કાયમ હેઆત છે. એ પ્રમાણેથી તોબાહ ગુજારૂં છું. પછી ગલામાંથી તસ્બી કાઢીને જમણા હાથમાં લઇ જમણા હાથની કોણી પેટના જમણા નળને અડકેલી રહે તેમ કરી જમણો હાથ ડાબા પગની જાંગ ઉપર મુકવો અને ડાબો હાથને વાલી દેવો પછી તસ્બી ફેરવું છું. મારા પોતાના આંગપર દાણા ખેંચાય તેમ ફેરવવી. એમ હાથમાં તસ્બી લઇ બરા-બર રીતેથી પછી ડાબી બાજુ છાતીપર બંધ આંખે ધ્યાન આપવું. અને જાણે આપણા ગુરૂ–મુરસદ

મહાન પેગમ્બર અશો જરથોસ્ત્ર સામેજ છે તથા દાદાર અહુરમજદભી મારી સામેજ છે એમ બરાબર ધારીને પહેલે ગુરૂની તસ્બી દરેક કામાં ફેરવવી.

બીજું (અષાઉમ કવએમ ખરેના નબી જરથુસ્ત્ર.)

ત્રણ તસ્બી ફેરવવી.

બીજુ (અષાઉમ અહુરમજદ) સાત તસ્બી.

બધી તરેહની તસ્બીઓ હૃદયમાં ચાલે દરેક માથ્ર પઢવા અગાઉ ઉપલી બે તસ્બી હંમેશ ફેરવવી.

પછી જે ભણવાનું હોય તે ન્યાસ–યસ્ત–માથ્ર–અવસ્તા કલામ વીગેરે ભણવું કે બહુ જલદી અસર થાય છે. એકજ ચીત્તે તસ્બી ફેરવવી તે મનમાંજ ભણવું. તસ્બી ખરાજ દાણાની રાખવી ઉપલા બધા કલામો દરેક દરેક મુરાદ પુરી પાડનારા છે એ મને ખાત્રી જેવુંજ છે. તથા બંદગી ખલાસ થઈ કે તેજ જગ્યાએ પશ્ચિમ દીશાએ માથું કરીને સુઈ જાઉં છું અને ખુવાબો ઘણી સારી કીસમના જોવામાં આવે છે. જે અહીંઆં હું લખી શકતો નથી એજ પ્રમાણે સવારના સકારા ઉઠીને તસ્બી ફેરવવામાં તથા અવસ્તાઓ પઢવામાં બહુ જલદી મુરાદ હાંસલ થાય છે બનતાં તલક શાંત જગા એકજ વિચાર વિગેરે મનમાં મજબુત પાયો કરીને તથા જેટલા દીવસ ચાલીસાનું ભણતર ચાલે તો તે ટાઈમમાં ગોસ–મચ્છી–દારૂ વીગેરેનો એકદમ ત્યાગ કરવો. એ બહુ ધ્યાન આપવા લાયક છે. તેટલા દીવસ સુધી દરેક બાબતે પરેજગારી જુઠું બીલકુલ પણ બોલવું નહીં. જુઠું બોલવાથી જુઠા પ્રવાહો નીકલે છે. કે જેથી વાતાવરણમાં ઇથર મારફતે પણ તેવાંજ કામ થાય છે. પણ જુઠું બોલવાથી ઉલટું બહુ નુકસાન થાય છે. જે સમજદાર માણસો આ જમાનામાં પણ ઘણી સારી રીતે અંમલ કરે છે, માટે જુઠું બોલવાનું બીલકુલ છોડી દઈને અંમલ કરશો. તે જરૂર ફત્તેહમંદી પામશો.

ખોરદેહ અવસ્થા અહીંઆંથી શરૂ થયું.

બુલંદ મરતબાવાલા અષાઉમ નબી સાહેબ જરથોસ્તના પાક રૂહની મદદથી રઇઓમદ રહેમી કીરતારના ૧૦૧ નામ કે જે દરેક નામ આ ખલકપર તેમજ બંદાઓ ઉપર તથા જુદાં જુદાં કામો ઉપર કેવી રીતે નગેહબાની રાખી દરેકે દરેક ચીજો ઉપર તથા બંદાઓ ઉપર મજબુત પાયે હક ધરાવે છે. જે પાકનામો મને કંઇપણ ફેરફાર વગર અસલ ખાસ પેહલવીમાંથી ફારસીમાં ઉતારો કર્યો છે કે જે ઇરાનના નામદાર માજી દસ્તુર તીરઅંદાજે ખોરદેહ અવસ્તા બા માયનીનું નામ આપ્યું છે, જે ફારશી કીતાબ બનાવ્યાં ને લગભગ ૪૦) ઉપર વરસ થઇ ગયાં છે, જેમાંથી ફારશી જાણનારા ઇરાની સદ્ગૃહસ્થોએ મને આ તર્ફે કીમતી મદદ આપી હતી, જે હું ખરેખરો હેશાનમંદ છઉં, પણ સાથે મને મારા ગુરૂપદ ધરાવનાર મરહુમ નામદાર દસ્તુર કુકાએ પણ ઘણી સારી ગવાહી ખાસ ખોદાના નામનોજ એલમ સાથે માથ્ર–અવસ્થા–કલામો તાવીજો વિગેરે બાબતોનું સારૂં શિક્ષણ આપ્યું હતું. જે મરહુમ દસ્તુર કુકા ઘણા પરેઝગાર મર્દ સાથે ઇલ્મ ક્ષનુમનું તેમજ માથ્ર અવસ્તા કલામો ઉપર સારી ઉંચી જાતની શકતી ધરાવતા હતા. જેવણે મને ઘણી ઉમદા નસીયતો તેમજ માથ્ર કલામો વિગેરે જે જે બતાવ્યું છે તે બધું બરાબર રીતે આ કેતાબમાં લખી દર્શાવ્યું છે. જે

આ તકે હું ફક્ત એટલીજ દુવા ગુજારૂં છું કે મારી ઉપર ગુરૂનો હોદ્દો ધરાવતા હતા. જેના પાક-રૂહને પરવરદેગાર શાંતી સાથે ગરોથમાન બેહસ્ત. આમીન ! આમીન !

રહેમી નુરેમંદ ખોરેહમંદ (હરવેસ્પ આગાહ હરવેસ્પ ખુદા) યજદાન દીલાવર સાહેબ કે જે પોતે પોતાની મેળે પેદા થયો છે તે પાક દાદરનું બુલંદ નાથ દાદાર અહુરમજદ-કરીને મસહુર છે. કે જે હજારો મજદાંઓનો મજદાં સફાઈ ભરેલો નુરેમંદ ખોરેહમંદ ગેબીઓનો ગેબી સાથે બુલંદ મરતબાવાલો છે. જેનું પવિત્રાઈ ભરયું નામ સર્વે ઈનશાનોને બહુ પ્યારૂં છે કે જે દાદારના ૧૦૧) નામ છે કે કોઈપણ ઈનશાન આ હાડમંદ દુનયામાં રાત અને દહાડો જો જુબાન ઉપર કરી હૃદયમાં ઉઠતાં બેસતાં હરેક કામ કરવે જો યાદ કરે તો તે આસામીને અનેક પ્રકારની આફતમાં યા મુશ્કેલીની વખતે જરૂર મદદગાર થઈ પડે છે. સર્વ શુભ કામોમાં જવે આવવે બંદગીની આગમજ જો પઢે તો બંદગી પણ જલદી અસર કરે છે એમાં કાંઇ શક નથી. જે કોઇ આસામી મર્દ યા બાનું યા બચ્ચું કોઇપણ પઢે તો હમેશને માટે મુશ્કેલીમાં કોઈબી દીવસ આવી પડનાર નથી.

હવે ૧૦૧ નામ જુબાન ઉપર પહેલે કરવાં, અને પછી પવિત્રાઇથી પાદીઆબ કુશ્તી કરી, ૧૦૧) દાણાની ખરા કેરબાની તશ્બી, જો કેરબાની મોંઘી પડે તો સુખડના લાકડાંની, પણ હંમેશ તશ્બી ખરી વાપરવી અને દાદાર અહુરમઝદના ૧૦૧) નામ હૃદયમાં શુન્યગત થઇને ગુરૂ સામેજ છે તેજ પ્રમાણે ધારી, ૧૦૧) નામ પુરાં થયાં કે તશ્બીનો એક દાણો આપણાં આંગ ઉપર ખેંચવો. હૃદય ઉપરજ આંખ બંધ કરીને ધ્યાન આપવું. એ પ્રમાણે ૧૦૧) દાણાની તશ્બી પુરી કરવી. એ પ્રમાણે જો ઈનશાન મજબુત પાયે ખરા જીગરથી જો રાતના એક અને પાંચની વચ્ચે ચોકકસ ટાઇમ રાખીને સામે આતશ રાખીને ખુશબો મુકે બતીનું ગ્લાસ, ફુલ સફેદ, મોગરો, સબજો, ગુલાબ મુકે, પશ્ચીમ દીશા તરફ મોઢું કરીને બેસે, અને ૪૦) દીવસ પઢવાનું નકકી કરે, અને જો બેસે તો ચાલીસ દીવસની આગમજ ધારેલું કામ-મોરાદ પુરી થાય છે. સાથે આગલ લખેલા કાયદાસરજ ચાલવું. એમાં ફરક ન પડવો જોઇએ. જો ૪૦ દીવસની આગમજ તમારી મોરાદ પુરી થાય તોપણ ચાલીસ દીવસ પુરાજ કરવા જોઇએ જો ન કરશો તો થયેલી મોરાદમાં આગળ જતાં ખલલ જેવું માલમ પડે છે. માટે આપણે તો મજબુત દીવાલ બાંધવી. તે એક ૪૦ દીવસ પુરાજ કરવાં અને જો ચાલીસ દીવસ પુરે થવે ન થાય તો બીલકુલ પાછા હટવું નહીં. તો હરેક બાબતમાં ફતેહમંદી જરૂરજ પામશો. એ બાબતમાં વધારે જો તમારે ઉતરવું હોય તો બંદગી કરવા વહેલા ઉઠવું એવી રીતે બંદગી કીધા પછી તેજ બંદગીની જગ્યાએજ સુઇ જવું કલાક બે કલાક ઊંઘ આવે તેમ કરવું. તો જરૂરજ ખોવાબ મારફતે તમુંને પોતાને સુજ પડે તેવુંજ થયા કરશે અથવા કાંઇ સવાલનો જંવાબ પણ ખરોજ મલવાની વકકી છે. એ ઘણી સરસ રીતે અજમાવી જોયલું છે બધો આધાર પરેજગારીની ઉપર છે. ખુવાબમાં દસ્તુર જેવો દેખાવ દેશે ઇરાની દસ્તુર જેવો પણ ખુવાબમાં આવે છે. અને એવાજ દસ્તુરો તરફથી મલેલા ખુવાબો ખરાજ સમજવા-અજમાવવા લાયક એજ છે. માટે ધર્મચુસ્તોને ખરેખર કીંમત ન થાય તેવુંજ જવાહીર જેવું છે પરેજગારીથી હીમ્મત રાખીને પઢવું ડરવું નહીં. કેટલીક વખતે મૌવકકલનો ઝલઝલાટ ભરેલો દેખાવ થાય છે. દરેક બાબતો સમાલીને કરવી. (મનશની, ગવશની, કોનશની) (હુમત, હુખ્ત, હુવરસ્ત) એમાંથી બહાર જશો તો નુકશાન થઇ પડશે, માટે ધ્યાન રાખજો.

પાક દાદાર અહુરમજદના ૧૦૧ નામ.

૧—યજદ-યજદાન.
૨—હરવશપ તવાન.
૩—હરવષપ આગાહ
૪—હરવષપ ખોદા.
૫—અબદે.
૬—અબી અનજમ.
૭—બુનેસતેહ.
૮—ફરાખસ તંતહ.
૯—જમગ.
૧૦—પરજતરેહ.
૧૧—તામ અંઈજ.
૧૨—અબ્રુનદ.
૧૩—પરવંદા.
૧૪—આનયાફેહ.
૧૫—અમેહ અયાફ.
૧૬—આદરો.
૧૭—ગીરા,
૧૮—આચેમ.
૧૯—ચેમના.
૨૦—સઅફના.
૨૧—અફજા.
૨૨—નાષા.
૨૩—પરવશા.
૨૪—આનેહ.
૨૫—આહજ આઇનેહ.
૨૬—આંન આઃઇનેહ.
૨૭—ખરોશીદતુમ.
૨૮—મીનોતુમ.
૨૯—વાસના.
૩૦—હરવંશપતુમ.
૩૧—હુસેપાસ.
૩૨—હમીદ.
૩૩—હરનેક ફ્રેહ.
૩૪—બીશાતરના.
૩૫—તરો બીસ.
૩૬—અનુશક.
૩૭—ફરશક.
૩૮—પજનુહ હદહે
૩૯—ખાવર.
૪૦—અફખસીઆ.
૪૧—અબરજા.
૪૨—અસતુહ.
૪૩—રખુઅ
૪૪—વરૂન.
૪૫—અફરીફેહ.
૪૬—અફરીફતોહ.
૪૭—અદુઆઇ.
૪૮—કામરદ.
૪૯—ફરમાન કામ.
૫૦—આઇખ તન.
૫૧—અફરમુશ.
૫૨—હમારના.
૫૩—પનાયશ.
૫૪—આ તરસ.
૫૫—અબીશ.
૫૬—અફરાજદમ.
૫૭—હમજુન.
૫૮—મીનો સતેહગર.
૫૯—અમીનોગર.
૬૦—મીનો નહબ.
૬૧—આદર બાદગર.
૬૨—આદર નમગર.
૬૩—બાદ આદરગર.
૬૪—બાદ નમગર.
૬૫—બાદ ગેલગર.
૬૬—બાદ ગરતુમ.
૬૭—આદર કીબરીતતુમ.
૬૮—બાદ ગરજાએ.
૬૯—આબતુમ.
૭૦—ગેલ આદરગર.
૭૧—ગેલ વાદગર.
૭૨—ગેલ નેમગર.
૭૩—ગરગર.
૭૪—ગર આગર.
૭૫—ગર આગરગર.
૭૬—અગર આગર.
૭૭—અગર આગરગર.
૭૮—અગુમાન.
૭૯—અઝમાન.
૮૦—અખુઆ.
૮૧—આમીસ્ત હુશાર.
૮૨—પશુતના.
૮૩—પદમાની.
૮૪—ચીર.
૮૫—પીરોજગર.
૮૬—અહુરમજદ
૮૭—ખુદાવંદ.
૮૮—અબરીનકેહાન તવાન.
૮૯—અબરીન નતવા.
૯૦—વસપાન.
૯૧—વસફર.
૯૨—અહુ
૯૩—અવખશીદાર.
૯૪—દાદાર.
૯૫—રાયુમંદ.
૯૬—ખોરેહમંદ.
૯૭—કેરફેગર.
૯૮—દાવર.
૯૯—બોખ્તાર.
૧૦૦—ફરશગર.
૧૦૧—હઅ.દહા.

કાંઇ ફેરફાર વગર અસલ ખાસ પેહુલવીમાંથી ફારશીમાં દસ્તુર તીર અંદાજેની અવસ્તા બા માયનીમાંથી ઉતારો કર્યો છે જે પાક દાદાર અહુરમજદના ૧૦૧ નામો આગલે પાને લખી બતાવ્યાં છે. હજરત જરથોસ્ત પેગમ્બરને દાદાર અહુરમજદના પાક ૧૦૧ નામ મલવે, ખુદાવંદે આલમને અરજ ગુજારી પુછયું ત્યારે જવાબ મલ્યો કે, જે સખસ હકતઆલાને એ નામોથી યાદ કરશે તો ખુદાવંદે આલમ તેની તમામ હાજતો પુરી કરશે, અને જે શખ્સ એ મુબારક નામોના અર્થ સમજસે અને જોઈતું લાગુ કરીને પઢસે તો મુરાદ પુરી પણ થસે, અને બહેસ્તને લગતાં કામો જેટલો સવાબ લાગસે. અને બરાબર પરેઝગારીથી જો પઢે તો જીંદગી તુલીકમાં તો મહેનતના ફલ તરીકે અંતર ડ્રણી જ્ઞાન ખુલ્લું થશે સાથે આ મુલ્કોનો શેર કરવાને શકતીવાન થસે. જેમાંના કેટલાંક નામોની એબાદતથી આગળના જમાનાના દસ્તુરો ઘણી ઉમદા શકતી ધરાવી પુર્વજોને પુરવાર કરી ગયા છે કે તેવા મહાન દસ્તુરોની શું એબાદત સાથે બંદગીના શું ઈશ્ક હતા, કે આ ચાલુ જમાનામાં એટલો મજબુત કાબુ ધરાવતા કોઇ પણ માલુમ પડતા નથી. તેના મુખ્ય કારણ તો ફકત એજકે બચપણથી બીજી ભાષા શીખવવી, એમાંજ બહુ ઇઝત છે. સાથે ઘણા ઇંગ્લીશ જ્ઞાન ધરાવનાર તો સારી સારી નોવેલો વાંચી, પવિત્ર મઝ્હબને તેમજ પેગમ્બરોને, મહાત્માઓને હવામાં અધ્ધર ઉડાડી નાખે છે. સાથે એમ પણ કહે છે કે, એક વખત ભણ્યો તેબી હજારો વખત ભણ્યા જેટલોજ સવાબ છે; પણ એમ બોલનારાઓને સમજવાનું માત્ર એટલુંજ કે તસ્બી બનાવવાની પેગમ્બરોને શી જરૂરીઆત હતી? પહેલું ચોકકસ રકમો આંકડા યાદદાસ્ત રહેવાને માટે. બીજું કેટલાક માથ્ર-અવસ્તાઓ હજારો હજાર વખત, તથા લાખ, સવાલાખ એ પ્રમાણે આરાધવા પડે છે એ બાબત વાંચો આજ ચોપડીના પ્રકરણ ત્રીજામાં મહાન દસ્તુર હજરત આઝર કૈયવાન જણાવે છેઃ-ફરોગ ફસલ ૩ જી ની શરેહમાં છે કે. દીલની આરસી, એ બાબત ટુંકમાં ફકત એટલુંજ કે, એ દીલની આરસીપર એવો મજબુત કાટ બેસી જાય છે કે જે કાઢતાં કાઢતાં કંઇક ચાલીસાં માથ્ર કલામો વિગેરે ચોકકસ આંકડાઓ તુલીક તસ્બી મારફતે શાંત મગજે આરાધના કરે છે ત્યારેજ એ કીટનો મેલ દીલની આરસીપરથી નીકલે છે. જેવી રીતે કે મેલું કપડું ઘણા મજબુત મેલ સાથે ઘણું ખરાબ માલમ પડે છે તેને, ધોબીને સફેદ ફુલ જેવું કરવાને શું મહેનત પડે છે, તોજ પસંદ પડે છે. તેવીજ રીતે સંખ્યાબંધ તસ્બીઓ ચોકકસ કલામો, અવસ્તાઓ પઢે તોજ દીલની આરસી ઝલકાટ મારતી થાય છે, ત્યારેજ તમુંને ખુદરતી ઝલકાટ અને માથ્ર અવસ્તાના ગુણ તરતજ ફળદાયક થાય છે. એજ પ્રમાણે જે ઈનશાનની દીલની આરસી ઝલકાટવાલી હોયતોજ દરેક કલામો તરતજ અદભુત ગુણ બતાવી દે છે. તેજ પ્રમાણે જે દીલની આરસી જે તસ્બી ફેરવતાં ફેરવતાં ઝલકાટવાલી થયેલી છે તે તસ્બીમાં અદભુત ચમત્કાર જેવું સમાઇ જાય છે જુઓ તસ્બી શું કામ કરે છે, જે વખતે નબી સાહેબ જરથુસ્તનો આ દુનીયામાંથી ઉઠવાનો વખત આવ્યો, તે એક કાલા પાહાડ જેવો જોરાવર દૈત્ય બાર બર્યનની સમશેરના સપાટામાં આવી ગયા હતા પણ જે વખતે જરથોસ્ત પેગમ્બરને ઝખમ થયો કે તરતજ તે મહાન પેગમ્બર સાહેબ જરથુસ્ત્રે સમશેર ચલાવનાર ઉપર પોતાની તસ્બી ગલામાંથી કાઢી ફેંકી કે તે બારબર્યન બેજાન થઇને પડયો હતો. તે વખતે દારાયસ બાદશાહ-કેઝલાકો અનેજ ગોસ્તાપસ પાદશાહ કહેછે તે પાદશાહ એના સસરાના મહેલપર દુશ્મંનો સામે શાંતી ફેલાવા માટે લશ્કર લઇને ગયો હતો તેની ગેરહાજરીમાં બાદશાહ ડારાયસના મહેલમાં દસ્તુરો ૭૦ તથા પેગમ્બર અશો જરથોસ્ત તથા ડારાયસનાં રાણી નામે નીહુસ્તા તથા એક બીજી દાસી વીગેરે મહેલમાં એટલાંજ હતાં, તે બધાંને ૧૨૦૦) બારબર્યનની ટોલી ભુખ્યા વાઘની માફક ધસી આવી અને બધાંને કતલ કરી નાખ્યાં હતાં. એ બાબત વિસે મોહવાલે અશો જરથોસ્ત દાસ્તાન દરે

શારાયસ નામની ચોપડી વાંચવાથી ખાત્રી થસે કે જે જરથોસ્ત પેગમ્બરનો જરથોસ્તી મહજબ પણ પહેલ વહેલો એજ બાદશાહે કબુલ્યો હતો.

પાક દાદાર અહુરમજદના ૧૦૧ નામો તેના અર્થ અને ખાસીયત ખુલાસા સહીત નીચે મુજબ.

૧ (યજદ-યજદાન)--ખુદા આ ખાસ ખુદાની જાતનુંજ નામ છે અને તમામ નામોમાં બુઝુરગ છે. જે સેતાયસ કરવાને, ઇજસની કરવાને તેમજ દરેક ન્યાસ, યસ્તો, અવસ્તાઓ વિગેરે હર જગોએ એજ નામને ઘણીએ વખત આરાધવામાં આવ્યું છે, જે આપણને પણ ન્યાસ યસ્તોમાં હર જગોએ મ ણમ પડયા કરે છે, અને એજ નામના મહાન દસ્તુર હઝરત આઝર કૈયવાનના શબ્દ પણ એજ શબ્દનાજ હતા તે એ કે, (નીસ્ત હસ્તી બજ્જુજ યજદાન).

એજ શબ્દોની બામદાદની વખતે અથવા બામદાદની આગમજ પરેઝગાર થઇને દરરોજ ત્રણ તસબી ફેરવે એમ ચાલીસ દીવસ કરે તો મુરાદ પુરી થાય છે. ઇલ્મે હાનુમ મેળવવાને એકકો છે. સવા લાખ પઢવો. સવા કરોડ પઢવો.

૨ હરવષપ તવાન-સર્વ શકિતવાન--એ એક એવું અદભુત નામછે, એના જેવા શકતીવાન કોઇજ નથી. અશકતાઇથી કઉવત મેળવવા માટે તેમજ દુશ્મન દફે થવા માટે આ નામનું પઠતર કરવું બહુ ફાયદાકારક છે. બહુજ શકતીવાન તાકાત વધારનાર નામ છે.

૩ હરવષપ આગાહ-સર્વ ભેદનો જાણનાર---અંદરખાનેના, બહારના, ગેબી ભેદો જાણનાર એમ માલમ પડે છે. એની સાથે ફરેસ્તા-મવકલ છે જે પરેજગારીથી વિરદ કરે ચાલીસ દીવસ એકાંતમાં બેસીને તો માલમ પડે છે. એવું મરહુમ દસ્તુર કુકાનું કહેવું છે. જે એ કામ કરવાને માટે મોટી હીમત, ખંત અને પરેઝગારીની મુખ્યત્વ કરીને જરૂર છે. સવાલાખ પરેજગારીએથી પઢે મવકલ દેખાવ આપે છે.

૪ હરવષપ ખુદા-સર્વે ચીજનો ખોદા—એટલે એવો કે બાદશાહો, ગરીબો કુલ્લે ઈનશાન માત્ર મોહતાજ હોય, એ નામને અંગ વિગેરે કાંઇપણ નથી, એનો અર્થ ખુઝરોગ પણ થાય છે. એ નામ પડવાવાલો ભુખ્યો રહેતો નથી. ત્રીજું અને ચોથું નામ સાથે બોલવામાં બહુ મોટો સવાબ છે. જેમકે (હરવેષપ આગાહ, હરવેષપ ખુદા) એ પ્રમાણે મુરાદને માટે રોજ ત્રણ તસબી પઢવામાં ઘણું ફાકકુપ સમાન છે, તથા (હરવેષ્પ આગાહ અહુરની) એમ સવા લાખ પઢે તો ધારેલી આગાહીનો જવાબ મલે છે.

૫ અબદે-શરૂવાત વગરનો—એટલે તમામથી પહેલો. દરેક કામ શરૂ કરતી વખતે આ નામ પઢવાથી બરકત થાય છે.

૬ અબી અનજામ-છેડા વગરનો—એનો છેડોજ નહીં; એટલે તમામ ચીજોની પાછલ અને હમેશાં બાકી રહેવા વાલો. કાંઈપણ કામ પુરૂં કરવા અને હમેશાં રહેવા માટે આ ઇસમ પઢવાથી મહા મોટો ફાયદો થાય છે.

૭ બુનેશતહ-સર્વે ચીજનું મુળ—બુનેશ-બુનીયાદ પરથી એટલે સાંભળવાવાલો મુળ તરીકે અને મ.શ્ર, અવસ્તા, કલામો, યસ્તો વિગેરે કબુલ કરવાવાલો. જે કોઇ ઈનશાન આ નામ ઘણું પઢસે તો તેના બધાં કામો કબુલ થસે. બધાંનું મુળ છે. એ નામની પરેજગારીથી તસબી ફેરવે સાત અને બંદ પેહલવી બાપામાં એ નામ કેસર અને કસ્તુરીએથી ચીનાઈ વાસણમાં લખી ફુલ મેગરાના તેલથી ધોઈ જેના કાનમાં દરદ કોઇપણ જાતનું હોય તો તે તેલના ટીપાં નાખવે શફા પામે છે. એમ મરહુમ દસ્તુર કુકાએ મને ખાત્રી કરી બતાવી હતી. કે સર્વે ચીજનું મુળ પ એટલે દરેક કામો એ નામને યાદ કરવાથી એના મુળ જેવાંજ થાય છે.

૮ ફરાખસ નંતહ-સર્વે ચીજોનું મુળ બી તેજ અને અનજામ બી તેજ—એટલે એવી ચીજનો જોવા વાલો જે લોકોની નજરોથી છુપી હોય. જે શખ્સ તીર રોજને દીવસે બહુજ પઢે તો ખોદાયત આલા તેની ઉપર નવાજેશ કાંઇબી મહેરબાનીથી ખાસ કરે છે. રતાંધળા અને આંખની તમામ બીમારીવાલા એ ઈસ્મને બહુજ પઢયા કરે તો જરૂર ગેબી ફાયદો મળે એવું મરહુમ દસ્તુર કુકાનું કહેવું છે.

૯ જમગ-મોટાઓમાં મોટો—એટલે તમામ ચીજ ઉપર સત્તાવાન. આ નામને પાદીઆબ કુસ્તી કરીને શાંત મગજે શાંત જગ્યાએ બહુજ પઢે તો દુશ્મનો ઉપર સતાવાન થાય; એટલે ફતેહ થાય, અને દીલ મજબુત થવા માટે એ નામની તસબી ફેરવવી તો બહુ સતાવાન થાય છે. એ નામજ એવું ખુબીવતું કામ કરવાને સતાવાન છે.

૧૦ પરજ તરેહ-દરેક ચીજથી ઉત્તમમાં ઉત્તમ બરતર—એટલે જુલમીઓ ઉપર ઉત્તમ ભરેલી નસીહત કરવા વાલો તેમજ તમામ ચીજ ઉપર સત્તા ધરાવનારો જે કોઈ આ નામને બહુજ પઢયા કરે તો પાક દાદાર અહુરમજદ દીલથી દુનીયાની મહોબ્બતને દુર કરે અને દુશ્મન દફે થવા માટે પાછલી રાતે માહ બોખતાર ન દેખાય તે પાછલી રાતે જો એ નામ પઢે તો દુશ્મનો, હરીફો વિગેરેને ખુદાતઆલા ઉત્તમ જાતની નસીહત કરે છે એ ખુબીવંતા નામની ખુબી એજ તરેહની છે.

૧૧ તામ અપીજ—સૌથી ચોખ્ખું સૌથી પવિત્રમાં પવિત્ર—બંદાઓને બંદગી આગમજ બુલંદ મરતબાથી એનીજ પવિત્ર ખુબીથી પાક પાકીઝા બક્ષનાર છે અને ઉંચી કીસમની પાકીઝાથી ખુશરોગી બક્ષે છે; માટે એ નામ પઢવાથી આ ફાયદા હાંસલ થાય છે.

૧૨ અખનહ-કોઇપણ ચીજ એની હદમાં આવી શકે નહીં—એટલે એવો ગેબી છે કે એ નામ પઢવાથી કોઇપણ ઇનશાન કે ગએબી પઢનારની હદમાં આવી શકે નહીં. એજ ખુબી એ નામ ધરાવે છે. જેવી રીતે નારદાદ ઈજદનો ચોકો દસ્તુરો બાંધે છે, તેજ પ્રમાણે એ નામ પઢી ચોકો બાંધે તો તેટલી હદમાં કોઇ દાખલ થઈ શકે નહીં. પરેજગારીથી પઢવું.

૧૩ પરવંદા-મારૂં જીવતર તેનાથી છે—એ નામને પાકીઝાથી પઢે તો પઢનારના જીવતરને એટલે જીંદગી ઉપર આ દરમ્યાનમાં રહેમત ભરેલી નજરથી ઉત્તમ જાતનું જીવતર બક્ષે છે. કેટલાક માણસો એમ બોલે છે કે બળ્યું મારૂં જીવતર. તે આજ ખુબીવંતું નામ જીવતરને રાહત બક્ષનાર છે.

૧૪ આન યાફેહ-હરેક જણ તેને મલી શકશે નહીં એટલે મેલવી શકે નહીં—એ એક એવું ચમતકારીક નામ છે. ખલકતને પેદા કરી પોતાના દરેક કામને દરૂસ્ત રીતે કર્યું કે કોઇપણ તેને

ભેદ મેલવી શકે નહીં. માટે એ નામ પઢવાથી પઢનારનું કામ દરૂસ્ત થાય છે તે એવી રીતે કે કેઇ પણ ભેદ મેલવી શકે નહીં.

૧૫ અમેહ અયાક્-પણ તે દરેક ભેદને, છુપી ચીજોને પહોંચી શકે છે, મેલવી શકે છે. એ નામ પઢનારને આખરની વખતે દરેક છુપી ચીજોને પહોંચી રૂહને રાહત બક્ષે છે. તેમજ ફરજંદ થવા માટે છુપા ભેદને પહોંચી પઢનારની આશા સંપુર્ણ રીતે બક્ષે છે. તેમજ ગેબી છુપાં કામોને પહોંચી આવતાં સંકટોનું નીવારણ બક્ષનાર છે. એ નામજ ફકત એજ કામ ઉપર સત્તાવાન છે. જે પઢનારને એવાજ ફાયદા થાય છે.

૧૬ આદરો-તેનાથી વાંકો રસ્તો ઉત્પન થતો નથી—એટલે જે ઇનસાનને હરકત આવી પોતાના કામમાં વાંકા રસ્તાઓ સામા માણસથી થઇ નુકશાન ભોગવાવે છે; પણ એ પોતે નામજ વાંકાં કામ ઉત્પન થતાં હોય તો એ નામ પઢવાથી પહેલે ઉત્પન્ન થતા ખરાબ રસ્તાઓ દરેક દરેક જાતના તેને સમુળગા બેસાડી દઇને સીધા રસ્તા ઉપર બક્ષી આપે છે. એવી એ ઉત્તમ નામમાંજ ખુબી છે, અને એ નામ પઢવાથી ખુદાની મહેરબાની થાય છે, અને કુદરતી રીતના આવતાં હાનીકારક કામોનો નાશ થાય છે.

૧૭ ગીરા-દરેક ચીજને સંભાળી શકે છે--એટલે પોતાની નજરથી અને દલીલોથી જાહેરીઅતમાં સર્વે ઉપર સમાલનાર છે. ખોવાઇ ગયેલી ચીજ અને છુપી બાબત હોયતો પઢનારના દીલથી આગાહી થઈ છુપા ભેદ મેલવી આપી સંભાલી લે છે. માટે પઢવા લાયકજ નામ છે. સાથે ફાયદાકારક છે; તેમજ પોતાની દરેક ચીજને સંભાલવાને માટે આ ઈસમ પઢવું ફળદાયક છે.

૧૮ આયોગ-તેનું જન્મ પામવાનું મુળ હતુંજ નહીં—એટલે તે ખાસ છુપેલો ખુદ પોતાની જાતમાં છુપો કે કોઈ જાણી કે જોઇ શકતું નથી ભેદની વાત સમજવા, અને પોતાના ભેદને છુપો રાખવા બહુજ પઢવા કરવામાં ફાયદેમંદ છે. એટલે કોઇને મુળજ માલમ ન પડે. એજ ખુબીવંતું નામ એવીજ ખુબીઓ ઉપરજ રાજ ભોગવે છે.

૧૯ ચેમના-દરેક કારણોનું કારણ દરેક ચીજોનું મુળોનું મુળ છે-એટલે દરેક મુળોના મુળ ખાસ તરીકે ખાસ ખોદાજ છે, અને તે હંમેસા જીવતુંજ મુળ છે અને રહેશેજ. તથા મજબુત મુળોનું મુળ એજ નામ છે. ત્યારે આ નામની જો યાદ કરે=તરગી ફેરવે પરેજગારીથી તો આયુષ્યને વધારે. દુખતી આંખ ઉપર પઢે તો સફા પામે તેમજ રોજીમાં વધારો થવા માટે પઢે તો ઘણું ફેઝ પહોંચે છે.

૨૦ સઅફના-વૃધ્ધી કરતા બેઉ દુનીયાનો એટલે દાનાવ સર્વેને પીછાણીને વૃધ્ધીનો કરતા—દરેક કામોને વધારનાર રોજી રજક, આબરૂ, ઇઝત, ફરઝંદો વિગેરેનો વૃધ્ધી કરતા તરીકે એ નામ પઢનારને દરેક કામમાં વધારો થાય છે, અને સારાં કામોનો વધારો થવા માટે આ ઇસમ પઢવું બહુ ફળદરૂપ છે.

૨૧ અફ્ઝા-વધારો કરનાર તરીકેની ખુબી ધરાવે છે. એ બેઉ નામ સાથે પઢવામાં દરેક બાબતનો વધારો થાય છે. (સઅફના અફ્ઝા) એ પ્રમાણેની તસ્બી ફેરવો તો રોજી, રજક, આબરૂ,

ઇજ્જત, ફરજંદની હાજત વિગેરે મુરાદો બક્ષનાર દરેક ચીજોને વધારનાર તરીકે પઢવું હાંસલ ભરેલું છે.

૨૨ નાથા=સીધું કરનાર-સરખું કરનાર-એટલે એવો સીધો કે પાદશાહોને, તવંગરને, ગરીબોને, ભીખારીઓને, એકસરખા ગણનાર-એટલે એવો દયાલુ અને રહેમ કરવાવાલો અને એવો સહનશીલતાવાળો કે કોઇનું સાંભળીને કે કોઈના ગુનાહથી કે કોઇના ગુસ્સાથી તેની સ્થીતીમાં જરાએ ફેરફાર કે ફરક થતો નથી, માટે જો તમો સમજતા હોય કે મારામાં ખોડો જે બુરી હસ્તી ભોગવે છે, તેનો નાશ કરવો હોય અને સીદ્ધી રીતે જીંદગી ભોગવવી હોય તો (નાથા) એ ખુબીવંત નામની તસ્બી ફેરવે તો જરૂર બદલક્ષણો નીકલી જઈ સીધોજ થઇ જાય છે.

૨૩ પરવરા=દરેક ચીજની પરવરશી કરનાર, બરદાસ કરનાર, ઉછેરનાર,-એટલે બંદાઓનો રક્ષક-એવી રીતનો રક્ષક કે જો કોઇ પરેજગારીથી ચાલીસ દીવસ પઢે, મજબુત મને શાંત મગજે, શાંત જગ્યાએ તો એજ રક્ષક ફરેસ્તો ઉભો થાય છે-દેખાવ દેય છે, કે દુનીયાની દરેક બાબતે રક્ષણ કર્તા થઇને ઉભો રહે છે કે જેવાં કે પ્રથવી ઉપર ફરે તો કોઇથી ડરે નહીં, તેમજ જો હંમેશાજ ઉપર પ્રમાણે કરીનેબી જો વધારે (અથાઉમ પરવરા)ની તસ્બી હરરોજ ફેરવે તો પાણીમાં ડુબી જવાથી સલામત રહે છે બીકણ માણસોને આ નામ પઢવું બહુજ ફાયદેમંદ છે. અને એ નામનો પઢનાર હંમેશાં દુશ્મનોથી, બલાઓથી, શેતાનથી રક્ષણમાં રહે છે. એટલે સુધી કે વાઘની સામે નીકલે તોપણ ડરે નહીં એ નામજ ખાસ રક્ષણ કર્તા છે, અને એ ખરેખરી ખુબીવંતુ નામ ખરેખરી ખુબી પઢનારને દર્શાવે છે, માટે દરેક બાબતે રક્ષણ કર્તાનો હક ધરાવે છે, માટે હંમેશ પઢવું રક્ષક જેવુંજ કામ પેદા થાય છે.

૨૪ યાનેહ-કુદ્લે ખલકતની પારાણાની કરનાર. આ નામ પઢનારને પોતાનો માલ બીજાના કબજામાંથી પાછો મળી શકે છે. પોતાની આંખથી લાંબેની પોતાની મીલકતોના પારાબાંન તરીકે પઢનારને હાંસલ થાય છે.

૨૫ આઈન આઇનેહ-પોતાની જાતથી કદીપણ ફરનાર નહીં-મજબુત એકીન ધરાવનાર એટલે દરેક કામ માટે તે બસ છે. જે કોઇ શખસ હમેશાં પઢે તો તેને બીજાઓ પણ તેવાજ મલે, અને વગર મહેનતે તેનો મતલબ પુરો કરે, જે ચીજથી ડરતો હોય તેથી નજાત પામે, અને પઢનાર પોતે પણ મજબુત પાયે કાબુ ધરાવી શકતીવાન થાય છે અને પોતાના કામથી પણ પાછો ફરે નહીં અને મજબુત એકીન સાથે આગલ વધતોજ જાય છે. જે ખુબીવંતું નામ પઢવામાં મજબુત પાયેના એકીન હાંસલ થાય છે જે માથ્ર, અવસ્તા, કલામોમાં બેશક પાર ઉતરી જવાને શકતીવાન થાય છે એવી એ નામમાંજ ખુબી છે.

૨૬ આન આઇનેહ-કોઇપણ તેના જેવી શીકલ ચેહરો પેદા કરી શકે નહીં--ખુબસુરત શીકલ બનાવવાને માટે તેમજ સારા ચેહરાના ફરજંદ બનાવનાર, બદશીકલના માણસો જો ખુબસુરત થવા માગતાં હોય તો આ નામની તસ્બી ફેરવવાથી અદભુત રીતે ચેહેરામાં ફેરફાર થઇ સારી શીકલ બક્ષી આપનાર એ આ નામનું ફકત એજ કામ ખુબીવંતું છે.

૨૭ ખરોશીદતુમ-કોઈ ચીજનો ગરજાઉ નથી—દરેક બાબતો પોતાની જાતે ઉભી કરનાર, કોઇનો પણ મોવતાજ નહીં; એટલે જાણવા વાલો અથવા મહેરબાન લોકોના દીલ જેવાકે શેઠો,

વેપારીઓને પોતા તરફ ખેંચાણ કરવા માટે એટલે મહેરબાની મેલવવાને માટે એ નામ પઢવુ બહુ *ફાયદા ભરેલું છે.

૨૮ મીનોતુંમ-ગેબીમાં ગેબી કે કોઇ તેને પામી શકે નહીં—એટલે ખરો હકદાર માલીક અને અને ખલકતને પાળવાવાલો. એ એક મજબુત ફરેસ્તો છે. ઇલ્મે ક્ષનુમનું જ્ઞાન ધરાવનાર અવલાદ સલામત રહેવા માટે તેમજ મતલબો માટે આ નામનું પઢતર કરવાથી ઉત્તમ જાતનાં સુખ મળે છે. પઢીને તેજ જગ્યાએ પશ્ચીમ દીશાએ માથું કરીને સુઇ જવાથી ફરેસ્તા જેવા દેખાવ ખુવાબ મારફતે થાય છે. મતલબો પુરી થાય છે.

---

* તે એવી રીતે કે પરેઝગારીથી પાદીઆબ કુસ્તી કરી (અષાઉમ ખરોશીદતુમ) કરીને સાત તસ્બી ફેરવે તે બી વરી પહેલે આપણા ગુરૂપદ ધરાવનાર (અષાઉમ નબી ઝરથોસ્ત સાહેબ) ની પહેલે પાંચ તસ્બી, પછી (અષાઉમ અહુરમઝદની) સાત તસ્બી, પછી ઉપર લખેલાની સાત તસ્બી, આંખ બંધ કરી હૃદયપર મજબુત પાયે ધ્યાન આપી શાંત ફુરસદનો વખત જોવો, મહેરબાની જે માણુસની મેલવવી હોય તેનો ફુરસદનો વખત જોઇને બેસવું, અને તેજ માણુસની સબી બંધ આંખે મજબુત પાયે હૃદયપર ધ્યાન આપી તેની સબી બંધ આંખમાં લાવવી, અને પછી આપણું ભણુતર તસ્બી ચાલુજ રહે અને તેજ માણુસની સબી જે બંધ આંખમાં થોભાવવી. અને પછી જે મતલબ હોય તે કેવી; એટલે વાતાવરણમાં ઇથર મારફતે તમારી મતલબની ધ્રુજરીઓ તમારાં પોતાના મગજ પાવરે બંધાય છે, અને પછી તમારા હુકમ પ્રમાણે, તમારી મતલબ પ્રમાણે કામ થાય છે; પણ સાથે તમારી તસ્બી ચાલે છે. જે નામની તે ખુદ નામની ખુબી એવી મોટી ઉંચી કીસમના સુંનેરી ખોરેહના પ્રવાહ મારફતે વાતવરણમાં ઇથરની શકતીથી બહુ મજબુત પાયાની ધ્રુજરીઓ તમારી મતલબના પ્રમાણમાં પેદા થાય છે, અને તે સબીને તે માણુસને હૃદયમાં બંધ આંખે થોભાવવો, પછી તમારી મતલબ હાજર કરવી; એટલે તમારો પોતાનો પાવર અને કલામોની તસ્બીનો પાવર એ બેઉ પાવરો એકઠા થઇને જેમ ટેલીગ્રામ આવે તેની આગમજ સોય પેલી હાલવા માંડે છે, તેજ પ્રમાણે તે માણુસને પ્રવાહો, જે તમારી મતલબના છે તેનો ભણકારો જ્ઞાનતંતુમા સામા માણુસને થાય છે. એમ ભણકારો ન થાય તો તેના મગજમાં એવા વિચાર ઘણા મજબુત પાયે ઉત્પન થાય છે. એમ અગીયાર દીવસ જો કરે તો કામ પાર ઉતરી જાય છે, એમાં શક નથી. મારું પોતાનું નહી ઘણું ને થોડું પણ અજમાવેલું છે. એજ પ્રમાણે ફરેસ્તાની મદદ, ખોદાની મદદ માગવી હોય તો હૃદયમાં સામે આપણાં અશો જરથોસ્તને બંધ આંખે તસ્બી ચાલુ રાખવો, ઉપર લખ્યા પ્રમાણેજ કરવું. પહેલાં બંધ આંખે સામા માણુસને ખેંચી લાવવો. એ જેને આદત પડે છે ત્યારે જલદી અગીઆર દીવસમાંજ થઇ જાય છે. એ બાબત વિસે ખોરેહની બાબતમાં સુબધ રીતે લખી જતાવ્યું છે એજ પ્રમાણે ન્યારેસો, યસ્તો, સેતાયસો, કલામો વિગેરે પઢવા. હૃદયમાં જરથોસ્ત પેગમ્બરને ઉભો કરવો અને તેવણ આપણા ગુરૂપદ ધરાવનાર છે, જેને મતલબ હાજર કરવી, એ કામમાં સુન્યગત થઇ જવું. એમ આસ્તે આસ્તે ટ્રાઇ કરશો તો થસે. એજ પ્રમાણે માનસીક સંદેશાની માફકજ તે વખતે બહુ ખુશનુમા આપણુને લાગે છે; માટે કરવા લાયક ચીજ છે. એજ પ્રમાણે વધારે ઉંડા જવાથી પ્રવાહો મારફતે રાત્રે એક ને પાંચની વખતની અંદર શાંત મગજે સુન્યગત થવાથી કાનની ઉપર સીધા અવાજો પ્રવાહો મારફતે આવે છે. એમાંજ ઉંડાં જવાથી મીનોઇજ્ઞાનની પ્રાપ્તી થવાને કાંઈ શક જેવું છેજ નહીં, અને એજ પ્રમાણે પેગમ્બરો, મહાત્માઓ કેવી રીતે કાબુ ધરાવી શકતા હતા એમાં જરાપણ સંદેહ નથી.

૨૯ વાસના-જમીન અને આસમાન ઉપર મશહુર છે, સર્વ વ્યાપક છે-એટલે તમામ બંદાઓને બક્ષીસ કરવવાળો છે. જેમકે દુનીયાના પરેજગારો, અશામને, બદકેરદારને વિગેરે દરેક ઇનસાનને રોજી વિગેરે આપવાવાલો છે. બીજો અર્થ રહેમ કરવા વાલો પણ થાય છે. ભુલી જવાને તથા દીલની સખ્તીને દુર કરે છે એ પઢનારને ઉપલા ફાયદા થાય છે. એજ કામની ઉપર એ નામ હસ્તી ધરાવેછે.

૩૦ હરવસપતુમ-બેઅમ એક દુનીયાનું મુળ અને દરેકે દરેકની હસ્તી એજ નામથી છે-એટલે ખાસ કરીને પરેજગારો ઉપર રહેમ કરવાવાલો છે એ નામને પઢવાથી પરેજગારો ઉપર બેશક મહેરબાની થાય છે. કોઇ શખ્શને કાંઈ ભારે મુશ્કેલ આવી પડે કે તેથી લાચાર થઈ જાય તો સુર્ય અસ્ત થયા પછી કોઇને મનમાં કહેતો હોય મરજી માફક તે પ્રમાણે આંગ સાફ કરી પાદીઆબ દુરતી કરી પરેજગારીથી આજીજીથી નીચે પ્રમાણે પઢે તો જરૂર મુશ્કેલ મટી કાંઇબી બક્ષેસ કોઇબી ઠેકાણેથી કાંઇબી મળશે. (બનામે યજદે બક્ષાયંનદેહે બક્ષાયશગરે મેહેરબાન યા ગજદાં-યજદાંન-અષાઉમ વાસના યા દસ્તગીર અષાઉમ હરવસપતુમ-યા નગેહબાન પરવરા પરવંદા યજમઇદે) એ પ્રમાણે પરેજગારીથી ઉભા રહી હાથ ઉંચા કરી જોડીને અહુરમજદ રોજથી શરૂ કરે આંખ બંધ કરી હૃદયપર ધ્યાંન આપે જાણે એ બધા મારી સામેજ છે. એ પ્રમાણે ગુરૂનું આકર્ષણ પણ પહેલે કરે એ પ્રમાણે ૧૦૧ વખત એટલે એક તસ્બી ફેરવે તો દાદાર અહુરમજદના દીલાવર દીલથી ચંદ રોજમાં મુશ્કેલી મટી આશાનીયત થવાને શકતીવાન બેશક જરૂર છે. મતલબ પુરો થશે. એ બાબત મારા ધર્મચુસ્ત જરથોસ્તીને કહી હતી કે આજમાવીને પોતાની મતલબ ચાલીસ દીવસની અંદરજ આશાનીયત મેળવી છે. જેવણ ઘણા ઉંચાં મરતબાથી ખોદાનો ઇશ્ક રાખનાર પરેજગાર મર્દ છે, જેની તારીફ હું લખી શકતો નથી. એવા ખુબાઓ થયેલા છે. પ્રવેસરૂથરેમ ગેહમાં જાણીને તેજ જગ્યાએ સુઈ જવું ઉપર લખ્યું છે તેમ.

૩૧ હુસેપસ-દરેક બંદાઓ તેની સેતાયસ કરવાને બંધાયલા છે—એટલે બંદગી કરવાનું મન ન થતું હોય તો જરૂર બંદગી કરવાને મનને બાંધે છે. (અષાઉમ હુસેપાસ) એમ તસ્બી ફેરવવી. એ વધારે પઢનારને ખોદાનો ઇશ્ક=આતશ લાગુ પડે છે. જે કદી પણ બંદગી સેતાયશ કરવાને પાછો હઠતોજ નથી એવું મન કરે છે અને દરેક મતલબની બંદગીઓ પણ પારજ ઉતારે છે. એવી ખુબી એ ખુબીવંતું નામ ધરાવે છે. ઉંચી કીસમના પ્રવાહો એજ નામ ધરાવે છે. જે પઢનારનેજ જથ્થાગાં ફેકયાં કરે છે-આપ્યા કરે છે-જેથી બંદગી કરવાનું મન વધારે ને વધારે થયાજ કરે છે.

૩૨ હમીદ-દરેક જણ સાથે નેકી કરે છે, અને નેકીનીજ સત્તા ધરાવે છે. રોજીનો જામીન એવી નેકી રોજી આપવાવાલો જે શખ્સ એ નામ પઢે પરેજગારીથી તો હકતઆલા તે પઢનારને બરકત ઘણી આપે છે.

૩૩ હરને કફરેહ-ખોદાવંદોના ખુદા--એટલે એવો નગેહબાન છે કે તેની ખબરની બહાર કોઇ નથી આ નામ પઢે તો આબરૂ ઇજ્જતથી દીવસો કાઢે છે સાથે પઢનારની સાથે વસવાંઓને પણ તેવીજ અસર થાય છે. તેમજ દીલની ગફલત દુર થવા માટે આ નામ મદદગાર છે. એજ ખુબીવંતા નામની સત્તાજ એવીજ કે ખોદાવંદોના ખુદા એના અર્થ ઘણી તરેહના થાય છે.

૩૪ બીશતરના-દુખ-દરદ દફે કરનાર—એટલે એવી જાતનો રહેમી પાવર કે કેટલાનું જાતનુ દુખ-દરદ ગમ-રંજનો નાશ કરનાર મોટો મહેરબાન-કે આ નામ પઢવાથી દીલની સખતીઓ

વિગેરે કાંઇબી દુખ અને દર્દ એ તસ્બી ફેરવવાથી મટી જાય છે (બનૉમે યજદે બક્ષાયદેહે બક્ષાય શગરે મેહેરબાન અષાઉમ નાષા દસ્તગીરદાના બીશતરના અષાઉમ બાદગરજાએ યજમઈદ) એની તસ્બી જો ખરા એકીનથી લખાણુ પ્રમાણે દરેક બાબતો ધ્યાનમાં રાખીને પઢે—અને જુલમગાર—જુસ્સાવાલો ધણી અગર શેઠ જો તમારી ઉપર નાહકનો હુમલો કરતો હોય કંઈબી બાબતનો તો જરૂર એ પઢનારનું મોહડું જોઇને બે ઇજ્જત થઈ જાય છે ફક્ત ખોદાનાજ નામ અને તેનાજ વખાણુ છે, એજ સત્તાવાન નામ સુનેરી ખોરેહ મારફતે એવાંજ નેક કામ ઉપર કાણુ મજબુત પાયે ધરાવે છે. ઓછામાં ઓછી સાત તસ્બી રાતના બે વાગેના વખતેથી ફેરવે તો બીજે દીવસે જ્યાં જવું હોય ત્યાં જજો પછીજ માગ્રની અને જરથોશ્ત પેગમ્બરની કદર બુજશો. આગળ લખેલી દરેક રીતભાતો તથા પરેઝગારથી પશ્ચિમ દીશાએ પઢવા બેસવું આતશ સાંમે રાખીને.

૩૫ તરોબીશ—બદકારોને—જુલમગારોને પોતાના કેરથી આઝેજ કરનાર છે. એટલે ધણો જુસ્સાવાલો જોમથી જોવાવાલો એ નામજ એજ ખુબીની સત્તા ધરાવે છે. કે બદમાસોને જુલમગારોને નસીયત મલે છે એવો કે ગમે એવો ગુસ્સાદાર ઇનશાન હોય, પણ એ નામની સત્તાથી કાંઇ બીશાત જેવું નહીં પણ સામો માણુસ ઠંડો થઈ જાય છે એ (યા બીશતરના અષાઉમ તરોબીશ યજમઇદે) સાત તસ્બી ફેરવીને જવું ફક્ત ખોદાનાજ નામ અને ખાસ ખોદાનેજ નમન.

૩૬ અનુશક રવાંનોને અમર રાખનાર એટલે તમામ જાતની એબથી પણ સલામત—એજ પ્રમાણે બીમારને તંનદરોસ્તી આપી સલામતી આપવાવાળો કોઇ બીમારના માથા ઉપર પઢે તો તે સફા પામે બીમારને હ્રદયમાં રાખીને પઢવું. પોતાની તંનદરોસ્તીને માટે પણ ફળરુપ સમાન છે.

૩૭ ફરશક—શરૂઆતને પાર ઉતરનાર એટલે દરેક માણુસ પોતાનાં કાંઇબી ભલાં કામની શરૂવાત કરે તો તેને પાર ઉતારનાર એટલે એવો કે ચોક્કસ વાયદાઓને પણ પાર ઉતારનાર એ નામનો ફરમાંબદારી કરનાર દરેકમાંથી પાર ઉતરે છે અકસમાતથી બચાવનાર સૈતાન પલીદીથી બચાવ થાય છે કાંઈપણુ હરકત વગર શરૂવાત કરાવી પાર ઉતારી આપનાર—એ નામ એજ ખુબી ધરાવે છે.

૩૮ પજુહ હદહે—ખાસીયતોનો પેદા કરનાર—સ્વભાવો ધણી જાતના થાય છે મણુસની ખાસીયત—આદત પણુ ધણી જાતની હોય છે. તે બધાનો પેદા કરનાર એટલે એવો કે ગવાહ અને હાજર જોવાવાલો અને એજ બાબતનું શીક્ષણુ કરવાવાલો પરેઝગારીની ખાસીયત વિગેરે એ પઢનારને જાહેરની અને બાતેનની સફાઈ પરેઝગારી હાંસલ થાય છે.

૩૯ ખાવર—પરવરેસ કરનાર—અને માયાલુની સત્તા ધરાવે છે જો એ નામ પઢનારને એક સીધો નેક રસ્તો બતાવનાર કોઈ પાસે આજીજી ન કરાવનાર એવો માયાલુ કે જો બામદાદમાં હ્રદયમાં તસ્બી ફેરવે ઉંચા હાથ કરીને તો કાંઇબી નવો હુન્નર અગર ઉંચી કીસમના માગ્ર કલામો હાંસલ થાય અને જો હંમેશાં પઢયા કરે તો ધણીજ દોલત પામે.

૪૦ અફ્રશીમા—તઓરીક આપનાર—બક્ષનાર જે તઓફીક માગો તે આપનાર જેવી કે બંદાઓના હાલને દુરસ્ત કરવાવાળો અને સૌ સૌના કામ ઉપર કાયમ રાખવાવાલો જુલમગારોમાંથી બચવાની તઓફીક કરવાવાલો પરેઝગારીથી ત્રણુ તસ્બી ફેરવે તો જુલમીઓના જુલમથી ન જાત પામે ફતેહ તેઓ ઉપર થાય.

૪૧ અબરજા-બક્ષનાર-માફી કરનાર-એટલે તમામથી બુલંદ છે. એટલે ઇનામ આપવાવાલો અતા કરવાવાલો અને બહુજ બક્ષીશ કરવાવાલો ઔફથી બે ઔફ થવા માટે ગુનાહો તોબા કરવા અથવા-મટાડવા તેમજ મોટી ન્યામત મેલવવા માટે આ ખુબીવંતા નામને હમેશ પઢવા વાજેબ છે.

૪૨ અસતુહ-કોઇપણ ચીજથી મોવતાજ નથી જે માણસ આ નામને (અષાઉમ અસતુહ યજમઇદે) પઢે હંમેશને માટે તો બંદાઓની રોજી વધારવાવાલો અને બોહણું ફઝલ અને એહસાન કરવાવાળો જે માણસ આ ખુબીવંતા નામને મળસકાની વખતે હાથ ઉંચા કરીને પઢે શાંત જગ્યાએ સ્થીર મગજે તો એવી રીતે પઢી રહયા પછી મોઢાં ઉપર હાથ ફેરવે તો હરગીઝ બીજાને સવાલ કરવાનો મોહતાજ થાય નહીં બીન રોજગારીને આ નામ પઢવું બહુ ફાયદા ભરેલું છે. એમાં શક નથી.

૪૩ રખુઅ-કોઇની દરકાર નથી કોઇની પરવાહ કરતો નથી એટલે તમામ મદદ કરવાવાલો ઓથી બેહતર મદદ કરવાવાલો એ ખુબીવંતુ નામ જો પઢયા કરે તો અણચીંતી વખતે ખુદાએ તઆલાની મદદ પહોંચે.

૪૪ વરૂન-નાશકારક ચીજનો દુર કરનાર-પહેલે તો દુનીયાની અંદર નાશકારક ચીજો ઇનશાન માત્રની ઉપર તેમજ તેવી રીતે આ દુનીયામાં આપણે નજરેથી જેટલી ચીજો જોઇએ છઇએ તે બધાંની ઉપર નાશકારક ચીજ તો છેજ. માટે એ નામની ખીદમત કરો પઢો તો એવી જાતની નાશકારક ચીજો સદંતર એ નામ પઢવાથી દુર થઇ જાય છે, તથા પઢતી વખતેના ભલતા વિચાર નાશ થાય છે. (યા અષાઉમ વરૂને વરૂન અશુનહ યજમઇદે) એની તસ્બી ફેરવવી.

૪૫ અફરીફેહ-તે ફરેબ વગરનો છે દગા ફટકાને દફે કરનાર અર્થ સાચું બોલવાવાલો એ નામને જુઠાણું ફરેબ-દગા-ફટકા-દુર કરવા તેમજ રાસ્તી જાહેર થવા તેમજ વાયદાઓ ઉપર વફા રહેવા માટે એ નામને પઢે વીર્દ કરે તો ઘણો ફાયદો પહોંચે છે.

૪૬ બફરી ફતેહ-ફરેબ આપનાર માણસ પોતે ઉલટો પોતાના ફરેબથીજ ફસી પડે છે. સપડાય છે ફસાયલો છે એનામ એજ ખુબી ધરાવે છે-એટલે જો કોઇ માણસ-દુશ્મન જો નાહકનો તમુંને કોઇબી બાબતમાં ફસાવવાની તદબીર કરતો હોય અને જો જરા રતી ફરયાબી હોય તો એ નામનું વિર્દ કરનાર-દીલથી પઢનાર એજ નામની ખુબીથી એવાં ફરેબનાં કામોથી સીધી રીતે સલામત નીકલી જાય છે, અને ઉલટો ફસાવનાર માણસજ ફસી પડે છે. જેમકે ખાડો ખોદે તેજ પડે (અષાઉમ, બફરી ફતેહ યજમઇદે) માટે યાદ રાખજો કે નાહકની ફસાવટ માથે આવી લાગે તે આગમજથી રાતે બે વાગે ઉઠીને સાત તસ્બી ફેરવવી, આગળ લખ્યું છે તે પ્રમાણે. એમ કરીને અજમાવી જોવાને લાયક છે, સાથે જરૂર બચાવી લે છે. એ પ્રમાણે મારા જરથોસ્તી બે બીરાદરો કોર્ટથી બચી ગયા છે.

૪૭ અદુઆઇ-બીક વગરનો, ધારતી, ડર વગરનો. એમ કે મજબુતમાં મજબુત છાતીવાલો-જે માણસ બીકણ હોય-નરમ છાતીવાલો તો એ ઇસમને જો પઢે તો છાતી પોત્તેજ મજબુત થઇ બીક, ડર વિગેરેનો નાશ થાય છે. તેમજ જો જંગલમાં હોઇએ કોઇબી વખતે અને બલાઓ, સેતાનોથી રાતને વખતે જો બીક, ડર લાગે તો એ ખુબીવંતું નામ પઢે, જો પાણી ન મલે તો જમીનપર હાથ મુકી પાણી લેય તેમ હાથ ફેરવે, અને એ ખુબીવંતું નામ હૈડે ધરે તો એ નામનીજ તાસીર તેજ વખતે સામાઓને પોતાની ખુબીથી દફે કરી નાખે છે.

૪૮ કામરદ-તેની ઈચ્છા—મરજી નેકી થા, ભલાઇ થા; એટલે એજ ખુબી કે ઇચ્છા કેવી કે ભલુ થા, ભલાઇ ભરેલું થા, નેકી થા, નેક થા. ફકત દરેક બંદાઓ ઉપર મેહેરબાનીની રાહે નેકી કરવા વાલો. નેક કામની, ભલા કામની તોફીક માટે, મુસીબતો દુર થવા માટે તથા ફરઝંદ સલામત રહેવા માટે આ ખુબીવંતું નામ પડવું ફાયદાકારક છે.

૪૯ ફરમાન કામ—જે તે કરે છે તે પોતાની ખાયસથી કરે છે, ફરમાનથી કરે છે. પોતાની મરજીથી કરે છે; એટલે એવો કે એનો કોઈ શરીક નહીં. પોતાના કામમાંથી થાકી ગયા પછી આ ખુબીવાલાં નામને જો પઢે તો તબીયતને શાંતી બક્ષે છે. બીજું જો તમારૂં કાંઇપણ એવું કામ આવી પડયું કે બસ તમે દરેક બાબતોથી હારીજ જવાના તથા મરણુજ નકી આવવાનું તેવે વખતે એ નામને પઢવું. તથા બીમારી મટાડવાની દુવા પહોંચાડનાર છે એજ ખુબીનો સત્તાવાન છે.

૫૦ આઇખ તન-ભાગીદાર શરીક મીશાલ વગરનો એની માફક કોઇ નથી; એટલે ધંધા વેપારમાં એવી ગેબી બરકત આપે કે કયાંથી આવ્યું અને કેમ થયું એ તમુને બીલકુલ માલમજ ન પડે, પણ તેમ તેમ તસ્બી ફેરવવામાં જો આગલ વધે (અષાઉમ આઇખ, તન યજમઇદે) તો ઘણીક ગેબી ન્યામતો મલતીજ જાય છે.

૫૧ અફરમુશ-કોઈ ચીજને કે તમામ મખલુકાતને ભુલે એવો છેજ નહીં. એક પલકારામાં દરેકે દરેકને ભુલ્યા વગર તપાસી લે છે. એવો કે અનાજનો દાણે દાણો ચીરીને ઉગાડવામાં ભુલતો નથી. રાતના અંધકારને સવારના પ્રકાશ માટે ફાડે છે. દરીયામાં અથવા જંગલમાં રસ્તો ભુલી ગયા હોઈએ તો આ ખુબીવંતા નામને હઇડે ધરે તો રાહ પામે.

૫૨ હમારના-લોકોના ગુનાહ અને સવાબનો હીસાબ રાખનાર-એમકે ખલકત મરવા પછી તેઓને નેકી બદીનો બદલો આપવાને માટે તથા કરણી પ્રમાણેજ ફળ મેળવી આપનાર છે; પણ એ ખુબીવંતુ નામ જો હઇડે ધરે તે એવી રીતે કે જે કોઈ સુતી વખતે હંમેશ સાત તસ્બી ફેરવીને હૃદયપર હાથ ફેરવે તો હકતઆલા તેના દીલને પોતાની નુરી શકતીથી, તેજ આરસી જેવું કરી આપે છે, એ ઈસમજ ખાસ વાજબી રાહ છે જે પઢનારને દુનીયાના વાજબીજ રસ્તા બતાવે છે. (અષાઉમ હમારના યજમઇદે) આ પઢવાથી એવીજ તાસીર ઉલી થાય છે.

૫૩ ષનાયા, પીછાન કરનાર, કદર બુઝનાર, પીછાનનાર પીછાન કરાવનાર વિગેરે, એવી કદર બુઝનાર કે પઢનારને ઈનામ આપનાર કદર બુઝીને એહસાન કરવા વાળો નેક તબીયત અને દીલાવર સખી દીલ થવા માટે આ ઇસમ પઢવું બહુ ફાયદાકારક છે. અને પીછાન કરનાર પીછાન કરાવનાર અને પીછાનનાર જેમકે પીછાન કરાવનાર અર્થદોસ્ત મોહબ્બત રાખી પીછાન કરી અપાવનાર વરી પઢનાર બંદાઓને પણ એજ ખુબીવંતુ નામજ દોસ્ત જરૂર રાખશે. તેમજ પઢનાર બંદાને પણ એ નામની સાથે મોહબ્બત રહેશે તો જેમકે પઢનારને અને એ પવિત્ર નામ (અષાઉમ ષનાયા સાથે મોહબ્બત લાગે તે કેમ લાગે કે જાણે એ નામની તસ્બી હંમેશ ફેરવ્યાજ કરૂં અને હરઘડીએ નામજ યાદ આવ્યા કરે, તો તે પઢનાર માણસ ધારે તેની સાથે મોહબ્બત દોસ્તી કરી શકે છે. જે કુટુંબોમાં તેમજ બીજા લોકોમાં તેમજ પોત પોતામાં દુસ્મની હોય તો એ બધાઓને અગીયાર તસ્બી ભણેલી એક એલચી નહીં તો કે કાંઇબી ખાંવાની ચીજ ઉપર અગીયાર તસ્બી એટલે ૧૧૧૧ વખત ભણતી વખતે એલચી ઉપરજ ધ્યાન આપે મગજમાંથી એલચીને હઠાવે નહીં એ પ્રમાણે

પરેઝગારીથી પઢીને જો અવડાવે તો દુસ્મન પણ પ્યારો દોસ્ત થઇ જાય છે. જો તમો ન્યામત રોઝની માગણી કરો તોપણ એજ ખુબીવંતુ નામજ માગણીની કદર પુરે છે. એ નામ પઢવું ઘણું ફાયદાકારક છે.

૫૪ આ તરસ કોઈથી તે ડર રાખતો નથી ડર વગરનો છે. બોલતો ચાલતો આત્મા જેમકે માણસો, જનાવરો કે અગર કોઈને પણ એ નામ પઢવાથી રતી માત્રનો પણ ડર રહેતો નથી.

૫૫ અબીરા કોઇને દુખ દેનાર નથી તેમજ આઝાર વગરનો છે. કોઇ બી બાબતનું દુખ દેનાર નથી. તંદુરસ્તી માટે બીમાર સાજો થવા માટે તથા બીજાં કોઈ બી દુખો કોઈ પણ બાબતના થવે દરેકને આ નામ પઢવાથી સારી અસર થાય છે.

૫૬ અફરાજદમ મોટામાં મોટો કારીગર એટલે એવો એના જેવો મોટો કારીગર કે દરેક જાતની કારીગરીનો કાંઈ સુમારજ નથી. જો કોઇ ઇનશાન પઢે તો પોતાની ધારેલી મુરાદો એજ ખુબીવંતા નામની કારીગરીથી જરૂર ફતેહમંદી પમાડનાર છે. જો વધારે પઢે તો માગો તે કારીગરી સાબીત કરી બતાવવાને એ નામજ સતા ધરાવે છે.

૫૭ હમઝુન દરેક ચીજની આજુબાજુ ફરી વલેલો છે બધામાં છે જ્યાં ધારો ત્યાં છે એનોજ આકાશમાં, પાતાળમાં, ભીતરમાં બધે બધ કોઇ પણ ઠેકાણે ખાલી નહીં એવો કે ઘેરી લેવા વાળો એટલે એ નામનેજ પોતાના એલ્મે તમામ ચીજ ઘેરી લીધેલી છે. એલમ વધવા માટે અને ફીતુરી કામો બંધ થવા માટે તેમજ દરેક ચીજને ઘેરી લેવા માટે પઢે તો બહુજ ફાયદાકારક છે. એ નામના ઘેરાવાથી કોઈ પણ આકર્ષણ કરી શકતો નથી. માટે એ નામની તસ્બી ફેરવવાથી એનીજ ખાસીયતો પ્રવાહો ઉભાજ રહે છે. ઘણુંજ ઉમદા નામ છે. (અષાઉમ હમઝુન યજમઇદે) એ નામ વધારે પઢવાથી મોવકલ દેખાવ આપે છે.

૫૮ મીનોસતેહગર ભેદી ચીજને, છુપી ચીજને પામનાર છુપો પોતે છુપાનો પામનાર એટલે ઘણોજ ઉમદા ઉમરાવ દાના દરેક ગેબી છુપી ચીજોની હકીકત જાણવા વાલો અને છુપી બાબતોની માહીતગારી મેલવવા માટે એ ઇસમને પઢવામાં બહુજ ફાયદો છે. (બનામે યજદે બક્ષાયનદેહે બક્ષાયસગરે મેહેરબાન યા યજદ યજદાન મીનોસતેહગર યા અમેહ અયાફ યજમઇદે) એટલો માથ્ર મંતર જુબાનપર કરવો અને પરેઝગારીથી મહાન પેગમ્બર અશો જરથોસ્તને હૃદયમાં રાખી જેવણુ આપણા ગુરૂ છે જે દરેક કામ પાર ઉતારી આપનાર છે તેને નામની તસ્બી એક પહેલે ફેરવી અષાઉમ કવએમ ખરેના નબી જરથોસ્ત એમ કરીને તસ્બી એક ફેરવવી પછી ઉપર લખેલા માથ્રની અગીયાર તસ્બી ફેરવી તેજ જગ્યાએ પશ્ચીમ દીશાએ માથુ મુકી સુઇ જવું. રાતના એક વાગે ઉઠીને ભણવું. લગભગ એટલું ભણતાં સવા બે કલાક થશે. મને ભણતાં ૨॥। કલાક થાય છે પછી જો જો એજ ફરેસ્તાનો ખુવાબ થશે. અને જવાબ મલશે પરેઝગારી આગળ લખ્યા પ્રમાણે બધું કરવું કાંઇ બી આવતી બાબતો છુપી જે માગણી કરશો તેનો જવાબ મલશે જો પાછા હઠતા ના. એક દીવસે બે, ત્રણ, ચાર, પાંચ દીવસે પણ જવાબ ન મલે તોપણ પાછા હઠતા ના. સાત દીવસની ઉપર કદી પણ જશે નહીં અને જવાબ જરૂરજ મલશે. એ મારૂં પોતાનું અજમાવેલું છે. ન સમજાણું પડે તો દીલોજાનીથી જવાબ આપીશ. બીજું વધારે તો મરહુમ દસ્તુર કુકા એ બાબત વિશે મને ચોકસ ખાત્રી કરી આપેલી છે અને વધારે પઢવાને બાબામણુ મજબુત રીતે કરેલી છે. તે મોબદ એક માથ્ર મંતરને જો સવા લાખ ચાલીસ દીવસમાં પુરા કરે. તે કેવી રીતે તેની વિગત ૪૦ દીવસ સુધી

રોજની બબે તસ્બી વધતા જવું અને ૨૧ મે દીવસેથી દરરોજ બબે તસ્બી ઉતરતાં જવું એટલે કમતી કરવી. એ પ્રમાણે ચાલીશ દીવસ કરવાથી સવા લાખ પુરા થશે. તે પહેલે ૧૨ તસ્બીથી શરૂ કરવું. તે બધી રોજની બે લેખે તો વીસમે દીવસે બરાબર પચાસ તસ્બી થશે પછી ૨૧ મે દીવ-સેથી ઉડતાલીસ તસ્બી એ પ્રમાણે બબે કમતી કરતા જવું. એટલે ચાલીસમે દીવસે બાર તસ્બી આવી રહેશે અને સવા લાખની ઉપર બસો ચાલીશ થશે એ ફાયદા ભરેલું છે. સવા લાખથી કમતી કરવું નહીં એ પ્રમાણે તમે ચાલીસ દહાડા પઢયા પછી ફકત એકજ તસ્બી ફેરવો પરેજગારીથી સુતી વખતે તો જવાબ જરૂરજ એકજ રાતમાં મલસે, છુપી બાબતો, આવતી બાબતો વિગેરેનો ખુલાસો મલસે એમાં કાંઇ શક નથી. એથી બી વધારે તમે આગલ જાઓ તો એની મેલેજ દરેક રસ્તાઓ ગેબીના માલમ પડતા જાય છે. પરેજગારી—ગોસ, મચ્છી, દારૂ વિગેરે ન ખાવું અને રાતે ખાઇ જમીને ભણવા બેસવું, ટાઇમ એકજ રાખવો, અને તેજ જગ્યાએ સુઇ જવું અને ખંત રાખી પુરૂં કરવું. એકુ રાત બી ખાડો થયો કે બધું બાતલ. એટલા દીવસ તદન વેગલા રહેવું દરેક બાબતોથી કોઈને જરાપણ અપમાન કરવું નહી, જરાપણ જુઠું બોલવું નહીં. આગળ લખેલી બધી બાબતો, પરેજગારી, ઉમદા નસીયતો વીગેરે બરાબર ધ્યાનમાં લઇ પછી અમલ કરવો બહુજ ફાયદેમંદ. મરહુમ દસ્તુર કુકાનું સવા લાખનું સાધન એ બાબતનું કરેલું હતું. એ સીવાય બીજા ઘણા માત્રના સાધન કરેલાં હતાં. પણ જો યાદ રાખજો કે કાંઇબી મતલબનો જવાબ તમુને મલે તો ગુરૂ સીવાય કોઇને કહેવો નહીં. અને જો કહેશો તો બધું ઉતરી જસે, જો બાહવરા થઇને કોઇને કહેશો તો સદાનું બધું ફોકટ, એ બાબતપર ધ્યાન રાખજો. એજ અઠાવનમો આખો પેલેગરાફ પુરેપુરો વાંચી ધ્યાનમાં લઈ કરી જોવાને હું ભલામણુ કરૂં છું. બીનરોજગારીઓ જરૂર અજમાવજો ! પાછા હઠતા ના ! એમાં મને જરાપણ શક નથી, અને કરવા લાયક ચીજ છે.

૫૯ અમીનોગર—રવાનોના જાનને જાહેર કરનાર–એટલે તમામ મખલુકાત ફના થવા પછી પણ અને હાલમાં ગુજરેલાંઓને પણ=એ સર્વનો વારસ જેવી જેની નેકી તેવોજ તેને વારસો બક્ષનારા આવરદા લાંબા થવા અને ફરઝંદ આ દુનીયામાં રહેવા માટે આ ઈસમનું વિરદ કરવું જોઇએ.

૬૦ મીનોનહબ–દરેકે દરેક ગેબીઓનો પેદા કરનાર–એટલે એવી ચીજોનો જાણુવા વાલો કે, જેને મખલુક, દુનીયાં જાણુતી નથી. જે કોઇ આ નામને પઢે તો તેના દીલમાં મઅરેફત–ખોદાની પીછાનીયત કરવાનું હાંસલ થાય, અને બંદગી–ભકતી કરી રહયા પછી એને હઇડે ધરે તો છુપી બાબતોથી જાણીતો થાય.

૬૧ આદર બાદગર—આતસ ને પવન–હવાના રૂપમાં ફેરવનાર, સત્તાવાન કે જુલમગાર સ્વ-ભાવનાને પણ પોતાના કેરથી આઝેઝ કરનાર. જુલમગારો પાસે એ નામનું પઢતર કરીને જાઓ તો જુલમગાર સખત છતાં પણ સીધો રાહ પરજ લાવી મુકનાર ગરમીના દરદનો જડમુળથી નાશ કરનાર પરેજગારીથી પઢે તો અંતઃકરણુને સ્વચ્છ કરે છે. એ આતસ, પાણી, ખાક, અને હવા એ ચાર અનાશરો જેમાં સાયન્સનો મોટો ભાગ સમાયલો છે. જેને આતશી, આબી, ખાકી, બાદી એ ચ.૨ ફરેસ્તા છે એજ ચીજોની ઉપર જેના જુદી જુદી કીસમના નામ છે. જે ઘણોજ દબદબો ધરાવા નાર ફરેસ્તા છે જે બહુ ફેરફાર રૂપમાં દરેકને લાગુ પડે છે.

૬૨ આદર નમગર–આતશને પાણીના રૂપમાં ફેરવનાર—એ જમીનપરની હરેક ચીજને લાગુ પડે છે. ઇનસાન આતશ જેવા સ્વભાવનો તેને પણ પાણી જેવો કરી નાખનાર, ગરમ સ્વભાવ

વાલાને તેમજ આતશીયા ગરમીવાલાઓ એ નામ ફેરવવું તસ્બીમાં તો ચમત્કાર જેવો ફાયદો ગએબથી માલમ પડે છે. તથા દીલને શાંતી આપવાને માટે એ નામ પઢવું ફાયદાવંત છે.

૬૩ બાદ આદરગર-પવનને આતશ બનાવનાર-સખતમાં સખત પવનથી રહી ગયેલા સાંધા તથા બીજાં પવનનાં જબુન દરદો જેવાંકે રૂમેટીઝમ, લખવો, એવાં દરદોનો નાશ કરનાર. પરેજગારીથી પઢે અગર કામેલ દસ્તુર પાસે પઢાવે તો ચાલીસ દીવસની અંદરજ આરામ થઇ જાય છે.

૬૪ બાદ નમગર—પવન ને પાણી, બનાવનાર એવો કે આફતની વખતે તરસ પાણીની મટાડનાર પવનના દરદ દફે કરનાર વાડી, બાગ, બગીચા વિગેરે જમીનો ઉપર સારી કીસમનું પાણી મેલવવાની બાબતમાં એ નામનું ઈસ્મ કરવાથી ફળરુપ સમાન છે. એવું સરસ પાણી કે હજમીઆત તથા ઝાડોને ઉતમ ખોરાક જેવું મલવાને સતાવાન છે.

૬૫ બાદ ગેલગર—એટલે પવનને ખાક યા મટોડી બનાવનાર, પવન યા બાદી એટલે પવનના જબુન દરદને સંરા કરાનાર એજ રૂપમાં ફેરવનાર માટે એ નામ પણ પવનના સખતમાં સખત દરદને ખાક કરી નાખે છે. માટે એવા દુંખ દર્દ ઉપર પઢવું સજાવર છે.

૬૬ બાદગરતુમ-એટલે એવો કે પવન યા હવા તથા ખાકી યા માટી—એ બેઉનો પેદા કરનાર. ગરમીના દરદ તથા બીગડેલાં લોહીને સુધારનાર, આંખનો નજલો સફા કરનાર એ બધાં ઉપર સર્વોપરી ભોગવનાર તથા બદનની સુખાકારી માટે ખોરાક ન્યામત મેલવવાને માટે પઢવુ અકસીર જેવું છે.

૬૭ આદર કીબરીત તુમ—પથ્થરમાંથી ઝવાહીરો પેદા કરનાર, એ નામ પઢનારને એના જેવોજ ફાયદો કરી બતાવે છે. જમીનમાં ખાણુ ખોદનારાઓને તેમ ઠોઠ માણુસો યાને બુધ્ધિહીનોને માટે તેમજ ઉતમ જાતના સુખો અને ન્યામતો મેલવાને માટે પઢવું વાજેબ છે પથ્થર જેવા માણુસને પણ ઝવાહીર બનાવવાની સત્તા ધરાવે છે.

૬૮ બાદ ગરજાએ—ગરમીની વખતે પવનને પેદા કરનાર એટલે એવો કે ગરમીના દરદોને રાહત આપ્નાર ઇનામ આપવા જેવો બક્ષીસ કરવા વાલો વીગેરે ઘણીએક જાતની ખાસીયતો ઉપર કાબુ ધરાવનાર છે તેમજ ઘણીજ ગરમી પડતી હોય તો એ મુબારક નામને યાદ કરવાથી પઢવાથી રાહત મલે છે.

૬૯ આબતુમ—ઘણોજ સફાઇદાર પારદર્શક રોશનીવંત પાણીને રોશનીવંત બનાવનાર એટલે પોતાની ખુદરતના આસારથી સર્વે ઉપર રોશન છે મોહબ્બત પેદા થવા રોશનીવંત ખુબસુરત ફરજંદો પેદા થવા ઉમદા રોશનીવંત રોશની આપવા વાળો અને નુરો પેદા કરવા વાલો જાહેર અને બાતેનની પવિત્રાઈ સફાઇ મેલવવા માટે એવો ચમકાટ વાલો કે હાકેમ લોકોની પાસે માન અને મરતબા માટે તેમજ લોકો ઉપર રોઆબ અને દબદબા માટે આ ઇસમનું હંમેશાને માટે વિર્દ કરવાથી ઉપરના દરેક ફાયદા થાય છે દીલની આરસીને તેજવંત કરવામાં મોટો મદદગાર છે. (અયાઉમ યજદાં અજદાંન આબદુમ યજમઈદે)

૭૦ ગેહ્ન આદરગંર—મટોડીને આતૃસ બનાવનાર ઇનસાન માત્રે માટી યા ખાકમાંથી પેદા થયલા છઇએ નુરી આતશ આપણી કાયામાં પેદા કરવાને માટે તથા હોજરીના બદ હજમીના દરદો દફે કરવાને માટે બકતીનો આતશ પેદા કરવાને માટે આ નામ પઢવું સજાવર છે.

૭૧ ગેહ્ન વાદગર—માટીને હવા બનાવનાર પવનના દરદને એના જોરથી સફા આપનાર શકતીને માટે સતાવાન છે ખરાબ હવાને શુધ્ધ કરનાર તંદુરસ્તી બક્ષનાર છે છાતીના તેમજ અંતઃકરણના દરદને માટે પઢવું ઘણું અકસીર છે શકતીવાલો નેગાહ રાખનાર એજ કામનો સત્તાધારી છે.

૭૨ ગેહ્ન નેમગર—માટીને પાણી બનાવનાર એટલે એવો કે તરસે જીવ જતા હોય વખતે પાણી ન મલે તે વખતે એ નામ હેડે ધરવાથી પાણી મલ્યું તેવીજ રાહત બક્ષનાર છે. અથવા પાણી મેલવી આપનાર છે. પ્યાસ પાણીની જો લાગી અને પાણીના વખલાં મારે જંગલમાં કે કેયેબી તો જરૂરજ પાણી પીધા જેવી રાહત મલે કે અગર પાણીજ મલી જાય અને એત્રે વખતે એ નામને ભુલેજ નહીં તો પાણીની શોશે તરશનાએ કદી પણ મરણ નથી આવતું. કેટલાએક ઇરાનીઓ હજુ પણ પુર એકીનથી જંગલમાં, રણોમાં, જ્યાં રાત થઇ જાય કે ત્યાંજ વાસો કરે છે તેવાજ કુસ્તી પાદીઆબ કરી (અષાઉમ યજદ, યજદાંન, નેગેહબાંન, ગેહ્ન નેમગર, યા દસ્તગીર, દાના, બાદનમગર, યજમઇદે) એમ તસ્બી ફેરવે છે. પછી બેહરામ યસ્ત પઢે છે અને બહુજ પરેઝગારીથી એકીન સાથે પઢવાની ખાહેશ મનમાં હરઘડી થયા કરે છે. અને આ જમાનામાં પણ જંગલોમાં રણોમાં ઇરાનીઓને કેવાં કેવાં રૂપે મદદ થાય છે. એ બેહેરામ યસ્તમાં લખી બતાવ્યું છે. પણ એ ખુબીવંતા નામને જંગલમાં કે રણમાં તસ્બી જરૂર ફેરવવા લાયકજ છે.

૭૩ ગરગર—એટલે મોરાદ ઇચ્છા પુરી કરનાર તમો જે મોરાદ માગો તે તે બક્ષવાને સત્તાવાન છે. અને એની ઉપરજ મવકલ ફરેસ્તો છે અને વરી એવો ફઝલ કરવા વાલો કે જો આ નામને સુતી વખતે પરેઝગારીથી એટલું પઢે કે પઢતાં પઢતાજ ઉંઘ આવી જાય તો ખોદા એતઆલા ચોક્કસ મોવકકલ મુકરર કેરે તેઓ તેને માટે દુઆ કરે અને તમુને ઇરાની દસ્તુરના લેબાસ મારફતે ખુવાબમાં આવશે. અને કહેસે કે ખુદાયતઆલાએ તને એ નામમાંજ બેભાન કરી નાંખ્યો એટલે ઉંઘ આવી ગઇ લીન થઇને ઉંઘ તેમાંજ આવી જાય જાણે ઉંઘમાં પણ પઢયાજ કરૂં છું એમજ લાગે છે. (અષાઉમ યજદ યજદાન યા નેગેહબાન અષાઉમ ગરગર યજમઇદે) એનું વિર્દ કરવાથી ઇઝત, આબરૂ, દોલત, ફરઝંદ વિગેરેનો વધારો થાય છે કે એનાજ ઉંચી કીસમના ખોરેહથી એવાજ કામ થાય છે.

૭૪ ગરઆગર—ખાસ ઈનસાનને પેદા કરનાર જે શખ્સ આ નામને બહુજ પઢયા કરે તો તેના રવાનને આખર વખતે અને રૂહ જ્યારે આ જેહાંનમાંથી વાસો ઉઠાવે છે તે વખતે ઘણીજ ઇજ્જતથી ફરેસ્તાઓ તરફથી શાંતી મલે છે. તેમજ ઝરથોસ્તી મહજબ ઉપરજ એતેકાદ દુરસ્ત રહેવા માટે તેમજ ફરજંદની માગણીની મોરાદ પુરી કરવાને માટે આ નામ પઢવું એ એક ઉત્તમ જાતની બક્ષેસ સમાન છે. માટે પઢવું સજાવર છે.

૭૫ ગરઆગરગર—એટલે તમામ મખલુકાતનો પેદા કરનાર, પોતાના કામને દુરસ્ત કરવા માટે આ નામ પઢવું બહુ ફાયદા કર્તા છે.

૭૬ અગર આગર—ચાર ચીજોને એક જગ્યાએ મેલવનાર, પહેલી ચીજ માટી યા ખાકી ફરેસ્તો (   ) આપણે પેદા થયા રહીએ છઇએ. ઉત્પન કરનાર ખોરાક પોશાક પહોંચાડનાર

બીજી ચીજ આબી-યા-પાણી ફરેસ્તો (   ) કે જેથી સર્વે ચીજની જીવ જંતુની જીંદગી છે ત્રીજી ચીજ બાદી યા પવન ફરેસ્તો (   ) હવા બદન સુખકારીનો રાખનાર ચોથી ચીજ આતશ ફરેસ્તો (   ) ખાણું અજવાળું આશાયસ વિગેરે ઘણી જાતના વાનાઓથી એ ચારે ફરેસ્તા બહુ ખાતર જમા કરે છે. એજ ચારે ફરસ્તાઓ દરેક જાતના તાવીજો ઉપર મોવકલ તરીકે હોદો ભોગવે છે. તાવીજની બાબમાં ક્રિયા સાથે લખી બતાવ્યું છે જે ઉપલું એક નામ પઢવાથી ઉપર લખેલા ફાયદા થાય છે. એ ચારે ખાલી જગા ફરેસ્તાના નામ માટે છે માટે કોઇ જાણકાર જરથોસ્તી લખી જણાવશે તો ઉપકાર થશે.

૭૭ અગર આગર ગર—આકાસો અને સેતારાઓનો પેદા કરનાર એટલે બુઝરોગ એવો કે બાદશાહ દુનીઆ અને આખેરતની બુઝરગી માટે અખત્યાર ધરાવે છે ઉમર લાંબી કરવાને સતાવાન છે એ નામ પઢવાથી એજ ફાયદા થાય છે.

૭૮ અગુમાન—ગુમાન વગરનો એવો કે તેની હસ્તીની શંકા જેવું કાંઇ છેજ નહીં એટલે એવો કે અહંકાર, અભીમાન, ગર્વ, મગરૂરી, તકોબરી દ્વેશ વગરનો તેમજ હું પણું વિગેરે પઢનારને એવી જે દરેક ચીજ નુકશાન કર્તા છે તેનો જરૂરજ નાશ થઇ દરેક બાબતે શાંતી મલે છે.

૭૯ અઝમાન—જમાના વગરનો, હંમેશનો એટલે એવો કે પોતે હંમેશને માટે જીવતે કાયમજ છેજ અને રહેશે. દરેક બંદગી પઢયા પછી એ નામની તસ્બી એક ફેરવે તો ખુદાયતઆલા પઢનારની આયુષ્ય વધારે તેમજ બીમાર અથવા દુખતી આંખ ઉપર પઢે તો શફા પામે ફારશી જુબાનમાં (યાહુંયો) એટલે હંમેશનો અને કાયમ ને ફારશી જુબાનમાં (યાકય્યુમો) એટલે હમેશનો કાયમ ત્યારે (યાહુંય્યો યાકય્યુમો) એમ કરીને જો તસ્બી ફેરવે તો રોજી રોજગાર વેપારમાં પઢનારને ઘણોજ લાભ થાય છે સાથે દરેક ચીજે ઉપર કબજો કરવા વાલો જે કોઈ શખ્સ ફારશીમાં (હય્યો કય્યુમ) કરીને પોતાની વિંટીનાં નગીના ઉપર કોતરાવે તો તે શખ્સનું નામ ખલકતમાં બાકી રહે છે અને બહુ પઢવાથી દીલ સફાઇ પરેગ્રગારી ભરેલું થાય છે રોજી રોજગાર વેપારમાં બહુ બરકત આપવાને સત્તાવાન છે નહીં તો જંદમાં કોતરાવે (હમાહસ્ત હમાબેદ) નગીના ઉપર.

૮૦ અખુઆ—ઉંઘ વગરનો હંમેશનો જાગુત એટલે એવો જાગુત કે કોઇ ઉઠાડી શકેજ નહીં પોતેજ ઉઠવા વાલો એવો જાગૃત ઉંઘણસીઓને જાગૃત થવા માટે તથા દરેક કામમાં જાગૃતી મેલવવા માટે એ નામને પઢવાથી બહુજ ફાયદો થાય છે, તથા ઉંઘના દરદનો નાશ કરનાર છે.

૮૧ આમીસ્ત હુશર—હંમેશા હુશીયાર તેજવાલો ચાલાક એટલે એવો કે બુધ્ધિ હીનોને બેકારોને મદદ કરવા વાલો તેમજ ખુબસુરતી બક્ષવા વાલો ચાલાક બનાવનાર વિગેરે કામોની ઉપર એ નામની અસર જલદી પ્રાપ્ત થાય છે.

૮૨ પસુતના—તમામ મખલુકનો નેગાહ બાનની કરનાર જન્મ મરણ અને પાલન કરનાર રોજીમાં વધારો થવા માટે ફરઝંદ થવા માટે તાકાત લાવવા માટે તથા સખ્તી દુર થવા માટે આ ખુબીવંતુ નામ એજ ખુબીના પ્રવાહોની ઉપર કાબુ ધરાવે છે.

૮૩ પદમાની—અંદાજે ધરાવનાર એટલે એવો કે દરેક ઇનશાન માત્ર ઉપર દરેક બાબતને અંદાજે ધરાવીને મોરાદ કોઇબી જાતની બક્ષવાને સતાવાન છે. એવો ભરોસા વાલો પઢનારને ઉમદા હીદાયત કરનાર શીખામણ, તેજસ્વી શકતી ધરાવનાર બાતેનના એલમમાં વધારો કરનાર બંદાઓને પોતાની બંદગીના પ્રમાણમાં રોજી બરકેત પહોંચાડવા વાલો તથા દુશ્મનો દફે કરવામાં વિગેરે ઘણી-એક બાબતોથી અંદાજે ધરાવી રાહત બક્ષનાર છે.

૮૪ ચીર—જબર જસ્તોનો ગેબી સરદાર એટલે એવો સરદાર કે તમામ મદદ કરનારાઓમાં સોથી બેહેતર હરેક બાબતમાં ખુદાતાઆલાની મદદ પહોંચાડનાર દરેક બાબતે બસ છે. એવી રીતે મોરાદ બર લાવનાર કે કોઇ પાસે માગવાની જરૂરત ન રહે તથા દુશ્મન દફે કરવા માટે એવો જબરજસ્ત સરદાર છે કે દુશ્મન જરૂર આખરે પણ પઢનારથી બે ઇઝત થશે. તેમજ કઉવત બક્ષનાર એમ સમજો કે મજબુત દુશ્મન છે અને નાહકનો વચ્ચે આવતો હોય અને એવા દુશ્મનને દફે કરી શકતો નહોય તો એકવીસ દીવસનું પઢતર કરે એની વિગત એ મંતર દુશ્મન બંધ કરવા એક્કો છે, તથા રોજી નોકરીની મુરાદ પાર પાડનાર પણ એકોજ છે દુશ્મન દફે થશે. એટલે તમારો પીછો છોડી દેશે. (બનૉામે યજદે બક્ષાયનદેહે બંક્ષાયશગરે મેહેરબાન યા યજદ યજદાંન નેગેહબાન હર વખપતવાન [યા તેશ્તરતીર યા દસ્તગીર અષાઉમ દાના પીરોજગર રજકે મરા બર કરાર કુંતો] [પનાહ બાદે અષાઉમ ચીર મેહેરબાને તરોબીશ દસ્તગીર મુદદઇએ મરા] અલ રેજક અષાઉમ પરવરા યજમઇદે). એમાં હવે પહેલો પલેગરાફ રોજી નોકરી મેલવવાની બાબત વિસે બીજો પેરેગ્રાફ દુશ્મનો દફે કરવા બાબત છે જેવું જેનું કામ રોજીનું કામ હોય તો ઉપલા પેરેગ્રાફ પર મજબુત દ્રઢ પાયે ધ્યાન આપો. અને દુશ્મન દફે કરવાના હોય તો બીજા પેરેગ્રાફ પર ચુસ્ત રહો એ પ્રમાણે જે માણસ સામો હોય તેને બંધ આખે મજબુત પાયે હ્રદયમાં આકૃતી રાખીને દરરોજ રાત્રે એકને પાંચની વચે એજ માથ્રની તરબી ફેરવવી પરેજગારી ક્રીયા ગુરૂ વિગેરે પહેલે ધ્યાન રાખી નીરંગી કરવાનો દીવસ આગળ લખી બતાવ્યા છે તેમાંથી એક તમારી મરજી પડે તે સેજ નકી કરીને દરરોજ ઉષહેન ગેહમાં ટાઇમ હમેશ તો એકજ રાખજો દરરોજ ત્રણ તરબી ફેરવવી પાછા હઠવું નહીં જો પુઠે પડશો તો આખરે ફતેહ જરૂર છે. ફક્ત ખોદાયતઆલાના પાક નામ અને એજ માથ્ર પણ જણાવે છે કે દ્રઢ પાયે પરેઝગારીથી નમન ફક્ત ખાસ ખુદાનાજ નામ અને તારીફ છે. સઉથી મોટામાં મોટો માથ્ર મંત્ર એલમ જે ખાસ ખોદાના નામથીજ છે તે દુનીયાના દરેક એલમો ઉપર તેમજ ન્યાસો યશ્તો અને કલામો ઉપર સર્વોપરી પણું ભોગવવાની મોટા સરદાર તરીકે સત્તા ધરાવે છે બેશક બરાબર છે ખાસ ખોદાનાજ નામો છે.

૮૫ પીરોજગર—ફતેહમંદોનો ફતેહમંદ ફતેહમંદી આપનાર એવો કે ફતેહમંદી આપવામાં એની બરાબરી કોઇજ નથી (પનામે અહુરમજદ યજદે, યજદાંન, પીરોજગર, અષાઉમ ગરગર યજ મઇદે) એજ પ્રમાણે તરબી કામ શરૂ કરતાં ફેરવવી એનીજ બીજી ખાસીયતો કે એક શાંત જગ્યામાં આફતની વખતે તેમજ તવંગરી માટે દ્રઢ મને પરેઝગારીથી એકજ વખતમાં જો બાર હજાર વખત પઢે તો દરેક આફતો દુર થઇ બે સુમાર ન્યામત દોલત પામે તથા જો એમ ન બને તો સાત અઠ-વાડીઆં સુધી દરેક અઠવાડીયામાં અગીયાર હજાર પઢે અને તેટલા વખતમાં પરેઝગારી બરાબર રાખે હરામ ચીજ ખાય નહીં તો ખુદાયતઆલા તેને તવંગર અને બે નયાઝ કરી આપે દસ્તુર હઝરત આઝર કૈયવાન કહે છે કે ગોસ, મચ્છી, દારૂ વિગેરે ન ખાય તો જરૂરજ ફતેહમંદી પામે છે તથા ઉપરા સાંપરી ન્યામત મલવા માટે આ ઇસમનું પઢવું મોટો અને ઘણો ફાયદો ધરાવે છે કે એજ ખુબીવંતુ નામ અષાઉમ પીરોજગર દરેક ન્યાસ યશ્તો અવસ્તાઓમાં હરઘડી ફતેહમંદીને માટે મહાન પેગમ્બર અશો જરથોસ્તે ઘણાજ મોટા વખાણથી આરાધના કરેલી છે તથા પાછલી રાતે પવિત્ર થઈ એક તરબી ફેરવવાથી કેબલા સામે ઉભો રહી હાથ જોડી ઉંચા કરીને મોરાદ માગે તો આફતો દુર થઈ હાજત રવા થાય છે ઇનામ તથા એહશાન કરવાવાલો છે શખાવત કરવાવાલો છે તેમજ જાહેર અને બાતેનના દરદથી શફા પામે અને હરગીઝ બીમાર થાય નહીં ખાણા ઉપર બેસતી વખતે બાજ લઇને એ કલામને પઢે. અને પછી ખાણું ખાઇ શુક્ર ગુજારી કરે તો ખાણું

નુકશાન પહોંચાડે નહીં ત્યારે એ પઢનારને એવા ઉત્તમ જાતના ફાયદા હાંસલ થાય છે સાથે દરેક બાબતે ફતેહમંદ છે.

૮૬ અહુરમજદ—જાન બક્ષનાર, રહેમી, દયાલુ, સખાવત કરનાર, રોજી રોજગાર બક્ષનાર, દુઆ તથા તોબા કબુલ કરવાવાલો તમામ માત્રને જાન બક્ષનાર દરેક જાતની મુરાદો પુરી કરનાર સૌથી બુલંદ તેજસ્વી દબદબાવાલો દયાલુનો ગંજ દાતાર માટે તમામ ઇનશાન માત્રને પઢવા લાયક ફકત (અષાઉમ અહુરમજદ) એ પ્રમાણે દરેક બંદગીની આગમજ તસ્બી ફેરવે તો આ દુનીયામાં તેમજ પેલી દુનીયામાં બુલંદ મરતબો પામે છે. માટે દરેક જણે પઢવા ભુલવું નહીં.

૮૭ ખુદાવંદ—બેઉ દુનીયાનો ધણી, પાલવાવાલો દરેક બાબત જાણવાવાલો જે ચીજ બનાવે તેને ઠીક થવા માટે દરેક કામો મુશ્કેલ આશાન થવા માટે તેમજ આ દુનીયાના રહેવાશી ઓની તેમજ પેલી દુનીયાના રહેવાશીઓની મદદ માટે આ નામ પઢવું (અષાઉમ ખુદાવંદ યજમઇદે) બહુ વાજેબ છે.

૮૮ અબરીન કેહાનતવાન—દરેક જે હતું અને જે છે અને જે થશે તે બધાને જાણવાને શકતીવાન જેમકે વર્તમાન, ભવિષ્ય, અને ભુત જાણનાર એટલે એવો દાનાવ અથવા જાણવા વાલો ભવિષ્ય કાળને કે બશાબર હેડે ધરીને પઢે તો ફરેસ્તાના રૂપમાં ખુવાબ મારફતે આવી કહી જાય છે. બીજા રૂપમાં આવીને કહેનાર સૈતાન છે જેનું બીલકુલ ખરૂં માનવું નહીં. (બનૉમે યજદે બક્ષાયનદેહ બક્ષયાશગરે મેહેરબાન યા યજદ યજદાન નેગેહબાન અષાઉમ અબરીન કેહાનતવાન પીરોજગરી બાદ યજમઇદે) એ પ્રમાણે ત્રણ તસ્બી ફેરવવી તેજ જગ્યાએ સુઇ જવું. દરરોજ અગીયાર તશબી ફેરવવી તો સાત દીવસની અંદર જવાબ મલી જશે. ફકત ખોદાનાજ તારીફ સાથે નામ છે. એ નામો જે ખુબીવંત શકતી એવાં ઉંચી કીસમના ખોરેહ ધરાવે છે કે એની બરોબરી કોઇજ નથી.

૮૯ અબરીન નતવા—તમામ મખલુકાતને શકતી આપનાર, એનો કોઇ શકતી આપવામાં શરીકજ નથી. નબળાઇ દુર કરીને દરેક બાબતે શકતી આપનાર તમારાં કામો ઉભાં થાય અને પડી ભાગતાં હોય તેને પણ શકતી આપનાર દલાલીઆઓ માટે બહુ અકસીર છે. (બનામે યજદે બક્ષાયન દેય બક્ષાયશગરે મેહેરબાન યા યજદ યજદાંન અષાઉમ અહુરમજદ યા દાથ્રીસ હરવષપતવાન નેગેહબાન અષાઉમ અબરીન નતવા યજમઇદે) એમ જો પરેઝગારીથી ઉશ્હેન ગેહમાં ત્રણ તસ્બી ફેરવે દરરોજ તો નબળાઇ દુર થઇ તાકાત ઘણી સરસ આવે છે જરા અજમાવજો અને દલાલોના કામને પણ એવી તાકાત આવીને ઉભી રહે છે જેથી દલાલોના કામ મજબુતી સાથે પાર ઉતરી જાય છે. એ નામ બહુ ઉમદા કામ કરે છે માટે પઢવા સજાવર છે. શાંત જગ્યામાં ભણવા બેસવાનો માયનો ફકત એજ કે દીવસે કચકચા કચ થયાજ કરે છે. તેથી પ્રવાહોમાં ખલલ થાય તે નકામું છે ત્યારે ઉષ્શેન ગેહનું પઢવું દરેક બાબતે બહેતર છે.

૯૦ વશાપાન—અલકતની ફરીઆદ દાદ લેનાર, એટલે એવો કે ઇનશાન માત્રને એકજ સરખી રીતે જોઇને સર્વેની ગુનાસ પ્રમાણે બક્ષનાર દરેકે દરેકની દાદ લેનાર ફરીઆદ સાંભલનાર, એકલા પણાની દેહશત દુર થવા માટે અને નેક કામમાં કુવ્વત માટે તથા પઢનારની ફરીયાદ લેવા વાલો માટે દરેક જાતના કામ માટે એ નામનું વિર્દ કરવું બહુ ફાયદા ભરેલું છે. (અષાઉમ વશાપાન યજમઇદે) એમ પઢવું.

૯૧ વસફર—દુનીઆનો નગેહબાન એવો નગેહબાન કે તેની જાણ બહાર કોઇ નથી. દીલની ગફલત દુર થવા તેમજ ઘરના માણસો હીફાઝતમાં રહેવા અને ખાતર જમા માટે આ નામનુ, ખુબી ભરેલું કામ કે જે કોઇબી બાબતમાં સારી ધ્યાનતે નગેહ માગો તો પુરી કરી આપવાને શકતીવાન છે.

૯૨ અહુ—નેકી કરનાર નેક, એટલે નેકી કરવા વાળો અને પઢનાર બંદાઓ ઉપર મહેરબાની કરવા વાલો નેક કામની તોફીક માટે અને મુશીબત દફે થવા માટે અને ફરજંદ સલામત રહેવા માટે આ નામ પઢવું બહુ ફાયદાકારક છે.

૯૩ અવખશીદાર—સદાનો બેદાદ અને બક્ષનાર તમામ ખલકતને રોજી પહોંચાડવા વાલો તેબી ઘણી અને બહોળાઇથી આપવા વાલો રજકમાં વધારો થવા માટે પાછલી રાતે હાથ ઉંચા કરી હૈડે જો હ્રદયમાં ધરે તો બેશક ફાયદો થાય છે.

૯૪ દાદાર-પેદા કરનાર—દરેકે દરેકનો પેદા કરનાર, દાણા વિગેરેને ચીરીને ઉગાડનાર. મુશ્કેલ કામો આશાન થવા માટે (અષાઉમ દાદાર અહુરમજદ) એમ તસ્બી ફેરવે પાછલી રાતે પરેઝગારીથી હાથ હ્રદયપર રાખી એક તશ્બી ફેરવે તો હકતઆલા તેના દીલથી આફતો પઢનારપરથી ઉપાડી લેય છે. એ પઢવું દરેક ઠેકાણે અવસ્તાઓમાં પણ માલમ પડેલું છે. બીજી ઘણીએક ખુબીઓ ધરાવે છે. એજ પ્રમાણે કે ૨૧) દીવસ કે ચાલીસ દીવસ મનમાં મજબુત કાબુ બાંધીને પઢે પાછો હઠે નહીં. ઘણીજ ઉમદા ગોહર જેવું પઢતર છે.

૯૫ રાસુમંદ—પવિત્રાઇ, ખાલેશી, સફાઇ ધરાવનાર, રહેમીનો ભંડાર, એવો પવિત્ર પરેઝગાર કે તમામ ખરાબી અને એબથી પાક અને પાકીઝા છે. એ નામને જો પઢે બહુજ તો મૌવકલની સીફત હાંસીલ થાય છે, અને એબથી ખાલીશ થવા માટે અને ખરાબ સીફાતો દુર થવા બાબે આ ઇસમ પઢવું જેથી બહુ જલદી અસર થાય છે. (બનામે યજદે બક્ષાયનદેહ બક્ષાયશગરે મહેરબાન યા યજદ યજદાંન અષાઉમ રાયુમંદ રાઅ્ત દાદગર દાવર પીરોજગારી બાંદ નગેહબાને આબતુમ યજમઇદે) એજ માથ્ર ખાસ ખુદાનાજ નામ અને તેનીજ તારીફ અને તાસીર રાસ્ત પરેઝગારી ભરેલો ફરેસ્તો-મોવકલો, સામી પ્રતીમાંએ હ્રદયમાં રાખી દરેક પુરતી પરેઝગારીએથી પઢે સવા લાખ વખત ઉપર આગળ લખેલી ગણત્રી પ્રમાણે તો એવીજ મીનોઇજ્ઞાનને લગતી પરેઝગારીથી અને એવાજ પ્રવાહોથી પઢનારનું હ્રદય આત્મ ખરેખર ઉંચી કીસમના ખોરેહથી રંગાય છે, અને પઢનાર દરેક ચીજને, કલામને એક બે વખત પઢીને દરેક ચીજ ઉપર કાબુ ધરાવી શકે છે. એમાંજ ઉંડા જવાથી એટલે વધારે જાણવાથી ખોદાના ઇશ્કીઓ મીનોજ્ઞાન પ્રાપ્ત કરવાને શકતીવાન છે. દીલની આરસી એવી તો તેજ પ્રકાશીત થાય છે કે ફરેસ્તાઓના મુલ્કોને શેર કરે છે. એમ પુર ખાત્રીથી દસ્તુર હઝરત આજર કૈયવાનનું સાધન છે જે અજબ જેવી તાસીર પઢનારને ફાયદા ભરેલી છે.

૯૬ ખોરેહમંદ-ખોરેહ ધરાવનાર નુર ધરાવનાર કે પોતેજ એવાજ પ્રવાહો-ખોરેહનો ધણી છે કે જેના ખોરેહ આફતાઉંન ખોરેહને તીરની માફક વીંધી નાખી, વાતાવરણમાં અદભુત કામો થાયછે. અંતહકરણ સાફ તેજ મારતું કરી ઉંચી કીસમના ખોરેહ પઢનારને બક્ષે છે. માનસીક સંદેસા કરનારાઓ પહેલે એની તસ્બી જો ફેરવે તો મગજના પાંવરને બહુ ભારી મદદ મલે છે. (અષાઉમ ખોરેહમંદ નુરેમંદ યજમઇદે) એજ ખુબીવંતુ નામ એવાંજ ઉત્તમ જાતના કામ પઢનારને બક્ષનાર છે.

૯૭ ફેરફેગર–સવાબનો કરનાર–એટલે ઈનસાન માત્રે કરેલાં ખરાબ કામોને પસ્તાવો તથા તેની મુક્તી પતેત પસેમાની મારફતે તે પઢવા આગમજ જો (અષાઉમ ફેરફેગર યજમઇદે) કરીને પઢે, તો ગુનાહ જલ્દી કપાઇ જાય છે. એ ખુબીવંતા નામને પઢવાથી એનાજ જેવી તાસીર થાય છે. જે મીનોના રહેવાશીઓને અતીશય પ્યારૂં છે. અને એજ ત્યાં ખરેખરૂં મદદગાર છે, માટે સવાબના કામ કરવાને ચુકશો નહીં.

૯૮ દાવર–અદલ ઈનસાફ આપનાર–એટલે અદલ ઇનસાફ કરવાવાળો છુપી બાબતો જાણવા માટે તેમજ ઇનસાફ વાટે નાહકનો ખરાંનું ખોટું થવાનું હોય તો, તથા વાજબી ઇનસાફ મેલવવા માટે (અષાઉમ શાસ્ત દાવર યજમઇદે) એ પ્રમાણે પઢવું બેશક બહુજ ફાયદા ભરેલું છે. જો આગળથી તમુને ખબર હોય કે મારૂં ખરૂં છે ને આ ખોટો ઇનસાફ થવાનો, તો આગળથી ચીલ્લો ચડાવવો એકવીશ દીવસનો અને રોજ રાતે ઉશહેનગેહમાં ઉઠીને પવિત્રઈથી આગળ લખ્યા પ્રમાણે રીતભાતેથી પઢવું. જરૂર ફતેહમંદીજ પામસો, અને પઢીને ત્યાંજ તેજ જગ્યાએ સુઈ જવું. તો એમ જ્યારે ખુવાબ આવે, બાદશાહની આકૃતીમાં કોરટમાં જડજને કહેતો હોય એવોજ ખુવાબ આવે તો તમે છુટી જશો, ફતેહમંદી પામશો. એવાંજ કામમાં એ ખુબીવંતું નામ બહુજ ફાયદેવંત છે.

૯૯ બોખતાર–મુકતી આપનાર–મોક્ષ આપનાર–બહેસ્ત જેવું; એટલે એવો કે એ પઢનારને એજ બક્ષી આપે છે. જુઓ ભાઇઓ આખરે આપણા અસલ વતનમાં જવાનું છે; માટે એ વતન હંમેશાનું છે. એ ખુબીવંતા નામની તસ્બી ફેરવવી વાજેબ છે. (અષાઉમ બોખતાર યજમઇદે) તેમજ આ દુનીયામાં પણ પઢનારને સખ્તી રંજ દફે કરી રાહત બક્ષે છે; માટે આ દુનીયાનું તેમજ અસલ વતનનું સુખ જોવું હોય તો જરૂરજ એ નામ પઢજો. એ ખુબીવંતા નામને બહુજ પઢે તો તેના અસલ વતનને અને ક્યાં જવાનો એ દરેકને આગળથી જોઇને વખત આવે ત્યારે તેજ વતનમાં જાય છે એવું મજબુત કામ એ ખુબીવંતું નામ ધરાવી પઢનારને રાહત બક્ષે છે.

૧૦૦ ફ્રશાગર રસ્તાખેજ કરનાર તથા રસ્તા ખેજમાં ફરીથી જન્મ આપનાર–એટલે એવો કે ખલક્ત મરવા પછી તેઓને નેકી બદીનો બદલો આપવા માટે સજીવન કરવાવાલો અને પેગમ્બરો ને ચોકકસ મુકરર કરવાવાલો કોઇબી ઇનશાન પરેઝગારીએથી સુતી વખતે હાથ છાતી ઉપર રાખી એક તસ્બી ફેરવે તો અને મનમાં એજ પઢતો પઢતો ઉંઘઇ જાય તો ખોદાયતઆલા તેના હૃદયને નુરના નુરથી ફરેસ્તા મારફતે જીવતું કરે.

૧૦૧ હુઅદહા—પોતાની મેળે પોતાનામાંથી પેદા થનાર, જેમકે ખુદ+હદહા–હ ઉડી ગયો એટલે (ખુદદા)' સંકટની વખતે ઘણીજ લાચારી આવી હોય તો એ પઢનારને કોઇબી ઠેકાણેથી કાંઈ પણ મલી જશે (અષાઉમ હુઅદહા યજમઇદે) અર્થ ફક્ત એટલોજ કે પવિત્રઇ પરેઝગારી ભરેલાં દીલાવર નામ હુઅદહાને નમન કરૂં છું. એ નામની તાસીર એજ ખુબી ભરેલાં કામની છે જો જો દરેકે દરેક એલમો ઘણી પરેઝગારીથી પઢજો. નહીં તો નુકશાન વિગર બીજું કાંઇ જોશો નહીં. બધા એલમો ઉપર સરદાર છે. ઉપર લખેલા દરેક માથ્ર સરોસ બાજ ગેહ પઢીને, હૃદયમાં પઢવાં સરોસ બાજ ગેહ–સરળ બુલંદ અવાજે પઢવો.

" બનામે યજદેબક્ષાયનદેહ બક્ષાયઝગરે મહેરબાન "

માચનો.

મહા જ્ઞાની સેતાયસને લાયકનો કૃપાળુ પાક દાદાર અહુરમજદ મહેરબાન થઇને તમામ ચીજ બક્ષનાર અને ગુનાહ માફ કરનાર મખલુકાતનો ખાવીંદ છે તેના પવિત્ર નામની મદદથી તેમજ અષાઉમ નબી હજરત જરથુસ્ત્રના પાક રૂહની મદદથી શરૂં કરૂં છું.

(અહુનવર.)

પઢવામાં બહુજ સૌથી ઉત્તમમાં ઉત્તમ બંદગી છે કે જે બંદગીથી ઘણુંએક નાશકારક દેવો દરૂજો વિગેરે બંધ કીધા. તથા તમામ કામમાં મદદગાર અને પાર ઉતારનાર એજ અહુનવર છે.

ઘણી એક વખત તેમજ ઘણા બનાવનાર જેવાકે ખોરદેહ અવસ્તાઓમાં એમ લખી જણાવે છે કે ગભરાટમાં, ધાસ્તીમાં ધુમસવાલી અંધારી રાતે ભુલા પડવે અરો માણસની મીજલસમાં દુખ દેનારાઓ સામે દેવ દરૂજો બંધ કરવાને માટે વીગેરે ઘણી બાબતેથી આવવે જવે ભણવાનો સવાબ છે. એ વાત ખરી છે તે હું પણ કબુલ કરૂં છું. પણ દરેક કલામો વધારે કામ કરે તે કેમ સાબીત થાય. મહાન પેગમ્બર અશો જરથુસ્ત્ર એજ અહુનવર તેમજ બીજા કલામો તરત પઢતા કે તરતજ અસર થતી હતી. એ દરેક જરથોસ્તી હમદીનોને સીદ્ધ છે. પણ અંદરખાને એટલુંજ કે ખુદ પેગમ્બર સાહેબને ખોદાની બક્ષેસ હતી. તેજ પ્રમાણે તેવણ મહાન નરની દીલની આરસી પ્રકાશીત થયેલી હતી તેની ખુબીએથીજ મોઅજેઝા અખતરા કરી બતાવવાને સકતીવાન હતા. તેજ પ્રમાણે કેટલાક મહાન દસ્તુરો પણ પોતાની સખત મહેનત અને ક્રીયાઓએથી કરીને દીલની આરસીને તેજસ્વી બનાવી કાંઇને કાંઇ અદભુત ચમતકાર કરી પુરવાર કરી ગયા છે. ત્યારે હવે આપણાઓની દીલની આરસીની ઉપર કીટ ચડેલો છે કે કલામ માત્ર પઢવાને લાયકજ નહીં. એ દીલની આરસી જો તેજસ્વી હોય અને એજ પ્રમાણે સખત મહેનત કરેલી હોય તોજ કાંઈબી ભણતર જેવાકે ન્યાસો યસ્તો, માત્ર કલામો એક બે દીવસ પઢવાથીજ અજબ જેવી અસર કરે છે. પણ આગળના મહાન નરોને પણ દીલની આરશી પ્રકાશીત કરવાને માટે પેગમ્બરોએ કે મહાત્માઓ કે બ્રહ્મજ્ઞાન ઇલ્મેક્ષ્નુમ ધરાવનારાઓએ પણ એકજ શાંત જગ્યા પસંદ કરેલી છે. તે બી ઘણો લાંબો વખત સુધી તસ્બી ફેરવ ફેરવ કે અગર તેનાજ ધ્યાનમાં સુન્યગત થઇ જાય છે ત્યારેજ એવા મોજેઝા થાય છે, કે પઢતાને વારજ તેની અજબ જેવી અસર થાય છે. ત્યારે આપણુ ખાકી બંદાઓ આ ફાની સંસારમાં રહી એ કામની મોજ મજા ભોગવવાને ઉત્સાહ રાખે છે. તો હું ખાત્રીથી કહું છું કે એજ પ્રમાણે સંસારમાં રહીને પણ કેટલેક ચોક્કસ દરજ્જે કામો કલામો મારફતે મહેનત અને ખંતથી થાય છે. એમાં મને કાંઇપણ સંદેહ નથી. તેમાં ખુબી એવી છે કે ૨૧ દીવસ ચાલીસ દીવસ ચીલ્લા કસવા પડે છે. અને તેમાંજ ફતેહમંદી મલે છે. તેના કારણુ મુળ તો પહેલે એજ કે પઢનારની દીલની આરસીપર કીટ છે. તે દરરોજ શાંત વખતે એક જગ્યાએ એક ટાઇમે એટલે ઉશહન ગેહમાંજ ચોક્કસ ટાઇમે આતશ સામે રાખી ખુશબો મુકી પશ્ચીમ દિશા તરફ મોઢું કરી બતીનું ગ્લાસ કોપરેલનું રાખી તેજ જગ્યામાં સુઇ જવાથી પોતાની સંસારની ઉમેદ, મુરાદો બર લાવવાને આ જમાનામાં પણ શક્તીવાન છઇએ. તેના કારણો લાંબા દીવસ ભણવાથીજ દીલની આરસીનો મેલ કપાય છે. શાંત જગ્યા એટલે તમારૂં મગજ શુન્યગત તેમાં થવાને માટેજ તેમજ તમારા પોતાના પ્રવાહો તથા જે કલામ પઢતા હોઇએ તેના પણ ખોરેહ જે કલામના શબ્દોજ ખાસ એવાં ખોરેહ ધરાવે છે જે દરરોજ એકજ ટાઇમે તે બી ફકત એજ કે જે કલામ પઢતા હોઇએ તેના ફરેસ્તાને એકજ નીમીત વખતે આવવાનું સરળ થઇ પડે છે. અને પઢવાના વખત ફેરવ ફેરવ કરવાથી કલામના ફરેસ્તાનેજ કંટાલો આવે છે. જેથી ચોક્કસ વખત રાખવાની જરૂર છે. બતી ખોદા એકજ છે. એમ બતાવે છે. તથા પઢતી વખતે થતું અહરેમંદી દોર બંધ કરે છે, રાતની વખતે પશ્ચીમ દીશાએ મોઢું કરીને બેસવું ગલાસ બતીનું સામે મુકીને તેનું મુળ કારણુ તો આપણા અશો જરથોસ્ત પેગમ્બરનું રૂહ રવાન પશ્ચીમ દીશામાં છે. જે તેવણુના પાક રૂહના પ્રવાહ

બહુ ઉત્તમ છે. સાથે કાંઇ બી કલામમાં પહેલે ગુરૂની તસ્બી ફેરવવા સજાવર છે. ત્યારે આપણા ગુરૂ પશ્ચીમ દીશામાંજ છે. ત્યારે તેવણુ તરફ આતશ સામે રાખી ખુશબો મુકી મોઢું કરવું જોઇએ. અગરબતી તમારાં આંગ પરજ વાંકી રાખવી કારણ કે તેવણુ ખુશ્બીના પ્રવાહને આપણા આંગપર લાવવાને માટે ખુશબો ભરેલી હવા મારફતે ઉત્તમ પ્રવાહ બતાવે છે. ત્યારે તેજ દીશાએ માથું કરીને સુવાથી તેવાજ પ્રવાહોનો સારો ખ્વાબ જોવામાં આવે છે જે આપણા નીમીત ટાઇમે એવી રીતે લાંબા દીવસ પઢવાથી તેના પ્રવાહો દરરોજ નીકલીને વાતાવરણ મારફતે તેજ મતલબના ફરેસ્તાનેજ દરરોજ પુગ્યા કરે છે. સાથે કલામોના પ્રવાહ=ખોરેહ દીલની આરસી પર દરરોજ પડી પડીને મેલ સાફ કરે છે. એવીજ રીતે મુરાદો બર આવે છે. નહીં તો ૯ વરસે પણ કાંઇ વળતું નથી અને કેટલાકોને ફાયદા પણ થાય છે. પણ તેબી ઉપર લખેલી બાબતોમાંજ સમાવેશ થઇ જાય છે. નહીં તો ભણવાનો ટાઇમ અનીયમીત ભણતી વખતે એમ તેમ નજર ભલતા વિચાર તો તેવા બિચાર વાલા પોતાના પ્રવાહ કેમ કાઢે અને કેમ ફરેસ્તાને પુગે, જેવી જેની દીલની લાગણી ઉપર આધાર રહેલો છે. એમ મારા ગુરૂ મરહુમ દસ્તુર કુકાનું કહેવું છે. અને એ મારૂં અજમાવેલું છે.

અહુન્વરની રોજ રાતે ઉશાહેનગેહમાં ઉપર લખેલી બાબતા ધ્યાનમાં રાખી અંતહકરણને ઠેકાણે રાખીને જો પઢે પોતાની મોરાદને માટે રોજ સાત તસ્બી ફેરવે તો ચાલીસ દીવસની અંદર ધારેલી મોરાદ પુરી પડે છે. તોપણ ચાલીસ દીવસ પુરા કરવા. બીનરોજગારોને બહુજ ફાયદા ભરેલું છે. અહુનવરનું સવાલાખનું સાધન મરહુમ દસ્તુર કુકાએ કરેલું હતું કે જેથી એવણ આગાહીથી કાંઇ પણ જાણી શકતા હતા, અને એજ સાધનથી દીલની આરસી તેજસ્વી થાય છે. વધારે પઢવાથી મીનોઈજ્ઞાન પ્રાપ્ત થાય છે. બેહદ ફાયદા થાય છે. દરરોજની સાત તસ્બી મારી પોતાની ફેરવેલી છે સાથે બરાબર ખાત્રી મોરાદ બાબે થયેલી છે.

એજ અહુન્વર દીલની આરસીને એવી તો તેજ બનાવે છે કે કોઇ કોઈ વખતે છાતીપર, નાખ ઉપર ચમકતા ઝલક મારતા તારા જેવું માલમ પડે છે. તમો બહુબી શીખો, ઉત્તમ જાતનું જ્ઞાન લેઓ, તેમજ કલાસોમાં જઇ જ્ઞાન લેઓ તે બધું ખરૂં છે, અને આજની દુનીયાંજ ફકત એવુંજ લઇ બેઠી છે; કારણ કે સંસાર પુઠે લાગ્યો છે. તે છતાં જેને ખરેખરો ખોદાનો ઇશ્ક છે તેવાઓ તો પોતાનું કામ છોડતાજ નથી. જો એવી બાબતમાં ઉતરો તો પરેઝગારી-હરામ ખોરાક વિગેરે બાબતોનું મજબુત ધ્યાન રાખવાને ભલામણ કરૂં છું; નહીં તો નાહકના નુકશાનમાં પડી જશો. તમે કોઇબી, કલામ કે માથ્ર પઢો એટલા દીવસમાં જો તમારા ઘરમાંથી આતશ જો ચુલામાંથી ગુમ થયેલો માલમ પડસે તો બાતલ. પઢતાં બતી રહે તે કાકડો ઉચકી અરદીબેસમાં મેલવી બતી સલગાવવી તેબી તેજ આતસે કાંદી સલગાવી અને બતી વધારવી. બીજુ જ્યાં અરદીબેહસ્ત નથી ત્યાં કાંઇ પણ નથી પણ ઉલટી સૈતાનીયત શકતીથી હેરાન થવું હમેશને માટે છે; કારણ કે અરદીબેહસ્ત મારફતેજ દરેકે દરેકની બંદગી પહોંચે છે. આંખને મીચામણા કરવા નહીં. સ્થીર રાખવી જોઈએ હ્રદય ઉપર બંધ આંખે કીકી ફેરવ્યા વગર ધ્યાન આપવું એમાં ભુલ કરવી નહીં.

બાજ લેવાની અને મુકવાની તે વિષે સમજ.

હવે જાણે કે હોરમજદયસ્તની બાજ લઇને માથ્ર પઢવાનો છે તો હવે જાણે હોરમજદયસ્ત પઢવી શરૂ કરી, તે જરા આગળ ચાલ્યા કે ફ્રવરાને મજદયસ્નો જે ગેહ હોય તે પઢે અને તેનાથી થોડે ચાલ્યા કે એજ પેરેગરાફ પુરો થાય તેના છેડેના અક્ષર હચ ફ્રાઅષવ વિધ્વાઓ ફ્રઓતુ, અહીંઆથી બસ બંધ કરવું એ બાજ લીધી કહેવાય.

અને હવે માગ્ર પઢો. જાણે પઢી રહ્યા ત્યારે હવે બાજ મુકવી તેની સમજઃ– ત્યારે હવે કયાંથી પઢવાનું ? હોરમજદ યશતમાં જ્યાં એમ આવ્યું છે કે (બાજમાં પઢે) અહુરમજદ ખોદાએ તે પઢયા કે એની આગળ જરા (યશનેમચ વહમેમચ અઓજસચ જવરેચ આફ્રિનામી અહુરહે મજદાઓ રએવતો ખરેનધઉહતો એષેમવોહુ ૧) અહીંઆ સુધી બસ પઢવું એટલે બાજ મુકી કહેવાય.

હફ્તાન યશતની બાજ વિષે સમજ.

શરૂ કરી અને ફ્રવશાને મજદયસ્નો જે ગેહ હોય તે પઢે ત્યાંથી આગળ ચાલ્યા કે ફ્રા અષવ વિદવાઓ ફ્રઓતુ સુધી બસ બાજ લીધી કહેવાય અને પછી માગ્ર પઢવા શરૂ કરવું અને પુરૂં થયુ કે બાજ મુકીને ઉઠવું તે કેમ ? (બાજમાં પઢે) અહુરમજદ ખોદાએથી અહ્માઇ રએશચ, હજંઘરેમ, જસમે અંવધહે, કેરેફેહ મોજદ સુધી એટલે બાજ મુકી કહેવાય.

અરદીબેહસ્ત યશતની બાજ વિષે.

ઉપર લખ્યું તેમજ શરૂઆત કીધી, અને આગળ ફ્રવશાને મજદયસ્નો જે ગેહ હોય તે પઢે. ત્યારે એ પેલેગરાફ પુરો કરવો. વોઉરૂ. દોઇથ્રામ, મજદધાતામ અષઓનીમ યજમઇદે તુલીક બાજ લીધી કહેવાય. પછી મુકવાની (બાજમાં પઢે) પછી શરૂ કરે તે અહ્માઇ રએશચ, હજંઘરેમ, જસમે કેરફેહ મોજદ સુંધી એટલે બાજ મુકી કહેવાય.

બેહેરામ યશતની બાજ.

શરૂઆતથી ગેહથી આગળ ચાલ્યા કે વિદવાઓ ફ્રઓતુ સુધી બાજ લીધી કહેવાય. અને કેમ મુકવી તે ઉપર સમજાવ્યું છે તેજ પ્રમાણે દરેક યશતમાં એમજ અને એવીજ રીતે બાજ લેવાનો અને મુકવાનો તરીકો એજ છે.

(એજમતી નીરંગ બાબે)

તથા ઉત્તમ દીવસો.

તેમજ તાવીજો લખવા બાબે કલમ કેવી વાપરવી તે તથા તેની ક્રીયા પરેઝગારી વિશે.

જો કુવાનું પાણી મલે તો જરૂર વાપરવું. પરેઝગારી વિશે આગળ લખી બતાવ્યું છે તેજ પ્રમાણે તથા કલમ અસ્તગનના ઝાડની સોટીની બનાવવી અગર તે ન મલે તો દાડમના ઝાડની સોટીની બનાવવી. અને ત્રણ વખત નીરંગે ધોઇ પછી પાણીએ મજબુત ધોઈ નાખવી. અને પછી વાપરવી.

તાવીજ વિસે.

તાવીજો તો ઘણાબી છે તેહમુરસ્પ જમસેદ તેમજ ફ્રેદુન આથ્વીઆન વિવંગાવ તેમજ કેખસરૂ પાદશાહના વખતમાં હોમ કરીને સન્યાસી હતા એ વિગેરેના તથા ૨૧ નકસના એકવીસ તાવીજો જે દરેક જાતના તાવીજની ઉપર સરસાઇ અને તે એકે એક મલી ઘણીજ ઉમદા તલેસમાત દેખાવતાં હતાં. જે આજના જમાનામાં અરબી કીતાબોમાંથી મલી આવે છે. પણ હાલમાં એ બધાંની મને લખવાની જરૂર નથી. કારણ કે સમજણ નથી પડતી તેમજ મને પોતાને ખાત્રી ન થાય ત્યાં વગર આ કેતાબમાં લખવાને દરસ્ત ધાર્યું નથી મારી ખાત્રી થશે ને લખીશ.

નીરંગ કરવાના ઉત્તમ દીવસો, અહુરમજદ, દેપઆદર, દપમેહેર, મેહેર, દેપદીન, બહમન, મોહોર ગોશ, રામ, જમીયાદ, શાહરેવર, આવાં, રસ્ના, આસ્તાદ, આસમાન, મારેસપંદ, હવે તાવીજો દરૂજ શકતી ટાળવામાં અરદીબેહસ્ત, આદર, સરોશ, બેહેરામ, દીન.

તાવીજોની જાત.

આગળના જમાથીજ તાવીજ ચાર જાતના છે અને હજુ પણ એજ રીતભાતોથી કરવાથી બરાબર ચાલે છે. તાવીજની જાતના નામઃ-ખાકી, આબી, બાદી અને આતસી.

ખાકી તાવીજ—એટલે ઇનશાનને એ જાતના તાવીજો ધોઇને પાવું, અગર બાજુએ આંગ ઉપર બાંધવાને તેમજ જમીનમાં દાટવાની એ ખાકી નામની જાતના તાવીજનું અનુમાન એ રીતે કરી શકાય છે—મોરાદને માટે.

આબી તાવીજ—એટલે એ જાતના તાવીજો લખીને પાણીમાં દરીયામાં, કુવામાં, નાખવામાં આવે છે. મોરાદને માટે. એનુ અનુમાન એજ છે.

બાદી તાવીજ—એ જાતના તાવીજો મોરાદને માટે લખીને હવામાં ઉડાડી દેવાના છે. અથવા ઝાડ ઉપર લટકતાં રાખીને બાંધવાનો હુકમ છે. અને એનું અનુમાન મોરાદને માટે એજ છે

આતશી તાવીજ—એ જાતના તાવીજો લખીને મોરાદ બર લાવવાના કામમાં આતશ ઉપર મુકી બાળી નાખવામાં આવે છે. અને બળતી વખતે ધુમાડો નીકળે છે ત્યારે અંતહકરણમાં મોરાદ ચાહવી. તાવીજને સુખડ, લોબાનની સાથેજ ઝલકતા આતશ ઉપર મુકી દેવું.

કેટલાક પરેઝગારો સામા માણસને લખીને આપે છે અને કહે છે કે આ રીતે કરજો. અને તે પ્રમાણે કરે છે તો બહુજ સારી અસર કરે છે. એનું કારણ એજ છે કે તે લોકને ખોદાપર બહુજ અત્યંત પ્યાર ઇશ્ક હોય છે. તેવાઓથી પણ તાવીજની ખરેખરી ખુબી ચમતકારીક જેવી તે તરતજ અસર કરતી નથી પણ આસ્તે આસ્તે આપણ કરતાં ઘણી જલદી અસર કરે છે; પણ એની એકદમ અસર કયારે થાય કે દરેકે દરેક જાતના તાવીજોના જકાત ૧૧૦૦૦) લેખે આપેલા એવાજ પરેઝગારોએ હોય અને જો લખીને આપે તો તરતજ અસર થાય છે. પણ એકતાલીસ દીવસમાં ૧૧૦૦૦) જકાત આપતાં દરરોજની આખી આખી રાત જતી રહે છે, અને તેવાઓ કે જે ખોદાના લાલ તરીકે રહેલા છે. હંમેશના તેવાઓથીજ તાવીજ તરતજ અસર કરે છે; પણ મને બી દીવસે નોકરી કરવી પડે છે, પણ એવાઓનું કામજ એજ કે, ખોદાની બંદગી તરબી ફેરવવી અને કોઇનું બી ભલું કરવું એવી ખાસીયતો પણ પરેઝગારો ધરાવે છે, અને કેટલાક પરેઝગારો એવા હોય છે કે, કોઈનું ભલું બી ન કરે, સુખ બી નહી ને દુખ બી નહીં. કોઇને જરા પણ આડે આવે નહીં, બસ ખોદા માંજ અને તેનીજ યાદમાં પડયા રહે છે, એવાબી છે.

તાવીજને જકાત આપવાની રીત.

તાવીજ જે જાતનું હોય તેવી તેની વ્યવસ્થા કરવી. જેમકે આતશી હોય તો સુખડ લોબાન સાથે આતશ ઉપર મુકયાં કરવાં દરરોજ આતશ ચુલામાં હંમેશ રહેવો જોઇએ. દરેક જાતના તાવીજોની જકાત આપતી વખતે અરદીબેહસ્તની સાંમેજ કામ થવું જોઇએ. અને દરરોજ રાતે પરેઝગારી મેલવી રોજના ૨૬૯ તાવીજ લખે તો એકતાલીસ દીવસે ૧૧૦૨૯ થઈ રહેશે જે ફક્ત ૨૯ જાસ્તી થાય તે ઘણાં સારા પણ કમતી થયેલાં ખરાબ છે. માટે હંમેશ કોઇબી બાબત વધારે થાય તે ઘણું

મદદગાર છે. અને જેમકે તાવીજની જાત ખાકી છે. તો તેને રોજ સારી પેઠે લખી જમીનમાં દાટે નહીંતો આગર કરનાર જકાત આપનાર જણી પોતેજ પોઇને પી જાય છે. જમીનમાં દાટવા કરતાં પી ગયેલું બહુ ફાયદા ભરેલું છે. અને જો તાવીજની જાત આબી હોય છે. તો રોજના લખી લખીને તેને દરીયામાં, નદીમાં, કુવામાં નાખે છે. વહેતાં પાણીમાં નાખવું જો તાવીજની જાત બાદીની હોય તો હવામાં નાખી ઉરાડી દેય છે જો તેમ ન બને તો ઝાડ ઉપર ઉંચે બાંધે છે. અને જો તાવીજની જાત આતશી હોય તો આતશ ઉપર સુખડ લોબાન સાથે મુકી દેવો. પણ બધી જાતનાં તાવીજની મને ખાત્રી નથી. પણ જે ઘણાં નહીં ને થોડાં ખાત્રીવાલાં છે તેજ મેં લખ્યાં છે. તેમજ મેં પણ કાંઇ કોઇબી જાતના તાવીજની જકાત આપી નથી. પણ મને એ બાબતમાં મરહુમ દસ્તુર કુકાએ રીતભાતો બતાવી હતી તે પ્રમાણે મેં કરીને ખાત્રી કરેલી છે તે આ ઠેકાણે તાવીજની બાબદ લખી છે અને એજ તાવીજે મારી પોતાની મુરાદ પુરી પાડેલી છે. તેજ તાવીજ બતાવ્યું છે.

૬૫૦	૬૫૮	૬૪૫	૬૦૧
૬૪૧	૬૦૯	૬૫૬	૬૫૯
૬૦૫૦	૨૪૨	૭૫૫	૬૫૯
૬૫૪	૬૫૨	૬૫૧	૬૫૯

તાવીજની નીચે આ જગ્યાપર જે આપણી મોરાદ હોય તે લખવી. અને દરરોજ એકસરખું કાનો માત્ર વિગેરે અક્ષરે અક્ષર દરરોજ લખવો. એમાં જરા પણ ફરક કરવો નહીં. નેક ખાહેસને માટેજ વાપરજો. નહીં તો નાહકના નુકશાનમાં પડશો. તમારે જે મુરાદ લખવી હોય તે એક જુદા કાગજમાં લખી મુકવી અને તેમાં જોઇનેજ કાંઇપણ ફરક વગર એકસરખું લખ્યા કરવું. એ પ્રમાણે ૪૧ દીવસ લખવું.

એ તાવીજની જાત આતશી છે. તે બધું પુરૂં થયાં પછી સુખડ લોબાનની સાથે આતશ પર મુકવું અને જ્યારે બળી રહે ત્યારેજ ઉઠવું. બળતી વખતે તમારી મુરાદ હૃદયમાં ચાહવી પછી અરદીબેહસ્તને પગે લાગીને ઉઠી જવું.

ખરેખગારી–તા–તાવીજ. લખવાની તથા શું પઢવાનું તે પહેલે એક સારો ઉમદા રોજ નક્કી કરવો.

જે આગળ લખી બતાવ્યા છે તેમાંથી દરરોજ પાછલી રાતે ચાર વાગે ઉઠવું. ને એકજ વખત રાખવો. નીમેલાં વખતને કોઇપણ વખત ફેરફાર કરવો નહીં. પરેજગારી આગળ લખ્યા પ્રમાણે કરવી. પાણી કુવાનું જો મલે તો બહુ ફાયદો છે. ત્રણ વખત કસ્તી કરીને બેસવું. માથા ઉપર સફેદ ટોપી, તેમજ મોટો રોમાલ રાખવો.

પછી સરોશ બાજ ગેહ, અતિસની ન્યાસ, અહુરમજદયસ્ત અરદીબેહસ્તયસ્ત, પુરી પઢવી. પછી પાછું દાદાર અહુરમઝદની બાજ લેવી અને મુગા મુગા બેસી કાલી શાહીએ દાડમની કલમે જમણા હાથ તરફથી લખવું તે ડાબા હાથ તરફ સીધી લાઇનમાં લખતા જવું. પછી બીજી લાઇન એજ પ્રમાણે એમ પુરૂં કરવું. સફેદ કાગજ ઉપર અને તાવીજની નીચે મુરાદ લખવી. પછી લખેલાં તાવીજ ઉપર બારીક કોડીઉં લોબાન તથા સુખડની કચ્ચરો મુકી આતશ ઉપર મુકવું. અને બળવાનો ધુમાડો નીકળે ત્યારે મોરાદ ચાહવી. અને બળી રહ્યા પછી તેજ જગ્યા પરજ બાજ દાદાર અહુરમઝદની લીધેલી તે મુકવી. પછી ઉઠવું. દરેક જાતની બાજો લેવાની મુકવાની તે આગળ લખી બતાવી છે. જો એ તાવીજ લખીને (નીસ્ત હસ્તી બજુજ યજદાંન) ની તસ્બી ત્રણ ફેરવીને તેજ જગ્યાએ સુઇ જવું. તો એજ પ્રમાણે વખત મલે તેમ આગમજથી વિચાર કરીને વખત મુકરર કરવો. કે સુઇ જવાનો વખત કલાક બે કલાક બી રહે અને તેનીજ યાદમાંજ સુઈ જવું. તો જો જો ખુવાબ ઉત્તમ જાતના પહેલે આવશે. અને પછી ઇરાની દસ્તુરના તેમજ આપણા દસ્તુરના આકારમાં આવીને તમુને કાંઇ કહેશે બી તે ખરોજ રસ્તો સમજવો. પણ જો પાછા હઠતા ના એજ તાવીજ મારૂં પોતાનું બે વખત અજમાવેલું છે અને પહેલે શરૂવાતમાં મને પોતાનું એ કામ કરતાં મારી મોરાદને માટે સખત મહેનત પડી છે. તે છતાં પણ પાછો હઠયો નહીં અને ચાર એકતાલીસાં મહેનત કરી. કોઇ દિવસ પણ વખત ચુકયો નહીં. એજ પ્રમાણે ચોથા એકતાલીસાંની અંદર ધારેલી મુરાદ પુરી પડી હતી. તે છતાં પણ મેં મારા ગુરૂ દસ્તુરના કહેવા મુજબજ ચોથું એકતાલીસું પુરૂં કીધું હતું.


તેજ પ્રમાણે એક બાનુએ એજ તાવીજ લખ્યું હતું અને તે બાઇની મોરાદ સાદીની હતી. જે બે એકતાલીસામાં પુરી પડી હતી. પણ એ ભલી બાનુએ દુર બેસવાના વખતની માફ માગીને પણ તે છતાં આગલું પઢતર ન કરતાં ખાલી અહુરમજદ યસ્તની બાજ ફકત લઇને લખ્યું હતું. તે છતાં પણ તે બાઇની ઉમેદ પુરી પડી હતી અને તે બાઈ પરેજગાર તસ્બી ફેરવનાર બાનું ખરેખરાં અમેંચુસ્ત છે, એવાં એકીનદારની તારીફ કરવા લાયક છે.

પાછું એજ તાવીજ હમદીન ભાઇને આપ્યું હતું જેને માથે મોટો ધોટાલો પઇસા બાબતનો થયો હતો, તેમાંથી તે પોતે ત્રણ એકતાલીસાંએ પોતાની મુરાદ બર લાવી તે ધોટાલામાંથી સફા પામ્યો છે. તેજ પ્રમાણે મેં પોતે એક બાબતસર લખવા માંડયું હતું તે એકતાલીસાંમાંજ આફરીન થઇ હતી કામ થયા પછી દરેક જણે દાદાર અહુરમજદના તથા અરદીબેહસ્ત અમસાશપંદના દરૂન બાજ અફરગાન કરાવ્યાં છે, અને મુરાદ બર આવે ત્યારે કરવા સજાવર છે. તથા એ તાવીજ ફરેદુન આથ્વીઆન પાદશાહનું બનાવેલું છે તે તેવણુને નામનું પણ બાજ અફરગાન દરેક જણે કરાવ્યાં છે અને કરવા સજાવર છે.

આ તાવીજ આબી જાતનું છે, તે એને લખીને દરરોજ પાણીમાં નાખે છે.

મજબુત પરેજગારના હાથે લખાય તો ફકત સાતજ દીવસમાં હરેક તરેહની મોરાદ બર આવે છે પણ જો ઘરમાં કુવો હોય તો તેમાં ત્રણ સાતાં કે સાત સાતાં એથી પાકીજે મુરાદ બર આવે છે.


બાજ હોય ચસ્તની ઘરે આને લખે.



દરેક તાવીજ જમણા હાથપરથી સીધી લાઇનમાં ડાબા હાથ તરફ લખતો ચાલે.

પાછલી રાતે એકજ વખતે લખે, અને કુવો હોય તો કુવામાં નાખે નહીં તો નદી, દરીએ જઇને નાખે. કામ મુરાદ બર આવે ને હોમ ઇજદના બાજ અફરગાન કરાવે અને હોમ ચસ્ત પઢે એમ દસ્તુર કુકાનું કહેવું છે. બાજ મુકવી યાદ રાખવી.

જેને તાપ ઘણી જોરમાં ચડે તો રવિવારે એ તાવીજ લખે, અરદીબેહસ્તની બાજ લઇને પછી પાસે રાખે, આંગપરજ એ તાવીજ ખાકી જાતનું છે એ તાવીજ ખોદાનો પ્યારો તસ્બી ફેરવનાર હોય તો જરૂરજ તાવ નુકશાન વગર અટકેછે, તથા આગળ લખવા પ્રમાણે જો અગીઆર હજાર જકાત આપેલી હોય તેજ માણસ લખે તો બોખાર ઉતરે છે. હાલમાં તો મને કોઇ એવો પરેજગાર માલમ પડતો નથી.



લખી રહયા પછી બાજ મુકવો—

બીમાર ઉતરી જાય તો પણ તાવીજ આંગ ઉપર રહેવાજ દેવું. અરદીબેહસ્ત અમશાસ્પંદના દરૂન, બાજ, અફરગાન કરાવવું.

(પેટમાં ગાંઠ વિગેરે કાંઇબી દુખને દફે કરવાની બાબમાં)

(મને પોતાને પેટમાં જમણી બાજુ પેરૂના ભાગપર કેરીના ગોટલાંની માફક ગાંઠ હતી, જે મને એવી દુખતી હતી કે તોબા તોબા કરાવતી હતી, એમ મહીને બે મહીને મજબુત દુખી આવતી હતી. ઘણા દાકટરોની મદદ લીધી પણ નરમજ ને પડે. પછી ડોકટર મારીના પાસે ગયો, તેવણે મને જોઇ તપાસીને ઓપરેશન કરવા કહયું, તે વખતે હું મુંબઇમાં એક ફરોત્તર મીલમાં સેકંન્ડ કલાસ એનજીન્યરના ચાર્જમાં હતો. પાછો ગરીબ માણસ, સાથે વખત નહીં. ત્યારે હું મારા ઓળખીતા પરેજગારો પાસે વાત કરતો હતો ત્યારે એક ધર્મચુસ્ત હમદીને મને કહયું તેનો ઉપકાર માનું છું. તે આ તકે લખી બતાવ્યું છે. હું દરરોજ મીલમાંથી નાઈ ધોઇ કપડા બદલીને કોઇને અડકયા વગર પગે ચાલતો આતશ બેહરામ જતો હતો, અને દરરોજ સવારોર સુખડના ગાંઠ નંગ પાંચ-સાત, તોલાય તેમ કરીને લઈ જતો હતો. સરોસ બાજ ગેહ. આતસની ન્યાસ તથા અરદીબેહસ્ત યસ્ત પઢતો હતો. પછી અરદીબેહસ્તની બાજ લઇને પઢતો હતો એકવીસ વખત તે નીચે પ્રમાણે છે. અને જ્યારે નીચે લખેલો કલામ ચાલુ હાલતમાં હોય એટલે અગીઆરમી વખત પઢવાનુ આવે ત્યારે બોયવાલા દસ્તુરને સુખડના ગાંઠ આતશ ઉપર મુકવાને વિનંતી કરીને કહેતો હતો. અને જ્યારે તે ગાંઠ બલવા લાગ્યા કે હું મારી પોતાની ગાંઠની ઉપર હાથ રાખીને એમ વમાસતો હતો મનમાં કે જેમ એ સુખડના ગાંઠને યા અરદીબેહસ્ત પાદશાહ જેમ જલાવીને ભસ્મ કરી નાખે છે તેજ મીશાલ આ મારી ગાંઠને જલાવી ગલાવીને ભસ્મ કરી નાખ એ પ્રમાણે મેં નવ મહીના સુધી કીધું અને આસ્તે આસ્તે નવ મહીને એ મારી પોતાની ગાંઠ નાબુદ થઇ ગઇ છે. એ પઢતર નીચે પ્રમાણે છે.

(બનામે યજદે બક્ષાયનદેહ બક્ષાયઝગરે મેહેરબાન યા યજદ-યજદાન, યા રાસ્ત દાદગર નેગેહબાન અષાઉમ બીશાતરના દસ્તગીરે, અષો બએષજો, દાતો બએષજો, કરે તો બએષજો, ઉર્વરો બએષજો, માથ્રો બએષજો, બએષજનામ બએશજહે બએશઝ્યો યત માથ્રેમ સ્પેન્તેમ બએશઝ્યો, યો નર્સ અષઓનો હચ ઉદ્રવાન બએષજ્યાત, અએષોજી અસ્તી બએષજનામ બએશઝ્યો તેમો. યસ્ક અપદ્રુરત, મરહ્ક અપદ્રુરત, દએવ અપદ્રુરત, પઇત્યાર અપદ્રુરેત, અષેમ ઓઘ અનષવ અપદ્રુરત, મષ્યો સાસ્ત અપદ્રુરત અજરી ચિથ્ર અપદ્રુરત, વેહરકો ચિથ્ર અપદ્રુરત, બિજનગ્રો ચિથ્ર અપદ્રુરત, તરોમત અપદ્રુરત, પઇરીમત અપદ્રુરત, તફ્નુ અપદ્રુરત, સ્પજગ અપદ્રુરત, અનાક્ષત અપદ્રુરત, દુજદોઇથ્ર અપદ્રુરત, દ્રુઓગો વાક્ષ દ્રુઓજીસ્ત અપદ્રુરત, જહિ કખરે ધઇને અપદ્રુરત, વાતો પોઉરવો અપાખ્તર અપદ્રુરત, વાતો પોઉરવો અપાખ્તર અપનસ્યત અષાઉમ પીરોઝગર બાદ યજમદે).

એજ પ્રમાણે પહેલે ૪૧ દીવસ દરરોજ ગયો હતો. પછી દર હમકારે આતશ બેહરામ જઈ જઇને એ દરદની મુકતી મને અરદીબેહસ્ત અમશાસ્પંદ પાદશાહે દફે કરી આપી છે તેથી મારી પુર ખાત્રી છે. પેટના દુખ દરદ હરેક તરેહના એ પવિત્ર કલામથી સફા પામે છે.

(હરેક તરેહની મોરાદને માટે).

(નીચે લખેલો કલામ જબાન ઉપર કરવો, અને દરરોજ આવાં અરદવીસુરની સનમુખ જઇને એકજ વખત રાખીને, શાંત જગ્યાએ તેગી એકજ જગ્યાએ બેસીને એક તસ્બી ફેરવવી જે મરદને તાકાતને માટે તથા બેકાર રોજીવાલાઓએ તેમજ પોતાની હરેક જાતની ખાહેસ પુરી પાડનાર કલામ છે. તથા ઓરતોને દુધ બાલક માટે લાવવાને દુખ દરદો દફે કરવાને માટે આ કલામ બસ છે.

ત્રણ વખત આવાં ઈજદનું પાણી લઇ ત્રણ વખત કસ્તી કરવી. ઘરથી નાહી ધોઇ પરેઝગારીએથી પગે ચાલતા જવું બહુ ફાયદાકારક છે. બને તેમ કરીને રસ્તામાં કોઇ સાથે વાત કરવી નહીં તેમ કોઈને અડકવું પણ નહીં. એજ પ્રમાણે જો કરે તો ૪૧ દીવસની અંદર ઉપર લખેલી દરેક જાતની મોરાદ બર લાવે છે. બાજ દાદાર અહુરમઝદની લઇને પઢવા બેસવું. પછી પઢી રહયા પછી બાજ મુકી ઉઠવું. હરેક જાતની ધારેલી મોરાદ બર લાવે છે.

(બનામે યજદે બક્ષાયનદેહે બક્ષાયબગરે મેહેરબાન યા યજદ યજદાન અષાઉમ ગરગર યજ-મઇદે દાનાવ અએ નુરે ખોદા આબે રવાં અરદુઇસરે યજદાં જીનીઆએશો યસ્ત ખાંદનેમન બાદતો શાદાં, વી. બંદગીઓ જે કરે ખોદાનેજ દેતો કરદમ, અજ બેહરેશ્વા હાજેત મત નેજદશ બેરશાં, અજ તરફે મનત અરજરસાં દર દરગહે યકતા, અજજુદીઅત ઇમદાદ કુનો મોશકેલમ આશાંકુંન રેજક ફરાખ આબ ફેજાદારી, અમ આબાદ અફજુનીએ ફરજંદ કુનીજા ખાલેકે ગએહાં અષાઉમ પીરોઝગરી બાદ યજમઇદે.)

એ પ્રમાણે એક તસ્બી દરરોજ ફેરવવી, ફરજંદની મોરાદને માટે તથા રોજી રોજગાર મેલવી આપનાર એકકો કલામ છે. આફત-રંજનો ટાલનાર છે.

બાજ મુકવી યાદ રાખવી—અશો પેગમ્બર જરથોસ્ત સાહેબની તસ્બી પહેલે ફેરવવી, એજ ગુરૂપદ ધરાવનારૂ અશો ઝરથોસ્ત પેગમ્બરજ બંદગી પહોંચાડનાર છે.

(નીચે લખેલો કલામ હરેક તરેહની મુરાદ બર લાવે છે.)

સખતી-સંકટ, દુખ દરદ, રોજી રોજગાર તેમજ બીજી નેક ખાહેસોમાં ફતેહમંદી બક્ષવાવાલો કલામ છે. દરરોજ ઉશહેનગેહમાં આગળ લખવા પ્રમાણેજ દરેક બાબતો ધ્યાન રાખીને તસ્બી સાત ફેરવે તો દરેકે દરેક જાતની હાજતો એકતાલીસ દીવસની અંદર પુરેપુરી રીતે બક્ષે છે. સાથે એજ કલામને જો સવાલાખ વખત પઢે તો દીલની આરસીનો મેલ ધોવઇને પઢનારનું આંગ પરેઝગારી મેલવી દરેક બાબત કરવાને શકતીવાન થાય છે તથા વધારે પઢવાથી મીનોઇજ્ઞાન પ્રાપ્ત થાય છે.

(નીસ્ત હશ્તી બજુજ યજદાંન).

એજ શબ્દો મહાન દસ્તુર હઝરત આઝરત કૈયવાનના છે. જેવણ એજ કલામથી બધી આગાહી જાણી સર્વ ભેદનો ખુલાસો જાણતા હતા.

એજ પ્રમાણે અહુનવરનો પાક કલામ પણ ઉપર લખેલા કલામ જેવી મજબુતમાં મજબુત શકતી ધરાવે છે. તેમજ એજ અહુનવરનો કલામ દુનીયાની દરેકે દરેક બાબતે બસ છે. સવાલાખ મરહુમ દસ્તુર કુકાના પઢેલા હતા. એથી બી જો વધારે પઢે તો અશો અહુરમઝદના પવિત્ર દરશન કરાવી આપવાને શકતીવાન છે.

(દોલતની બાબમાં).

બોહણું ફઝલ કરનાર, પૈસા ટકાની આફત ચાલીસ દીવસની અંદરજ મટી જાય છે; તેમજ હંમેશ પઢવાથી દોલતનો ગંજ બક્ષનાર છે. આ નીચે લખેલો શબ્દ છે જે દોલત-લક્ષ્મી ઉપરનો મોવકલ ફરેસ્તો છે અને ઘણું કરીને (મીનો અશીશવંઘ) ની સાથે આવનાર છે. ખાસ કરીને દોલત-લક્ષ્મી ઉપરજ મોવકલ છે. જે માણસ ફકત એને યાદ કરે પરેઝગારીથી મજબુત દ્રઢ પાયે

તો ચાલીસ દીવસની અંદરજ પોતાનો ખુબસુરત ચેહરો બતાવી દેખાવ દે છે અને મહેનતના પ્રમાણમાં બેન્યાઝ ન્યામત-દોલત-લક્ષ્મી કોઇબી રસ્તે મલી આવે છે. એ શબ્દ આ પ્રમાણે છે.

(યા વંધહુદાઓ, વંધઉહીમ પરૈનદીમ યજમઇદે) રાતના હંમેશ એકજ વખત.

ગુરૂની તસ્બી દરેક કામમાં પહેલી ફેરવવી, ભુલવું નહીં.

(અષાઉમ, કવએમ, ખરૈના, નબી જરથોસ્ત) એ બાબત હૃદયમાં રાખી ઉશાહેનગેહમાં ઉઠીને પઢે, અને અગીઆર તસ્બી ફેરવે તો મારી ખાત્રી છે કે જરૂર ફાયદો પહોંચે. અને જો ચાલીસ દીવસમાં સવાલાખ પુરા કરે તો, એની અંદરજ પવિત્ર તેજવાલાં ખોરેહથી ભરેલો સામ સામે દેખાવ દે છે, તો જીંદગી સુધી લક્ષ્મીની આફત કોઇ દીવસ આવેજ નહીં. એ આજ બાબતની અગીઆર તસ્બી એક સખત સંકટ ભરેલા જરથોશ્તીએ ફેરવી અને એકવીસ દીવસની અંદર સરસ પગારે નોકરી મલી હતી તેથી મને સારી ખાત્રી છે.

(દુખ દરદ નાશ કરી દરેક બાબતોને માટે)

આ લખેલો માથ્રનામી.

ચમતકારીક રીતે તંદોરશ્તી બક્ષનાર, દરેક જાતના રૌગનો નાશ કરનાર, કોઇબી તરેહની બલી મોરાદ બર લાવનાર, જીંદગીને સુખ આપનાર, માલ મીલકત તથા દોલતનો વધારો કરનાર, તેમજ દેશને આબાદ કરનારો કલામ છે, અને એ કલામને આવાં અરદવીસુરની સનમુખ પઢવો. એકજ ઠાઇમે. એ પ્રમાણે દરરોજ એક તસ્બી ફેરવવી. ચાલીસ દીવસમાં મોરાદ હકતઆલા બર લાવે છે. કોઇબી કલામ પઢવામાં પાછા હઠતાના, આગળ વધ્યાજ જજો. જરૂર ફતેહ છે. આવાં અરદવીસુર જવાને ન બને તો, સોજી ધાતુની લોટીમાં કુવાનું પાણી, અરદીબેહશ્ત ફુલ વિગેરે સામે રાખી ઘરમાં પઢવો; પણ આવાં અરદવીસુર પાસે જઇ કશ્તી કરીને તસ્બી એકજ દરરોજ ફેરવવી. (બનૉમે યજદે બક્ષાયનદેહ બક્ષાયશગરે મેહેરબાન યામ અરદવીમ સુરામ અનાહીતામ, પેરેથુફ્રાકામ, બએષ્જ્યામ વીદ એવામ, અહુરૌતકએષામ, યેશન્યામ, અંઘઉહે અશ્ત વઇતે વહુમ્યામ, અંઘઉહે અશ્ત વઇતે, આધુ ફ્રાધનામ અપઓનીમ, વાંશ્વો ફ્રાધનામ અપઓનીમ, ગએથો ફ્રાધનામ અપઓનીમ, શએતો ફ્રાધનામ અપઓનીમ, દંઘહુ ફ્રાધનામ અપઓનીમ યજમઇદે) પહેલે આવાં અરદવીસુરની ન્યાસ-નહીં તો યસ્ત પઢવી. પછી આપણા ગુરૂની તસ્બી ફેરવવી, પછી આ કલામની તસ્બી એક ફેરવવી. મોરાદ, શાહત અને દોલત બક્ષનાર માથ્ર ઉપર લખેલી બાબતોપર હકક ભોગવે છે, તથા બાનુઓને ખાવીંદ બક્ષનાર એકકો કલામ એજ છે.

આ નીચે લખેલો કલામ સામા માણુસ સાથે **મહોબ્બત બનાવી આપનાર** તાબે કરી આપનાર છે. જે પરેઝગારીથી દરરોજ ઉશાહેનગેહમાં એક તસ્બી ફેરવે અને સામા માણસને અંતહ-કરણમાં બરાબર રાખે, તો ઉત્તમ જાતની મોહબ્બત બનાવી આપનાર ખરેખર ઘણોજ શકતીવાન છે. કામ થયા પછી ગોશાયસ્તની બાજ, દરૂન અફરગાન કરાવવું એ બાબત યાદ રાખવી.

(બનૉમે યજદે બક્ષાયંદેહે બક્ષાયશગરૈ મેહેરબાન યા-અષાઉમ અહુરમજ્દ, યા-ગેઉશ ઉર્વં દ્રવાસ્પ સૂરહે ખોરેહ બેરેસાદ, દજદીમે, વંઘઉહી સેવીસ્તે દ્રવાસ્પે તત આયપ્તેમ યત બવાની અઇવી, વન્યાઓ, અજીમ, દહાકેમ યજમઇદે) તમારો દુશ્મન હોય તેને પણ હૃદયમાં રાખીને પઢે, તો તે પણ તમુને આહતો થઇ જસે.

આ નીચે લખેલો માથ્ર (**મરદોની બગડી ગયેલી મનીને-વીર્યને સ્વચ્છ કરે છે, બગડેલાં ગર્ભસ્થાનને સુધારી આપે છે** તેમજ જણનારીઓને સહેલાઇથી જન્મ આપવાનું બક્ષે છે. તથા જણનારીઓને લાયક વખતસરનું દુધ આપે છે) **આવાં અરદવીસુર પાસે જઇને તસ્બી એક ફેરવે ન્યાસ યસ્ત કરે પહેલે-પછી ગુરૂની તસ્બી પછી આ માથ્ર પઢે (પનામે યજદાન અહુરમજદ ખોદાય અવજુની ગોરજે ખોરેહ અવનયાદ આવાં અરદવીસુર બાંનુ બેરેસાદ-દજદીમે વંઘઉહી હુરઓધ સેવીશ્તે, અરદવીસુરે તત** આયપ્તેમ યા વીસ્પનામ અરષ્નામ **ક્ષુદ્રાઓ યઓજ દધાઇતી યા-વીસ્પનામ હાઇરિષીનામ,** જાંથાઇ ગરેવાંન યઓજ દધાઇતી-યા વિસ્પાઓ હાઇરીષીશ હુજામિતો દધાઇતી યા-વિસ્પનામ હાઈરીષીનામ દાઈતીમ રથ્વીમ, પએમ અવબરઇતી યજમઇદે.)

ગમે એવો સખતમાં **સખત દુશ્મન બંધ કરવામાં** તથા બાગ્રેજ મજબુત સૈયતાન કોઇને લાગો હોય અને તે પાછો હઠતોજ ન હોય-તેમજ ગમે એવાં ભારી દરદી દરદને **બીમારી** બંધ કરી ઉપર લખેલી દરેક બાબતો તોડી જીંદગીને આરામ બક્ષી આપનાર કલામ-એજ કામો ઉપર સરદારી ભોગવે છે. **જો** બરાબર પરેઝગારીથી અમલ કરે તો બેશક ફાયદો મેલવે. રાતના ઉશહેન-ગેહમાં ચોકકસ વખતે ઉઠી **આતશ** સામે સુખડ લોબાન મુકીને એક **તસ્બી હરરોજ ફેરવે** (પનામે યજદાન અહુરમજદ ખોદાએ અવજુની ગોરજે ખોરેહ અવનયાદ અરદીબેહસ્ત અમશાસ્પંદ બેરેસાદ યા થમનંઘઉહન્તેમ, વરેચંઘઉહન્તેમ, યઓક્તિવન્તેમ, ક્ષયમ્નેમ, ઇસાનેમ, ખાથ્રવન, તૂત અવંઘહે જહાત, આવોય મેબઘ અશ વહીશ્ત યશ્કનામ યશ્કોતેમ જનાત, યસ્કનામ યસ્કોતેમ ત્બએષ્યાત, મહરકનામ મહ્રૂકોતેમ જનાત મહ્રૂકનામ મહરકોતેમ ત્બએષ્યાત દએવનામ, દએવોતેમ, જનાત દએવનામ દએત્રો તેમ-ત્બએષ્યાત પઇત્યારનામ પઇત્યારોતેમ, જનાત પઇત્યારનાંમ પઈત્યારોતેમ, ત્બએષ્યાત અષેમઓઘ અનશવ, જનાત, અષેમઓઘ અનશવ ત્બએષ્યાત, મષ્યોસાસ્ત સાસ્તો તેમ જનાત મષ્યો સાસ્ત આશ્તોતેમ ત્બએષ્યાત યજમઇદે.)

બીમાર ગમે એવાં હઠીલાં દરદને માટે દરરોજ એક **તસ્બી પઢે** અને ૧૦૧) **દમ** ગલાસમાં ચોખ્ખું પીવાનું પાણી કુવાનું મલે તો બહુ સારૂં, તે તોલા સવાનો આસરોએ લેવું અને તે પાણી ઉપર દમ કરતો જાય, તથા દરદી માણસને હૃદયમાં સામેજ રાખે. **એ કલામ જુબાન** ઉપર **કરવો,** અને દરદીનો ચેહરો બંધ આંખે ખેંચવો, અને તેને પણ તસ્બી ચાલતી વખતે દમ કરવો. **એ પ્રમાણે** જો કરવા **માંડે** અને પહેલું પાણી પીવરાવે તો જરૂર બે ત્રણ દીવસમાંજ આરામ **જેવું** માલુમ પડશે. એજ પ્રમાણે ચાલીસ દીવસ પુરા કરવા. તો જરૂર અરદીબેહસ્ત અમસાસપંદ રાહત બક્ષે છે. દરૂન-અફરગાંન કરાવવું. સૈતાન મજબુતમાં મજબુત હોય તોપણ સાત દીવસમાં **ચાલી** જાય છે. કદાચ ન જાય તો ચાલીસાંએ તો જરૂર ભાગે. પરેઝગારીપર બહુજ આધાર છે. **દુશ્મનને** માટે પણ એજ પ્રમાણે કરવું. ફકત પઢવા બેસવાની અગાઉ દુશ્મન પાછો હઠે એવી દુવા માગવી, **અને** પઢી રહયા પછી એજ પ્રમાણે દુવા ચાહવી. દુશ્મનના ચહેરાને હૃદયમાં ખેંચી લાવવો તસ્બી ચાલતી વખતે. અને ચેહરો **આવે** કે તેને પણ દમ કરવો. એ પ્રમાણે કરવાથી બહુજ જલ્દી અસર થાય છે. પણ સેતાનને માટે પઢો તો ખોરદાદ યસ્તતો ચોકો કરીને બેસવું ભુલવું નહીં. બાજ બેહરામ ઇઝદની લઇને બેસવું પછી બધું ખલાસ થયા પછી બાજ છોડીને ઉઠવું.

(ચોકો કરવાની-કશ ખેંચવાની ક્રિયા.)

જ્યાંબી સેતાનીયત ટાળવાને માટે કાંઇબી પઢના હોય તો આગમજથી કશ ખેંચવો પરેજગારીએથી નીચે માથ્ર લખ્યો છે તે પ્રમાણે કરવાથી એજ માથ્ર પઢનારની દેહ રક્ષક તરીકે પાદશાહની માફક પઢનારની દરેક બાજુએ ઉભો રહે છે.

બાજ ખોરદાદ અમશાશપંદની લેવી. અને પોતાની બેઠકની આસપાસ દરીઆની રેતી, નીચલા કલામો સાત વખત પઢતાં પઢતાં રેતીનું ચોરસ યા ગોળ પઢનારે અંદરજ રહીને કુંડાળું બરાબર છેડા મલે તેમ કરવું. મોટું કુંડાળું સગવડને માટે રાખવું. કુડાળું થઇ રહે અને કુંડાળાની બધી બાજુ નજર ફેરવી દમ કરતા જવું. પછી બાજ મુકવી. (પનામે યજદાંન અહુરમજદ ખોદાએ અવજુની ગોરજે ખોરેહ અવજાયાદ ખોરદાદ અમશાશ્પંદ બેરેસાદ યત કામ્ચિત્ થ્વામ્ચ હુજેમચ હુઇથ્યો અયનામ હેન્તુમ્ કામ્ચિત્ વા અઇપ્ય એનામ્ હેન્તુમ્ કામ્ચિત્ વા રએથ્વનામ કામ્ચિત્ થ્વાંમ્ચ ફ્રુજેમ્ચ અઇરયાબ્યો પાયએઇબ્યો જનાનિ થ્વામ્ચ ફ્રુજેમ્ચ બન્દામિ થ્વામ્ચ ફ્રુજેમ્ચ નિધ્ને થ્વામ્ચ ફ્રુજેમ્ચ નિજ્બરેમ ફ્રુજેમ્ચ યજમઇદે) એ પ્રમાણે કરીને બેસવું પછી માથ્ર પઢવા માંડવો. પરેજગારીની બાબતો ધ્યાનમાં રાખવી.

(આ નીચે લખેલો માથ્રનામી-હરેક જાતની મુરાદ **પુષ્કળ રીતે બક્ષેસ કરવાને ફકત બક્ષેસની ઉપરજ સાહેબી ભોગવનાર** પઢનારને દરેક જાતની ભલી મોરાદ બક્ષવા જરાબી કસર રાખવા ન છતાં બરાબર ખાત્રીથી ઉમેદ બર આવે છે.)

(બનાંમે યજદે બક્ષાયંદેહે બક્ષાયસગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ યા દાથ્રીસ વરેચંઘ ઉહન્તેમ, પોઉરો રપક્તીમ હવોજસ અવંઘહે જહાત, ફ્રાનેમાને તિશ્ત્રીમ શ્તારેમ રએવન્તેમ્ ખરેન ઘઙ્હન્તેમ યંજમઇદે થમનઘ્ઉહન્તેમ વરેચંઘ્ઉહંતેમ, યઓઽ્તિવન્તેમ ક્ષયન્નેમ ઈશાનેમ્ હજંઘ્રાઈ અયપ્તનાંમ્ યો દધાઇતિ ફ્રુરનવાંનાઇ પોઉરૂરા અયપ્તાઓ, જઇધ્યન્તાઇ, અજઇધ્યમ્નાઇ મધ્યાઇ યજમઇદે) આ માથ્રને અઇવિશ્રુથ્રેમ ગેહમાં પઢવો. જુબાને કરી ખાઈ જમીને એક તશ્બી પરેજગારીએથી પઢવો, સુતી વખતે અથવા એજ ગેહમાં અરદવીસુરની સામે પઢવો બહુજ ફતેહમંદી આપનાર ધારેલી મુરાદ બક્ષીસ કરે છે. પઢવા લાયક, વખાણવા લાયક. હમેશ જો તશ્બી ફેરવે એક તો સંકટ જેવું કોઇપણ દીવસે જોનાર નથી એજ પ્રમાણે એને ઉશહેનગેહમાં એક તશ્બી ફેરવે તો બહુજ ઉત્તમ જાતની બક્ષેસ કરવાને જબરજસ્ત સરદાર છે. એટલો એ કલામ મજબુત છે કે પઢનારને વધારે પઢવાજ ના હેય. તેરતર તીરના રૂન બાજ અફરગાન કરાવે) ચાંદરાત થયા પછી શરૂ કરવું. માહ બોખ્તાર જોઇને શરૂ કરવું.)

(બનામે યજદે બક્ષાયદેહે બક્ષાયશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ, યા હફત અમશાશ્પંદ બેરેસાદ, ફ્રાનેમાનેહત્ મીજદેમ્ મવએથેમ્ ફ્રદદાથા દએનાબ્યો મજદા અહુરા, અહ્યા હવોને દાઇદી અહ્યાઈચા, અહુયે મનખ્યાઈચા તત્ અહયા યા તત્ ઉપા-જમ્યામા, તવચા સરેમ અષખ્યાચા વીસ પાઇયવે યા વોહુ વિસ્પાચા યજમઇદે.

હફત અમશાશ્પંદની બાજ લઇને એ માથ્રની તશ્બી ઉસહેનગેહમાં ફેરવે તો દરેક ધારેલી મુરાદ બહુ જલ્દીથી પુરી પડે છે. **દરેક બાબતે બસ છે.** દુશ્મનોથી આવતી આફતોથી બચે છે. તેમજ રોજી રોજગાર, ફરજંદ તંદોરસ્તી વિગેરે ઘણી ખાસીયતો ધરાવે છે. સવાલાખ જો પઢે તો દીલની આરસી એકદમ સાફ થઇ જાય છે, અને અહુરમજદના ઉંડા પવિત્ર ઝલકાટવાલાં ખોરેહ પઢનારને દેંકે છે. જે દરેક બાબતે કાબુ ધરાવી આગાહી જાણનાર થાય છે.)

(ખુદરતી જવાબ મેળવવા માટે)

(બનાંમે યજદે બક્ષાયંદેહે બક્ષાયશગરે મેહેરબાન યા અષાઉમ અહુરમજદ યા સરોશ અશો તગીતન ફ્રરમાંન રોકફ્તછન છન-અવજાર સાલારે, દામાને અહુરમજદ બેરેસાદ, ફ્રાનેમાને યા યઓ-ક્તિવંન્તેમ, વરેથ્રંધઉહન્તેમ, ખાથ્રવન, અઓષેમ અષીમ હુરઓષેમ વેરેથ્રાજનેમ ફ્રાદતગએથેમ અષ-વનેમ અષહે રતુમ યજમઈદે યો આક્તિશ્ચ, ઉર્વઇતિશ્ચ ફુત્નેશ્પશ્યો શ્પેનિશ્તહે અવાન, અમેષાઓ, શ્પેન્ત અવિહપ્તો ક્રર્પઇરીમ જામ યો દએનો દિસો દએનયાઓ, અશાઇ દએનામ્ દએસયાત્ અહુરો મજ્દાઓ અષવ યથ્ય પસુશ હઉવઁઓંધહે, અએતત્ સ્રઓષેમ અષીમ પઇરી બરામઇદી યિમ્ અષવનેમ વેરેથ્રાજનેમ અએતત્ સ્રઓષેમ્ અષીશ, ફ્રાયજામઇદે યિમ અષવનેમ્ વેરેથ્રાજનેમ, હુમતા-ઇશ્ચ, હુખ્તાઇશ્ચ, હવર્શ્તાઇશ્ચ, જસમેઅવંઘહે યજમઇદે).

સરોશની બાજ લઇને પઢે તો તે ઘરમાંથી સયતાન-દુખ દરદ દેનારાઓ તથા દરૂજના હુમ-લાથી બચવાને માટે તેમજ દરેક રીતે પાસબાની કરનાર ખરેખરો ફતેહમંદ છે જે પઢવાથી સચ્ચા-ઇનો મારગ હાથ આવે છે અને એજ ફરેશ્તાનો ભકતીભાવ રાખવેથી કાંઇપણ સારાજ રસ્તા સુજે અને પુર ભકતીભાવ જો રાખે તો સામા જવાબ અદ્રશ્ય રીતે મલે છે. અશોજરથોશ્તની ઉપર વહી-પેગામ લાવનાર એજ ફરેશ્તો બહમન અમશાશ્પંદની સાથે આવનાર છે.)

(બનાંમે યજદે બક્ષાયંદેહે બક્ષાયશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ યા આતશ દાદગાહ આદર ફરા, યા ખાથ્રવન, યઓક્તિવન્તેમ, ફ્રાનેમાને યજમઇદે, ઉસ્મોઈ ઉજારેષ્વા અહુરા આર્મઇતી તેવીષીમ્ દશ્વા શ્પેનિશ્તા, મઇન્યુ મજ્દા વંધહુયા જવો આદા અશાહજો એમવત વોહુ મનંધહા ફ્રસેરતુમ અષવનેમ્ યજમઇદે).

આ માથ્ર પઢનારને અષાઉમ અહુરમજદ હજુર આતશની મારફતે પોંચાડવાની **ઉત્તમ જાતની બરોબાઇ** બક્ષે છે તેમજ અરજ કરવાથી બક્ષિસ કરનાર તથા હીંમ્મતવાલું જોર બક્ષનાર તેમજ પઢનાર સરદારી ભોગવનાર થાય છે; તેમજ ધારેલી મોરાદ પાર પાડે છે. દુશ્મનનાં મોઢાં બંધ કરે છે. જુબાનપર કરીને રોજ એક તશબી ફેરવવી. આતશબેહેરામમાં જાઓ ત્યારે આતશ બેહેરામ આદર ફરા પઢવાનું, વરી અગીઆરીનું એ પ્રમાણે પઢવું. આતશબેહેરામ જઇને જો પઢે તો ચાલીશ દીવસની અંદરજ મુરાદ પુરી થઈ જાય છે. મારૂં અજમાવેલું છે. ટાઇમ એક રાખજો, તશબી એક ફેરવવી. કરવા લાયક ચીજ છે.)

(બનાંમે યજદે બક્ષાયંદેહે બક્ષાયશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ, યા આતશ દાદગાહ, આદર ફરા, યા થમનંધઉહન્તેમ હુરઓધેમ, ક્ષયમ્નેમ, ફ્રાનેમાને યજમઇદે, હવો મે દસવા યત રફે-થ્રાઈ; વોહરો ચષાને દોઇથ્રીમોઈ યા. વે. અબીફ્રા તાક્ષથ્રહ્યા અહુરા યા વંઘહેઉશ અષીશ મનંધહો ફ્રા શ્પેન્તા આર્મઇતે અષા દએનાઓ ફ્રદક્ષયા, યા. મે. જહાત અષવનેમ યજમઇદે.

આ માથ્રમાં એવાંતો મજબુત **ઉંચી કીસમના બોરેહનો ગંજ** છે, જે દીલની આરસીને સાફ ચકચકીત બનાવે છે; અને બહમન અમશાશ્પંદ જેવી પરેઝગારીના રસ્તા ગેબીથી મલી આવે છે, અને પેહેલે બધી રીતભાતો એજ માથ્ર શીખવે છે, અને આતશની મારફતે એજ કલામથી ખોદાની પીછાનીયત થાય છે.)

(બનામે યજદે બક્ષાયંદેહે બક્ષાયશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ યા બેહેરામ યજદ પીરોજગર દુશ્મન જદાર ગમહે હુતાશતહે બેરેસાદ આઅત્ અહ્માઇ અમવસ્તેમો અમ અહ્મી અમવસ્તેમો વેરેથ્ર અહ્મિ વેરેથ્રવસ્તેમો ખરેનંધહ અહ્મિ ખરેનંધહ હસ્તેમો યાન અહ્મિં યાનવસ્તેમો સઓક અહ્મિ સઓક વસ્તેમો બએષજ અહ્મિ બએષજ્યાતેમો આઅત્ ત્બએષાઓ તઉર્વયેની વીસ્પનામ ત્બએષવતાંમ ત્બએષાંઆ દેઓવનામ મષ્યાનાંમચ યાત્વાંમ પઇરિકનાંમચ સાથ્રાંમકઓયાંમ કરફ્નાંમચ પૈત યજમઇદે યા ફ્રાનેમાને અજેમ વરેથ્રંઘઉહન્તેમ યઓક્ષ્તિવન્તેમ બેરેજન્તેમ સ્પેવન્તેમ ખરેનંઘઉહન્તેમ હુરઓધેમ પોઉરો સ્પક્તીમ વેરેથ્રઘ્નેમ અહુરધાતેમ યજમઇદે મઇન્યો સ્પેનિસ્ત યજતનામ જ્યોતોમો હ આમરેજેન હ વીમરેજેન હ ફ્રમરેજેન હવો અવંઘહે જહાત યજમઇદે.)

આ માથ્ર અરદીબેહેસ્ત અમશાસ્પંદની બાજ લઇને પઢવો. દરેકે દરેક જાતની તમામ મોરાદ બર લાવનાર તેમજ વધારે પરેઝગારીથી ઇશ્ક રાખે. દસ રૂપમાંથી કોઇબી રૂપમાં ખુવાબમાં અગર સામસામે કોઇબી રીતે દેખાવ દે છે. ચાલીસ દીવસ સુધી એક તસ્બી જો ફેરવે તો દરેક બાબતની મુરાદ બર લાવી ન્યામત બક્ષી કોઈ તોડી ન શકે એવી મજબુત કીસમની મજબુતી બાંધનાર **દુશ્મન બંધ કરનાર પાલણકર્તા વૃદ્ધી** કરતા તેમજ પેહેલવાનની માફક જોરેમંદ બનાવનાર દરેક બાબતે પુર ભરપુર છે. બેહેરામ યજદની બાજ દરૂન અફરગાન જરૂર કરવું કે જેથી ઘણી ઉત્તમ જાતની ન ખુટે તેવી બક્ષેસ હાંસલ થાય છે. જો દુશ્મન બંધ કરવાની બાબમાં તસ્બી ચાલતી તે વખતે હ્રુદયમાં બંધ આંખે દુશ્મનને રાખવો તો દુશ્મન થોડાજ વખતમાં શાંત સાથે નરમ પડી જાય છે, અને જરાબી દુશ્મન શાંત થયેલો માલમ પડે કે તરત પઢવાનું બંધ કરવું કારણકે આસ્તે આસ્તે બહુ મજબુત અસર કરે છે. એ કલામને વધારે પઢવાની ભલામણ હું કરતો નથી કારણ દુશ્મનને જબરજસ્ત નસીયત થાય છે. જેવું તમારૂં આકર્શણ તેજ પ્રમાણે એ ઉમદા માથ્ર દરેક બાબતે પુર છે, પણ દુશ્મનને તો દરેક બાબતે જેર કરી નાંખે છે, તેથીજ એ બાબતમાં એનો ઉપયોગ વધારે કરવો નહીં બીજી તરેહની જાતજાતની હરેક બાબતની મુરાદ બર લાવવાને બહુજ શકતીવાન છે, પરેઝગારી મજબુત રીતે રાખવાને સખત ભલામણ કરૂં છું નહીં તો નુકશાનના ઉતરી જશો.

(બનામે યજદે બક્ષાયંદેહે-બક્ષાયશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ યા. હોમ યજદ બેરેસાદ-યા હઓમેમ જાઇરીમ બેરેજન્તેમ યજમઇદે-હઓમેમ ફ્રાષ્મીમ ફ્રાદત-ગએથેમ-યજમઇદે હઓમેમ દુરઓષેમ યજમઇદે વીસ્પે હઓમ યજમઇદે જરથુશ્ત્રહે સ્પિતામહે ઇધ અષઓનો અષીમચ ફ્રવષીમચ યજમઇદે-યો હોમ જઈરી દોઇથ્રો વેરેથ્રજંસ્તરો વસો-ક્ષથ્રો ફ્રાદત્-ગએથેમ ક્ષથ્રો-કેરેતહે સીરહે, ક્ષએતા, વરેદતગએથયાઓ, બએષજ્યેહે-અષિવતોશ્ત્રા, ઉપસ્રુએ-યા વીસ્પહે અંધ્રેહેઉરા-અસ્ત વતો સ્રએરતેમ ગએહે અન્વતો અહિ અમેષહે યજમઇદે-અજેમ દાથ્રીસ હોમ, મે આયપ્તેમ દાઇહી ગા હવો મે દજદી યજમઇદે).

આ માથ્ર ફરજંદની મોરાદ રાખનારાઓએ તેમજ સાદી-લગન યા પરણવાની ખાહીશ રાખનારાં બાનુંઆ તેમજ ગૃહસ્થો, જો એ કલામની તસ્બી ફેરવે તો બેશક મુરાદ પુરી પડી ઘણું સુખ ભોગવનાર એ પઢનાર થાય છે. હોમ યજદના આફરગાન દરૂંન બાજ કરવા તથા તંનદરોસ્તી બક્ષનાર આબાદી કરનાર-પાદશાહની માફક પોતાની મરજી પ્રમાણે નેક રાહ બતાવી રાજ ભોગવનાર કોમની અલમ આજ છે. બેહેરામયજદની બાજ લઈ શાંત જગ્યાએ બેસવું, પછી બાજ છોડવાની યાદ રાખવી.

(બનામે યજદે બક્ષાયંદેહે બક્ષાયશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ યા મીનો અર્શશંગ્ ઓરેસાદ, યા દુધ્ધરેમ અહુરહે મજ્દાઓ ખંધ્રહરેમ્ અમેષનામ્ સ્પેન્તનાંમ યા મેરેન્યુમ્નાઓ અંકુ પએસેમ્નાઓ ક્રા ગઓગ્નાવર, સિરિપમ્ન યશુ કરન મિનુચ જરન્યો પએસ ઉતમાંમ્ ઉપંધ્ધ્હય હિ વોઉરૂ સરેધ અમવઇતી અપમામ્ અપ દઇન્ય ક્રા માંમૂ અઇવી-ઉર્ં એસયંધ્રઉહ-મર્ગ્ઇદિશ્મ્ અષિશ ઓરેજધતી હુધાત આહિ હુચિથ્ર વસથ અહિ ક્ષયમ્ન તનુયે ખરેનંધ્હે દાઇતે અષિસીરે દામિધાઇતે મા અવિ અસ્મનેમ ક્ષુસ મા અવિ જાંમ્ નિઉર્વિસે ઇથમે તુમ્ હાંમ્ ચરંધ્ઉહ અન્તરે અરેઘેમ ન્માનહે સીરહે ક્ષથ્રો ફેરેતહે યા જસ મે અવંધહે અષિસ વંધઉહિ યા બેરેજધતી યજમઈદે)

આ મંતર-માથ્ર ખાસ **બીનોઅશીશવંધ જે દોલત ખજાનો, સુખ તથા પરેઝગારી** ઉપરનોમોવક્કલ નારી શીકલનો ફરેશ્તોછે. મુશ્કેલ બાબતો બારીકીથી સમજવાવાલો બલી કીર્તિ બક્ષનાર સલાહ સંપજ ભરેલા વિચાર રાખનાર, લાંબી દોશ્તીને માટે પોતાનું ઔંતરાવર ખોરેહ મુકનાર-ઘણોજ સુગંધી પમરાટ, ખુશબોદાર પોતે છે, જે જરથોસ્તી આ કલામને પઢે પરેઝગારીથી તો પાદશાહ તથા મહાન પુરૂષો એલચીની મારફતે પુષ્કળ સોનું, રૂપું, કીંમતી સરપાવ તથા મોટો ખજાનો ભેટ આપે છે તેજ પ્રમાણે આ કલામ પઢનારને એવીજ ભેટ જરૂર મલે છે. તથા પરણવાની ખાહેશ રાખનાર બાનું તેમજ ગ્રહસ્થને ઈચ્છા પ્રમાણે એના જેવુંજ બક્ષનાર છે તેમજ દરેક બાબતે મદદ કરનાર મજબુત ફરેસ્તો છે. જે આરાધવા લાયકજ છે. ખરેખરી આરાધવાની-પઢવાની રીત—જો દરરોજ ઉશહેન ગેહમાં ઉઠીને એ કલામને જુબાન ઉપર ફરી ચાલીસ દીવસને માટે દરરોજની એક તસ્બી જો ફેરવે તો આકર્ષણ પ્રમાણે એ ફરેસ્તો દેખાવ આપે છે. ગંજ ખજાનો મલી ધારેલી મુરાદ પાર પાડે છે. એ કલામ પઢવામાં બહુ સવાબ છે. કારણ કે ખાસ દાદાર અહુરમજદની દીકરી તેમજ અમશાસ્પંદોની બહેન છે, તે ઘણાજ કીંમતી ખોરેહની તેમજ ઉત્તમમાં ઉત્તમ ઝવાહીર મઢેલા સોનાના દાગીનાએ સણગારેલી, તેજભારતી દેખાવમાં ખુબસુરત બાનુંની આકૃતીમાં રોશન દેખાવ કરે છે. અંતહકરણમાં મજબુત પાયે સખી ઉભી કરવી અને ફકત ગુલાબનાં સારાં ફુલ, કોપરેલની બતી, અગરબતી, આતશ વિગેરે પરેઝગારીથી રાખમોતો જરૂર ફાયદો થસે અને કરેલી બંદગી બીનો અશીશવંઘની અરવામાંજ દરરોજ સોંપવી. હરેક બંદગીમાં એજ પ્રમાણે કરવું, અને કોઇબી બંદગીમાં કાંઈપણ મુરાદ ચહાવી નહીં. કારણકે એ ફરેસ્તાના કામજ એજ છે. તે એવાંજ કામોની એનાજ ખોરેહથી તેવીજ ચમત્કારીક રીતે અસર થાય છે. તમે મોઢેથી બોલો તોજ એ આપે નહીંતો નહીં; પણ એ દરેકે દરેક ફરેસ્તા તમારી બારીકમાં બારીક મુરાદ જાણી શકે છે, તો પછી મુરાદ માગવી ભુલભરેલું છે. ફકત એમજ કહવું કે આ મારી બંદગી બીનો અશીશવંઘના (અરવામાં) આમીન.

તેના ખાસ કરીને (હક્કમા) તો નઇઅતનો બોલ કદીબી વાપરવો નહીં. (નઇઅત=દયાનત) પણ આપણે તો તેના હક્કમાંજ કહેલું.

નઈઅત=દયાનત સાથે આપણને કામજ નથી, માટે દરેક બાબતમાં એ પ્રમાણે કરવું બહુ ઉત્તમ ફાયદા ભરેલું છે.

જે માંણસ ઉપર અશીશવંઘ પ્રસન થાય છે તેને જાતી અક્કલના ફરજંદ (દોલત પાદશાહ જેવી) તથા અહુરમજદના પેદા કીધેલા તેસ્તર તીર, તથા ઇરાની ખોરેહ હાંસલ થાય છે. ખુદાને મળવાના રસ્તા ઇરાની ખોરેહજ છે.

(બનૅામે યજદે બક્ષાયંદેહે બક્ષાયશ્નગરે મેહેરબાન યા જંઘહુહાઓ અષાઉમ અહુરમજદ યા મજદી યા કવએમ ખરેના યા અષાઉમ સ્પેન્તમાનજરથોસ્ત્ર નબી યા ઓહમાહસ્ત, યા ઓહમાબેદ, યા શનાયા યા શનાયા યા અવ્વલે અકકલ જુરેમંદ ખોરેહમંદ અમશાસ્પંદે બેહમન યા યજદે યજદાંન હોમ યા અમહે હુસ્તાસ્તે યજદાં બેહેરામ યા સરોષ્અષો યા બારી ખોદા મે દસ્વા યા ખુદાવંદે, દાદોહ્ દસ્વા, યા અષાઉમ સ્પેન્તમાન જરથુસ્ત્ર નબી સે દસ્તોસે દસ્વા.)

આ ઉપર લખેલો કલામ જુબાન ઉપર કરે. મોગરાં, સબજો, આતરા, અગરબતી, કોપરેલની બતીનું ગ્લાસ, ખુસબોદાર પમરાટ મારતું અત્તર, સારી અગરબતી, દાંત, બાલ, વિગેરેની પરેજગારી પીસાબનું ટીપું વિગેરે આગલ લખેલી દરેક રીતે ધ્યાન રાખીને ઉશહેન ગેહમાં ચોકકસ વખતે ઉઠીને તરબી બે ફેરવે સાફ મને હ્રુદયમાં ધ્યાન આપીને તો ચાલીસ દીવસની અંદરજ સામસામે દેખાવ આપી ધારેલી મોરાદ પઢનારને પુછીને બક્ષી આપે છે. તમો ચાહો તે મુરાદ બક્ષવા જબરજસ્ત સરદાર પોતાના ઇશ્વરી ખોરેહ પઢનારને નવાજેશ કરે છે. જોજો પરેજગાર નહીં હશો તો ના હકકના ઠોકર ખાસો. **બહુજ જાહોજલાલ ચલકાટવાલા તીક્ષણમાં તીક્ષણ નજરથી જોનાર** જે પઢનારને આગળથીજ તપાસી લે છે. પઢયા પછી તેજ જગ્યાએ સુઇ જશો તો એજ ફરેસ્તા ઘણી તરેહથી ખુશનુમા ખુવાબ આપે છે.

હરેક એલમમાં ગુરૂની તરબી પહેલે ફેરવવી, અને ખોરદાદ યસ્તનો ચોકો અથવા અરદીબેહેસ્ત અમશાસ્પંદની બાજ લઇને બેસવું. તમારા મનમા ખરાબ વિચાર હસે તો બલતું બલતું થઈ જસે માટે ખરાબ વિચારો ઉપર કાબુ ધરાવી એજ કલામની યાદમાં હ્રુદય સાથે સુન્યગત થઈ જવું. જો તમુંને પઢતી વખતે ઉંઘ તો એવી લાગસે કે તમે તે ખુવાબ, તમે જીંદગી તુલીકમાં નહીં જોયલી એવી ચીજોનો ખુશનુંમા જોઇને સવાર થઇ ગયેલી જોશો; માટે એમ જો ઉંઘ આવી જાય તો તમુંને એમ કરીનેજ ચુકાવશો; માટે દરેક બાબતે સાવધ રહેવું બંધ આંખે અંતહકરણપર ડાબી બાજુ જોઇને પઢવાનું શરૂ કરવું.

(કોઇ પણ બાનુ ફરજંદની ખાયસ મોરાદ રાખતી હોયતો આ કલામ ફરજંદ બક્ષી જરૂરજ હસ્તાં મોઢાં કરે છે, તેમજ સહેલાઇથી બચ્ચાંનો જનમ પણ એજ કલામ પાર પાડે છે. ફકત ફરવરદીન યસ્ત પઢાવે અગર પઢે અને ફરોશી કરાવે.

(પનામે યજ્દાન્ અહુરમજ્દ ખોદાએ અવજૂની ગોર્જે ખોરેહ અવજાયાહ્ અર્દ્વિસૂર બેરેસાદ અવત્ આયપ્તેમ્ દજ્દીમે યથ અર્દ્વિસૂર આઓંઘ્હામ્ રય ખરેનંઘ્હચ હાઇરિપીશ્ પુથ્રે વેરેન્વઈ-ની આઓંઘ્હામ્ રય ખરેનંઘ્ચ્ હુજામિતો જીજનેન્તિ આઓંઘહામ્ રય ખરેનંઘહચ્ યત્ બવઇન્તિ હુચત્-પુથ્રાઓ યજમઇદે)

એ કલામ પઢનાર બાનું બચ્ચાં છોકરાંમાં ભરપુર થાય છે. એજ કામનો સરદાર એજ છે. પઢવાની રીતભાતમાં પરેઝગારીથી તરબી ફેરવે. દુર બેસવાના દીવસ આગમજથી માફ માગી લેવા. અરદાફરવસના બાજ અફરગાન કરવા.

જે બાનુંને છોકરાં અધુરે પડતાં હોય અને એજ બાબતની તકલીફ પડતી હોયતો આ કલામને પરેજગારીથી પઢવો. જરૂરજ એ બાબતમાં હરકત કરનારી ચીજો નાશ પામી દરેક અવયવો પુરેપુરા ઘડી સહીસલામતીથી ટકાવી રાખે છે. (પનામે યજદાંન્ અહુરમજદ ખોદાએ

અવનુની ગોરજે ખોરેહ અવનયાદ્ અદફિર્વસ બેરેસાદ અવત્ આયપ્તેમ્ દજદિ મે યથ અદફિર્વસ-યાઓ અસ્મનેમ્ વીધારયેન્ યાઓ આપેમ્ વીધારયેન યાઓ જમ્ વીધારયેન યાઓ ગાંમ વીધારયેન યાઓ બરેશ્નિવ પુથ્રે વીધારયેન પઇતિ-વેરેતે અવર ઇરિથેન્તો આદાતાત્ વિંધાતઓત્ વ્યાહવ ઉર્વત્-યયેન્ અસ્તિય ગઓનય દ્રેવ્દય ઉરૂથ્વાંસ્ય્ પઇધ્યા ઓસય્ ક્રવાક્ષસય યજમઇદે) પરેઝગારીથી પઢે તો જરૂર અધુરે પડતાં છોકરાં બંધ પાડી પાછી પુર તંનદરોશ્તી બક્ષે છે. અરદાફર્વસના દરૂન-બાજ-અફ્રગાન કરવા.

(**જો કોઇ બાઇ બાનું આવીજરીતનો ખાવંદની ઉમેદવાર હોય તો** એજ પ્રમાણેનો ખાવીંદ પઢનાર બાનુંને બક્ષે છે. દુર બેસવાના વખતની માફ માગીને પઢવું. પણ તાજું દુધ સારૂં ચોખ્ખું તથા ફુલ, આતશ, અગરબતી, બતીનું ગ્લાસ કોપરેલનું, સોજું અત્તર, ગુલાબના-મોગરાના ફુલ સબજો વીગેરે પઢતી વખતે સામે રાખવું, અને પઢી રહયા પછી તેજ દુધ પઢનાર બાનુએ પી જવું. પઢવા બેસવાનો ગલીચો રાખવો.

(૫ નામે યજદાંન અહુરમજદ ખોદાએ અવજાુની ગોરજે ખોરેહ અવનયાદ મીનો રામ વએમ્નિત્ બેરેસાદ આઅત્ હીમ્ જઇધ્યેન અવત્ આયપ્તેમ દજદિ મે વયુરા યો ઉપરો-કઇરયો યત્ ન્માનો પઈતીમ વિન્દામ થ્વાનો સ્રએશ્તો-કેહર્પં યાનોહુ બેરેતાંમ બરાત્ યવત ગય જવાવ ફ્જઈન્તી હો વેરેજ્યાત્ દંધ્રરો દન્તો હિજ્ઞુખ્ધો યજમઇદે.)

એજ કલામ જુબાન ઉપર કરે અને રોજ એકજ વખતે હૃદયપર ધ્યાન આપીને એકજ તસ્બી ફેરવે તો પઢનાર બાનુંને મુરાદ મુજબજ સઉથી સોહામણા શરીરવાલો તથા જીંદગી સુધી સારી ચાલ ચલાવવાવાલો તથા ફરજંદ આપવાવાલો બક્ષી આપે છે. વાયે યજદ તથા મીનો રામ યજદ-ના દરૂન-બાજ-અફ્રગાન કરાવે. દારૂ, ગોસ, મચ્છી વિગેરે આરાધનામાં કદીપણ મુકેવું નહીં. નહી તો થયેલું કામ ઉંધુ વલી જાય છે.

(**જો કોઇ બાઇ બાનુને પોતાના ખાવિંદનું દુખ હોય** એટલે ખાવિંદનું પુરતી રીતે હીલ નહોય બરાબર ચાહતો ન હોય તેમજ હાડમારી ભોગવવાતો હોય એટલે પોતાના ખાવિંદ તરફથી સંકટ જેવું હોય તેબી એકલી પોતે બેસીને સંકટ=યા બેસીને ચુપકીદીથી રડીને શોશવું પડતું હોય એવું મહાભારત સંકટ દુખ બાનુના આંગ ઉપરથી હઠાવીને ખાવિંદના ઘરમાં પ્યારી, ચહવાયલી માન પામેલી કરી આપી તે પઢનાર બાનુને રાહત આપી એ બાબતનું દુખ હાંકી કાઢી શાંતી બક્ષનાર ખરેખરો એકકો કલામ છે.

(૫નામે યજદાંન અહુરમજદ ખોદાએ અવનૂની ગોરજે ખોરેહ અવનયાદ મીનોરામ વએમ-યિત બેરેસાદ અવત્ આયપ્તેમ્ દજદિ મે વયુરા યો ઉપરો-કઇરયો યત્ બવાનિ ક્રય ક્રિથ પઇતિ-જન્ત ન્માને કવોઇરા × યા વએમ્યિત્ યજમઇદે.)

જુબાન ઉપર કરી દરરોજ એક તસ્બી ફેરવવી. ચાલીસ દીવસને માટે દુર બેસવાના વખતની માફ માગીને ચાલીસું પુરૂં કરવું. પરેજગારી લખવા પ્રમાણે રાખવી અને પઢવા બેસવાનો વખત એકજ રાખવો પાછાં હઠતાં ના. સખતમાં સખત ધાણીને-પઢનાર બાનુ પોતા તરફ હૃદયમાં આકર્ષણ કરી બરાબર પઢે તો ચાલીસ દીવસની અંદર પોતાના ખાવિંદની બદ ખસલતો તોડી રાહપર લાવી પઢનાર બાનુને શાંતી કરી આપે છે જો અજમાવી જોજો. સમજણ ન પડે કાંઇબી

બાબતે તો મને પુછશો તો બેશક જરૂર પુન્યવંતુ કામ ધારી ભલી ખાહીસનો મતલબ સમજાવીશ. પણ આ ચોપડીમાંજ આગળ સારી રીતે સમજાવીને સમજણ પડે તેમ લખ્યું છે.

મીનો રાંમયજદ તથા વાયે યજદના દરૂન બાજ અફરગાન કરવાં સજાવર છે અને પોતાનું કામ કામ થવે જરૂરજ કરવું. એજ કલામમાં નીચેના ભાગમાં ચોકડી કરીછે ત્યાં પોતાના ખાવિંદનું નામ મુકવું અને પહેલે જુબાન ઉપર કરવો પોતાના પરગેતર ખાવિંદને માટેજ એ કલામ પઢવો. તથા તથા એ કલામ પરગેતર ખાવિંદનેજ રાહ પર લાવવા છે. માટે ધ્યાન રાખજે નહીં તો દુ:ખમાં આવી પડશો આ બાબત મેં સર્વ બાનું બેહનોને ફાયદા કારક કોઇને પણ બધા વિચારે પહોંચવાનેજ માટે દરૂસ્ત ધારીને લખ્યું છે.

(૫. નામે યજ્દાન અહુરમજ્દ ખોદાએ અવજુની ગારજે ખોરેહ્ અવજાયાદ્ જમ્યાદ્ યજદ્ બેરેસાદ અષાઉમ અહુરમજ્દ–અવત્ આયપ્તેમ દજદિ મે જમ્યાદયજદ–ઉગ્રેમ્ કવએમ્ ખરેનો મજદધાતેમ યજમઇદે અશ્–વંદ્રેમ્ ઉપરો–કઈરીમ્ થમનઙ્ઉહન્તેમ્ વરેચંઙ્ઉહન્તેમ્ યઓક્ષતિવન્તમ્ તરધાતેમ્ અન્યાઇશ્ દામાન્ યત્ અસ્તિ અમેષનામ્ સ્પેન્તનામ્ ક્ષએતનામ્ વેરેજિદોઇથ્રનાંમ–બેરેજન્તામ્ અઈવ્યામનાંમ્ તખ્મનાંમ્ આહુઇરયનાંમ યોઇઅઈશ્ગેજંઘ્રહો અષવનો યાઇજ અવત્ હંદએસ-યંઘ્રઉહ આતર્શ મજદાઓ અહુરહે–યા અએતત્ ખરેનો હંગેરેફ્ષાને યત્ અખરેતેમ્ યજમઇદે.)

(આ માથ્ર ફકત ઇશ્વરી ખોરેહ મેલવવાનો છે.) જે ઈજદી ખોરેહ આપણા આગળના પાદશાહો તેમજ પેગંમ્બર અશો જરથોસ્તની પાસે પણ એજ ખોરેહ હતું જે ઇજદી ખોરેહ બહુજ મજબુત-માં મજબુત છે. જે શખ્સ આ પદે પરેઝગારીથી તો ખોદાની પીછાનીયત કરવાનો જે ઈલ્મે ક્ષનુમ કહેવાય છે તે હાથ લાગે છે એટલે દીનના એલમની રોશની હાંસલ કરે તે શખ્સ આથ્રવનની બક્ષેસો મેળવે એટલે પુરતી રીતે ધર્મજ્ઞાન હાંસલ કરે કે જે દીનના પેશવા તરીકે લોકોને નીતીનો તથા બેહસ્તનો મારગ બતાવવા સારૂ અતી ઉપયોગી બલકે આએ હાડમંદ દુનીયાની દોલત કરતાં ઘણો ચડતો દરજ્જેનો પાયદાર ખજાનો સમજવો. ધર્મજ્ઞાનમાંજ આ દુનીયાની તેમજ તે દુનીયાની મોટી દોલત સમાયેલી છે. જે યજદી ખોરેહ મેળવવાને ભાગ્યશાળી થાય છે, તેને ઘોડાનું જોર, ઉંટનું યા પેહેલવાનનું જોર આવે છે યાને શહેનશાહી દાબદબો હાંસલ થાય છે એજ અશો જર-થોસ્તનું ક્યાની ખોરેહ એટલું બધું જબરજસ્ત હોય છે કે મહાન માણસો પાસેજ રહે છે. જેના તગદીરમાં હોય તેનેજ મલે છે, તે છતાં પણ તસ્બી જો ફેરવે ખોદાને અંતહકરણમાં રાખીને તો બહુ નવાઇ જેવા રસ્તાઓ ખુદરતી રીતેજ શોધી શકે છે. જે ફાયદાનો કાંઇ છેડોજ નથી રહેતો. હરેક બાબતે બસ છે.)

(**જો તમુને દુશ્મન બહુજ સતાવતો હોય** અને તમે જો ગુનાહ વગરના હોય તોજ આ કલામ પઢજો. કાંઇ તકસીર ન છતાં પણ સતાવે તેવાઓને જેર કરે શું કે પઢનારનું નામ જો દુશ્મન દેય કે ભાલા ભોકાય દુશ્મનની સબી બંધ આંખે હૃદયપર ધ્યાન આપી આકર્ષણ કરીને ખેંચવી. પહેલે ગુરૂની તસ્બી દરેકમાં પઢવી પછી આ માથ્રની પઢવી. જરા પણ દુશ્મન શાંત થયો કે તસ્બી ફેરવવી બંધ કરવી.)

(૫નામે યજદાંન અહુરમજદ ખોદાએ અવજૂની ગોરજે ખોરેહ અવજાયાદ મીનોરામ વએમ્-ચિત બેરેસાહ યા તિઝ્યરશ્તિશ્–પેરેથ્વરેશ્તિશ્ વએઝ્યરશ્તિશ અઇષિ-ખરેનાઓ અંવત આયપ્તેમ દજદિ મે વયુશ યજમઇદે.)

(બતી, ફુલ, સબજો, અગરબતી, આતસ અને ગલાસમાં દુધ સારૂં સોજ્જું તથા પરેઝગારી બરાબર રાખીને પઢવું. દુધ પોતે અગર બચ્ચાંને પાઇ દેવું. પોતેજ ઉડતી વખતે પી જવું એજ બહુ ફાયદાકારક છે તેમજ કામ થએ મીનોરામ તથા વાંયજદના દરૂન બાજ અફ્રગાંન કરાવવું.)

(બનામે યજદે બક્ષાયંદેહે બક્ષાયંદેહે બક્ષાયેશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ જશ મે અવંઘ્રહે યા મેહેર ફરાગયોદ્ દાવરેરાસ્ત્ યા વજ્રેમ્ જદન્યેહે યા દાઘ્રીશ યત બવાની પોઉરૂ-સ્પફ્તીમ્ પઇતી જઇતીમ દુશ્મઇન્યવનાંમ્ યા હવોને દાઇદી યજમઇદે.)

આ કલામ ફક્ત દુશ્મન બંધ કરવાને માટે જુબાનપર પહેલે કરવો, અને પરેઝગારીથી હૃદયમાં દુશ્મનને રાખી જો પઢે તો જરૂરજ ચાલીસ દીવસની અંદરજ **દુશ્મનને તોબા તોબા મૂકાવી દે** છે. જો તમે ખરા હોવ તોજ કરજો નહીં તો નાહકના કોઇને સતાવવાનું કરશો તો પોતેજ ફસી પડસો એકજ વખતે ઉઠીને ઉશહેન ગેહેમાં ફક્ત એકજ તસ્બી ફેરવે તેટલા દીવસ ઘણીજ જાલવણીથી રહે દુશ્મન ઉપર જરૂર ફતેહ કરશો.

(મેહેરયજદના દરૂન બાજ અફ્રગાન કરાવવું.)

(બનામે યજદે બક્ષાયંદેહે બક્ષાયેશગરે મેહેરબાન અષાઉમ અહુરમજદ યા મેહેર ફરાગયોદ્ દાવરે રાસ્ત્ બેરેસાદ બ્યવત્ આયપ્તેમ્ દજદ્દિ મે મેહેર યથ ફ્રયુયન્તેમ્ દાઘ્રીશ વજ્રેમ જદન્યેહે યાહવોને દાઇદી વિસ્પાચા વોહુ યજમઇદે.)

(આ કલામ **હરેક તરેહની મુરાદ રોજી રજક બરકત ફતેહમંદી ફરજંદ સાદી હરેક** બાબતે ભરપુર છે. ઉશહેન ગેહમાં એકજ વખતે ઉઠીને તસ્બી એક ફેરવે તો ચાલીસ દીવસમાં મુરાદ બર લાવનાર જે બહુજ મજબુત રીતે પઢનારપર દરેક બાબતે નગેહબાની રાખનાર રાહત આપનાર મેહેર યજદના બાજ અફ્રગાન દરૂન કરાવવા.)

(હરતરેહની મુરાદ બર લાવનાર-**ખોદાની પીછાન** સંકટ હરતરેહની આ જીંદગીને લગતી તમામ મુરાદો બર લાવનાર એના જેવી દોલત આ દુનીયામાંની દરેક ચીજો ઉપર સરદાર છે. પઢનાર ખેદાનો પ્યારો લાલ તરીકે રહે છે ચાલીસ દીવસ પઢવું. રોજની ૩ તસ્બી ફેરવવી. ફરેસ્તા=મોવક્કલ હાજર થસે. સાવધતા રાખી કરજોજી. ગુરૂની તસ્બી પહેલે ફેરવવી. સૌથી ઉત્તમ ખોદાની બંદગી આજ છે.)

("બનામે યજદે બક્ષાયંદેહે બક્ષાયશગરે મેહેરબાન યા અષાઉમ અહુરમજદ નએ-ચીમ્ તમ્ અન્યેમ્ યૂષ્મત્ વએેદા અષા, અથા નાએ઼ા ગ્રાજદ્રમ્ યજમઇદે.")

દરેક ભણતરમાં વપરાયલાં ભણાયલાં ફુલ નદી દરીએમાં સાકર સાથે નાખવાં ભુલવું નહીં.

ન્યાસોની તાસીર.

ખોરશેદની નીયાસ વિષે ખુલાસો.

ખોરશેદ મહેરની ન્યાસ યાદદાસ્ત શકતી વધારવાને માટે તથા ધાસ્તીથી છુટા રહેવાને માટે જો રપીથ્વનગેહમાં એકસરખા સીધ્ધા સરળ અવાજે ખોરસેદ તથા મહેર તમારી સાંમેજ છે તેવો અંદાજે રાખીને પઢવાનો અવાજ પઢનારના ઓરડામાંજ સંભલાય તેમજ અને તેટલાજ એકસરખા અવાજે દરેક વિચારો દુર કરીને શાંત મને કરીને પઢે. દરેક ન્યાસ યસ્તો એમજ પઢવી જોઇએ. નબળા સુર્ય ઉપર બેઉ પઢે. ખોરસેદ મહેર સાથે.

મહેરની નીયાએસ.

યાદદાસ્તશકતી વધારવાને માટે ખોરશેદ મહેરની ન્યારા રપીથવનગેહમાં કરવી ફાયદેવંત છે.

માહ બોખ્તારની નીઆએસ.

રજકને માટે પઢવું બહુ ફાયદા ભરેલું છે. માહબોખ્તાર મુકતાદ પાસેથી રજક લઇને પઢનારને પોતાના આકર્ષણ પ્રમાણે નવાજેશ કરે છે. નબલા ચંદ્ર ઉપર પઢે.

અરદ્વીસુર, નીઆએશ.

રજકને માટે તેમજ મરદોને તાકાતને માટે, સ્ત્રીને દુધ સારૂં ધાવણ આવવાને માટે તેમજ બગડેલાં ગર્ભસ્થાનને માટે પઢવામાં ફાયદાકારક છે–દીવસેજ પઢેલી કબુલ છે.

આતશની નીઆએશ.

દુશ્મન બંધ કરવાની બાબમાં મુરાદને માટે તથા દરૂજી શકતી હાંકી કહાડી પરેજગારી સાથે પઢનારનું શરીર એના જેવુંજ બનાવવાને તથા ખોદાની પીછાનીયત એનીજ મારફતે થાય છે મજબુતમાં મજબુત શકતી છે, સાથે પરસ્તેશ કરવા લાયક કલામ માથ્ર એજ છે. તથા એના બીજા ઘણા ગેબી ફાયદા છે. ઉશહેનગેહમાં જો પઢે તો થાલીસ દીવસે મુરાદ પાર ઉતરી જાય છે.

ઉશહેનગેહમાંજ દરેક બાબતની મુરાદને માટે અને માથ્રના આકર્ષણને માટે ઉશહેનગેહ બહુજ જોરાવર છે.

પપેત પસેમાની.

ગુનાહોની તોજેશ કરવાને માટે પઢવામાં ઉત્તમ તરેહની પરેજગારી પ્રાપ્ત થાય છે. એ મહાન દસ્તુર આદરબાદ મારેસ્પંદની બનાવેલી છે, જે એકવિસ અહુનવર પઢવામાં આવે છે તે તેવણના અરવામાં કબુલ થાય છે.

(હોરમજદ યસ્ત)

અહુરમજદ–દુનીયાની તમામ ચીજોની ઉપર તેમજ હફ્તકેશ્વર તથા બીજા બાતેનના દરેકે દરેક તમામ માત્રનો બનાવનાર–એટલો જોરાવર કે એક પલકારમાં કોઈ પણ ચીજને તમામ માત્રને ભુલ્યા વગર તપાસી લેનાર, સૌથી દયાલુમાં દયાલુ, સર્વને સરખી નજરે જોનાર, દુનીયાની વૃદ્ધિ કરનાર પોષણ કરનાર, ઘણોજ તંનદરોસ્તીનો આપનાર, સૌથી ફતેહનો આપનાર એના જેવો બીજો કોઇજ નથી.

અહુરમજદ યસ્તની બિગત.

ગમે એવી આફ્ત, સખતમાં સખત દુશ્મન તથા નોકરી, ચાકરી, રોજગાર, ધંધો, વેપાર વિગેરેમાં અનહદ ફાયદો બક્ષનાર, તેમજ સખત લાચારી એવી હાલતમાં જો કોઇ શખસ હોય તો રાતના ઉશહેન ગેહમાં ઉઠી. ચોકકસ ટાઇમે, પરેઝગારી બરાબર રાખીને પેહેલે ગુરૂની તસ્બી જેમકે (અષાઉમ, કવએમ ખરેના નબી જરથોશ્ત) એ પ્રમાણે હૃદય ઉપર મજબુત કાણું ધરાવી કાંઇબી બલતા બલતા વિચાર એકદમ દુર કરી. જાણે મારી સાંમેજ જરથોસ્ત સાહેબ છે એમ બંધ આંખે ડાબી બાજુ હૃદયમાં ગુરૂ પદ ધરાવનાર જરથુસ્તની છબીનું આકર્ષણ કરીને પઢે. ફક્ત તસ્બી ત્રણ ફેરવે અને તે તસ્બી ફરતી વખતે જરથોસ્તમાંજ સુન્યગત લીન થઇ જાય. એ પ્રમાણે પઢે અને પછી

(અષાઉમ અહુરમજદ) ના તસ્બી સાત ફેરવે ઉપર લખવા પ્રમાણેજ જાણે સામે ખુદાજ છે તેવોજ મનમાં પણ માન ઇઝત દબદબો. એનોજ ખોદાને લાયકનોજ ધરાવે અને એજ ફરતી તસ્બી માંજ ખોદામાંજ લીન થઈ જવું. એજ પ્રમાણે પછી એક સરળ સીધા એકજ રાહના સાદે ઘણો મોટો બી સાદ નહીં તેમજ ઘણો નાનોબી નહીં પણ એ બેની વચ્ચેનો સાદ એકજ રાહનો તમારા પઢવા બેસવાના ઓરડામાંજ ફકત સંભલાય તેમજ મધુર એકજ રાહના અવાજે અહુરમજદ યસ્ત પુરી કરવી. પણ જે વખતે તસ્બી ફેરવો તે તો હોડપણ નહીં હાલે એવી રીતે હૃદયમાંજ પઢવું પઢવાની બેઠક પર બેઠાકે જમીન ઉપર કપાળ લગાડી બે હાથ કપાળની સામે જોડી પહેલે પોતાના થયેલા ગુનાહનો તોજશ પસ્તાવો કરવો. અને પછી એમ કહેવું કે હું ફના અને તું કાયમ હંમેશનો હમેશને માટે છે. એમ કહેવું એનો ટૂકામાં ટૂકો શબ્દ (હું ફના છેઉં તું બકા છે) એમજ બોલવું પછી તસ્બી ફેરવવી. પછી ઉઠતી વખતે પણ એમજ કરીને ઉઠી જવું એવી બાબતો પરેજગારી દરેક બાબતે) કાબુ નફસને મારીને પઢે તો ચાલીસ દીવસની અંદરજ આફ્રીન આફ્રીન એમા મને જરા પણ શક નથી. કેટલાકો નજીકમાંજ મુરાદને માટે ફતેહ પામે છે. અને કેટલાકો વરસોના વરસ તલક પઢે પણ કાંઈજ જુએ પણ નહીં. તેમજ મેલવે પણ નહીં, એના કારણો ઉપલું લખાણજ છે. એવાંજ ઉપર લખેલા કારણો ધ્યાનમાં રાખે અને ખોદા પર પ્યાર ઈશ્ક રાખે તો દરેક બાબતે તેમજ દરેક નબળા ગ્રહની પીડાને બંધ કરી સીધો રાહ મલે છે. તેમજ ખાસ કરીને નબળા બ્રહસ્પતીની દશામાં બહુજ ફાયદો થાય છે હરેક બંદગી કરવામાં જે માણસને કંટાલો આવતો હોય અને એ પ્રમાણે ચાલીસું પુરૂં કરે અથવા ફરજ્યાત બજાવવાને ખાતરજ કંટાળા ભરેલા મને પઢનો હોય તેવાઓને ભણતરની અસર કાંઇજ થતી નથી. ત્યારે ખરેખરો પ્યાર ખોદા ઉપર રાખનારાઓ દરેક બાબતે તરી જાય છે. દરેક ન્યાશ યસ્તો એજ પ્રમાણે પઢવી જોઇએ.

(રપોટી હપ્તન યશ્ત)

જે અહુરમજદ યસ્ત પઢયા પછી વાજેબ છે બંદાનું દીલનું દુખ તેમજ સયતાન તથા દુસ્મન તોડી મોશદ બર લાવનાર છે. તેમજ સાચું બોલવું. તથા આબરૂ ઇઝત વિગેરે બક્ષનાર છે તથા અસપંનદાદ રોજ હપ્પતન અમશાસ્પંદનો રોજ છે માટે એ દીવસે જરૂર પઢવી સજાવર છે નબળા રાહુની દશા તથા નબળા શનીની ગ્રહ દશા હોય તે વખતે પઢે ઘણી શાંતી થાય છે.

(અરદીબેહેશ્ત યશ્ત)

એજ ફરેસ્તો દરેક ઇનશાન માત્રની કોઇ બી જાતની બંદગી ખોદાની દરબારમાં પહોંચાડનાર છે. તેમજ દરેક મહાત્માઓને પેગમ્બરોને એની મારફતેજ ખોદાની પીછાનીયત થાય છે તથા એ ફરેસ્તો મોવકલ સખતમાં સખત દુસ્મન તેમજ સખતમાં સખત દુખ દરદ તથા સખતમાં સખત સયતાન પીડા વીગેરે પોતાના નુરી જોરેહથી લશકરના વડા સરદારની માફક ઘસારો કરેછે કોઇ પણ બાબતમાં પાછો હઠનારજ નહીં. એ દરેકે દરેકને પોતાના કેરથી જેર કરનાર એના જેવો સત્તા ધરાવનાર બીજો કોઇજ નથી, કે એવું મજબુત જોરેહ છે કે ફકત એની નજર કરાવવી તે પાક પાકીઝા પણું એનુંજ અંતર ધ્યાન એજ એની આરાધના દીલમાં એનોજ ઇશ્ક તો દરેક બાબતે આફ્રીન આફ્રીન જરથોસ્ત સાહેબે એવીજ મતલબો પાર થવાને માટેજ એવું બધુ કરેલુ. છે. હુમત હુખત હુવરશ્ત પર કોઈ ઇનશાન કાબુ ધરાવીને ચાલે અને એ ત્રણ શબ્દ પ[illegible]

રચેલો છે. અને તે પ્રમાણે કોઇ ચાલતો હોય. અને એજ પ્રમાણે બધા ચાલતા હોય ત્યારે તો જરથોશ્ત સાહેબને બધાં પઢતરો જ્વાંકે ન્યારા યશ્ત તેમજ બીજા માથ્ર કલામો વિગેરે કરવાનું જરથોશ્ત સાહેબને શું કામ હતું. પણ જો પરેઝગારીથી પઢે તો સામ સામે એજ ફરેશ્તા મોવકલ દેખાવ આપે છે. અને પઢનારની મુરાદ કોઇબી બાબતની પુરી કરે છે એ મને પોતાને સીધ છે.

નબળા મંગળ ઉપર અરદીબેહેશ્ત તથા બેહેરામ યશ્ત સત્તા ધરાવે છે. માટે નબળા મંગલે પઢે તો ફાયદો છે.

(ખોરદાદ યશ્ત)

વરસની ચારે ફસલ રૂતુ ઉપર મોવકલ છે જે બરાબર વખતસર લાવનાર સત્તાધારી છે તેમજ પરેજગારીનો સરદાર છે તથા નબળા બુધની ઉપર ખોરદાદ અને તીર યશ્ત સત્તા ધરાવનાર છે માટે પઢવી સજાવર છે. [illegible] મત સયતાનને પોતાના ખોરેહથી આજેજ કરનાર છે.

તીર યશ્ત

તેશતર તીર સેતારો સર્વે ગ્રહોના ધણી છે એજ સેતારાના ખેંચાણથી વરસાદ આવે છે. આંખને રોશ્નાઇ બક્ષે છે ખલકની ઉમર એને હાથ છે. ઉમ્મર લાંબી કરવામાં ફતેહમંદ નસીબ બનાવવામાં દુશ્મન બંધ કરવામાં તથા નબળા શુક્રની ઉપર હપ્તનયશ્ત તથા તીર યશ્ત પઢવી વાજેબ છે ખરી પરેઝગારીથી પઢે તો ઘણી રીતે એજ ફરેશ્તો દેખાવ આપે છે જે મૌવકલ રાતો કીરમજી કપીલો રંગની બેડકમાં તથા ફુંફાડ મારતા ઘોડાના આકારમાં તથા પંદર વરસના ચલકતી તેજ મારતી આંખના તેમજ રોશનીએ શણગારેલો મરદાનગી વાલો દેખાવ તેનાજ જેવી તાકાત મરદાનગી આપનાર તથા મહીનાની દસ રાત ચલકતો રોશની વાલો સોનેરી શીંગડાના ગોધાના આકારમાં દેખાવ તથા સોહામણા કીરમજી રંગના પીળા કાનવાલા સોનેરી પાખરવાલા ઝલકાટ ભરેલા ઘોડાના આકારમાં કાબરચીત્રા ઘોડાના આકારમાં એવું તો એનું તેજ છે કે કોઈ માણસ શીકલ જોઇ શકે નહીં. કે તેની તરફ નજર પણ કરી શકે નહીં. એવો જાહોજલાટ નગેહબાની રાખનાર તંનદરોશ્તી બક્ષનાર સરદાર છે.

(ગોશ યશ્ત)

ગોશ યજદ બાનું ફરેશ્તો છે અને દયાલુનો ગંજ છે તથા ખાસ સામસામે મોહબ્બત બનાવી આપનાર તથા ગોશપંદોની ઉપર રહેમત ભરેલી સરદારી ભોગવનાર. તંનદરોસ્તી સુખ વિગેરે બક્ષનાર જે ગોશ યજદને આગળના મહાન નરોએ આરાધી હતી. જેવા કે પેશદાદ ખાનદાંનના હોશંગ પાદશાહે મોરાદ માંજનદરાંનના તમામ દેવોને બંધ કરવાની તથા જમશેદ પાદશાહે ગાએ ગોસપંદોના વધારાની મોરાદ તથા અહુરમજદની પેદાયશને અમરપણું હું લાઉ. ભુખ તરસ બધું કહાડી નાખું વિગેરે બાબત તથા આથવ્યાન ખાંનદાનના પેહેલવાની છોકરા ફરેદુને ત્રણ મોહડાનાં છ આંખના જુહાકને મારવાની દરૂજ લોકના મુલક તોડવાની તથા એનીજ બે પ્યારી ઇરાની બાનુંઓ શેહેરનાજ અને અરનવાજ જે દુનીયામાં સૌથી સોહામણી છે જે અંધારી ગારમાં છે તેને છોડવું તથા તંનદરોશ્તી આપનાર સોનેરી આંખવાલા હોમે આરાધી અને મુરાદ માગીકે ખુની અને તુરાંની અફરાસી આબને હું બાંધીને ચલાવીને કેખસરૂ પાદશાહ પાસે લઈ જાઉં. તથા કેખસરૂ પાદશાહે મુરાદ

માગીકે ખુની તુરાની અફરાસીઆબને મારૂં કારણકે જુલમથી માર્યા ગયેલા શ્યાવખશના કીનામાં તથા નરૂ ખાનદાનના શુરા અગ્રેરશના કીનામાં હું જે શ્યાવખશનો છોકરો તે ખુની અફરાસી આબને હું મારૂં તથા હોમકરીને સંન્યાસી એ વખતમાં પહાડ ઉપર ફરતા હતા. તેણે ગોશ યજદની મદદથી પકડયોને કેખસરૂ પાદશાહ પાસે લઇ ગયો. જેથી કેખસરૂ પાદશાહની તેમજ હોમ સંન્યાસીની પણ મુરાદ બંર આવી. પછી પેગમ્બર જરથોસ્તે ગોસ યજદને આરાધીને મોરાદ માંગી કે હુતોસ કરીને સદગુણી અસરાફ ખાનદાનની જે છે તેને દીનના મત પ્રમાણે વચન પ્રમાણે કામો પ્રમાણે ચલાઉ તેમજ હુતોસ મારી માજદીયસ્ની દીન ઉપર પોતાનું દીલ લગાડે, અને મારી દીન જાહેર કરે અને મારી દીનમાં જણાવેલી ભલી શીખામણ યાદ રાખીને શીખે પછી ગુશતાસ્પ પાદશાહે ગોસયન્દને આરાધી અને માગ્યું કે લડાઈમાં આઠ પેહલવાન તથા અરજાસ્પને તથા બુત પરસ્ત દર્શીનિકને સાતસોં ઉંઠના દબદબા ભરેલા લશ્કરને જે દુશ્મન થઇને આવનાર છે તે બધાને જેર કરીને હું નસાડું. એ દરેકે દરેકોની મોરાદ ગોક્ષ યજદે બક્ષી હતી જે ગોશયજદ બાનું ફરેસ્તો નીચે લખેલા દેખાવમાં આવે છે. લાંબે દુરવેરથી પઢનાર ઉપર નજર ફેકનાર સુખ તનદરોસ્તી આપનાર જે ખુબસુરત તેજ મારતો ચેહરો સફાઇદાર જહડપથી ચાલતી ગાડીમાં જે ગાડીના પેડાં ચલકતાં તેજ મારનાર દ્રઢ ઉભી રહેનાર બચાવ તરીકે જાહેર થાય છે.

(સરોશયસ્ત હાદોખ્ત)

સરોશ યજદ યાને મૌવકલ ફરેસ્તો જે અશોઇનો સરદાર ખુબસુરત દુનીયાની વૃદ્ધીનો કરનાર સૌથી સરસમાં સરસ બંદગી છે જે દરૂજ ને એકદમ બહાર કાઢનાર તેમજ પેગમ્બરો ઉપર તેમજ પરેઝગાર મહાત્માઓ ઉપર ગયેબી વહી ખબર લાવનાર ફરેસ્તો છે એ યસ્ત રાતના બાર વાગ્યા પછી થી તે ઉજીરન ગેહ સુધી પઢાય છે જે કોઈ પરેઝગાર કાંઇબી ચીજ ખુઆબમાં જોવા જાણવા માગતો હોય. તો ઉશહેન ગેહમાં ઉઠીને પઢે અને તેજ જગ્યાએ સુઈ જાય તો એજ મૌવકલ ખુવાબમાં એશારો કરેછે તથા તમારી મુરાદને લગતો ઘણીએક કીસમથી ખુવાબ આપે છે તે બી સાત દીવસની અંદરજ પરેજગારી તેમજ હમેશ બંદગી કરનારને જલદી ફલે છે. તે જો ખરૂં કયારે માનજો કે ઇરાંની દસ્તુર જેવો. . આપણા દસ્તુર જેવો દેખાવ થાય ને ખુવાબ મલે તેજ ખરો જાણવો. મને પોતાને એ બાબત સીધ્ધ છે. દરરોજ આ યસ્ત પઢવી ચુકવી નહીં. એના ફાયદા સરોશ યસ્ત વડી જેવાજ છે.

(સરોશ યસ્ત વડી)

એ સરોશ યશત વડી ફકત અઇવિસ્રુથ્રેમ ગેહમાંજ પઢાય છે. અને એના ફાયદા સરોશ યશત હાદોખ્ત જેવાજ છે. સરોશ યજદ ફરેસ્તો મૌકકલ દુનીયામાં દીનનો શીખવનાર યાને દસ્તુર તરીકે પોતાની મરજી પ્રમાણે આ દુનીયામાં હકુમત કરી ફરતો રહે છે. હોરમજદી રાહ રસમ દેખાડનાર સયતાનને જડ મુળથી બુંન બેખથી ઉખેડી નાખનાર છે સરોશ જીગર જેવો ચાહવા લાયક ફરેસ્તો છે.

(બેહેરામ યશત)

બેહેરામ યજદ એ ફરેસ્તાની હમેશ સાથે સુંદર બક્ષાવેલો અમ. ફરેસ્તો હીંમત આપનાર એ બેઠ સાથેજ છે અહુરમજદનો પેદા કરેલો બેહેરામ અમ એ સૌથી સરસ ફતેહ આપનાર દુશ્મનને

તોબા મુકવનાર જે શખ્શ બેહેરામ યજદની બંદગી ખરાં દીલથી પઢે તો જરૂર મુસ્કેલીના વખતમાં ફતેહ આપવાને માટે જુદે જુદે વખતે જુદી જુદી રીતે પઢનારને દેખાવ આપે છે સોહામણા પીળા કાનવાલા સોનેરી શીંગડાવાલો ગોધો તે સીંગડાની ઉપર નજર પડતાં ફતેહ થાય છે. ફીરમજી રંગના સોહામણા પીળા કાનવાલો સોનેરી પાખર વાલો ઘોડો એજ બેહેરામ યજદ તથા ઉંટની ઉપર માલ ખજાનો દોલત વિગેરે મુકેલું હોય. અહુરમજદનો પેદા કરેલો બેહેરામ ઓરતોને મદદ કરવાને ભારબદાર મજબુત બાજુ વાલું મોટી ખુંધ વાલું તીક્ષણ આંખવાલું લાંબા માથા વાલું દેખામણું બુલંદ કદનું હીંમતવાન ઉંટ સખતમાં સખત અંધારાંમાં પણ લાંબેથી જોઇ શકે છે અને તે ઉંઠ ઉભો ઉભો રક્ષાણ કરે છે અને સફેદ ફીણ માથા ઉપર નાખતો માલમ પડે છે. તથા પંદર વરસનો છોકરો ચલકતી આંખવાલો નાની એડીવાળો ખુબસુરત ચકચક થતો છોકરાના આકારમાં તથા પક્ષાં સીંધુ હવામાં ઉપર ચડે તથા સીંધુ પાછું નીચે ઉતરે ટકકર મારનાર સોહામણા અણીઆળાં શીંગડાનો સોહામણો બકરો એના આકારમાં તથા તેજવાલો નુરમંદ તવંગર સોનાની મુઠની પેચવાળી તમામ સણગારવાલી તલવાર સાથનો પહેલવાન દબદબા વાલો એવી આકતીઓમા માલમ પડે છેજે જરથોસ્ત સાહેબને દરેક બાબતે કોવત સુખ તનદરોસ્તી વિગેરે બક્ષયું હતું બેહેરામ યજદ પાદશાહોને મદદ કરનાર શુરો સરદાર છે એ બધું ઘણું નહી ને થોડું બા જોવું હોય તો ઉશહેન ગેહમાં આગળ લખવા પ્રમાણે પરેજગારીથી પઢો અને તેજ જગ્યા ઉપર સુઇ સુઇ જવું ચીલ્લા કસવા કાંઇક મહેનત કરો પાછા હઠો નહીં તો બધું થાય. આજકાલ તો લખાણો વાંચી વાંચીને લોકો પેટ ભરે છે તેમજ ખોદાની પીછાનીયતનું હરતરેહનું વાંચીને પટ ભરે છે.

પણ કોઇ મહેનત હમદીન તેમજ દસ્તુર પણ કરતા નથી. જ્યાં એકીન છે ત્યાં બધું છે. જ્યાં આત્રાનો ઇશ્ક ફરેસ્તાઓની, ખોદાની વખાણ તા તેવાજ પ્યાર હોય તો અવા લાલને ઝબાંને·ઝબાંને જ્યાં જુએ ત્યાં તેઓજ દેખાય છે; પણ એવી મહેનત કરો નહીંતો પછી જરથોસ્થ સાહેબે કરેલું તે બધું જણાએ નહીં; પણ બધું ખોદાજ છે, અને તેનાજ બધા રસ્તા તેજ પોતીકાને માટેજ એવા આકારમાં દેખડાવેલા છે. તસ્બી પણ બાજુ રહી જાય, પઢતર પણ બંધ થઇ જાય અને તેમાંજ બસ લીન થાય છે ત્યારેજ તે મલે છે; પણ આપણને રાહપર, એનાજ લાવવાને માટે એણેજ બધું કરેલું છે. જેવું જેનું મન તેવાજ તેને જુદી જુદી તરેહના રાહ ખુદરતજ આપતી ચાલી જાય છે. દરેકે દરેક સાલેકને સરોશ અને બેહમન અમશાસ્પંદ મારફતેજ જુદી જુદી કીસમના રાહ બાતેનના ભાગથીજ મલે છે. કોઇબી માત્રમાં કે ફરેસ્તામાં લીન થાઓ તે પણ આખરે ખુદાને મહેનતના પ્રમાણમાં તેજ રસ્તેજ જુદી જુદી કીસમથી પહોંચાય છે.

બીજું બેહેરામ યસ્ત નબળા મંગળની ઉપર અરદીબેહસ્ત યસ્તની સાથે પઢવી વાજેબ છે.

(ન્હોટી હોમ યસ્ત.)

હોમ ચાર જાતના છે, તે એકે હોમ ફરેસ્તો છે, જેની સુંનાની આંખ છે, સુંન્નેરી તેજવાલો છે, બાદશાહ જેવો દબદબો રાખનાર, ખરેખરો વૃદ્ધી કરનાર, તંનદરોસ્તી આપનાર, મુરાદ બર લાવનાર, દુખ દરદ દુર કરી શાંતી બક્ષનાર, ફરજંદની મોરાદ બર લાવનાર, કોઇ બાનું ભરથારની મોરાદ એના તરફથી રાખે તો એના જેવોજ ભરથાર મેલવી આપનાર.

બીજો હોમ-તે ઝાડ છે હોમનું. ત્રીજો હોમ સન્યાસી હતા જે બહુજ ઉમદા તેજસ્વી શકતી ધરાવનાર હતા. ચોથો દસ્તુર લોકો હોમનો રસ પી ઇજશનીમાં લે છે તે હોમ. એ બધી જાતના

વખાંણ હોમ યસ્તમાં કરેલા છે. એક વખતે હાવન ગેહમાં જરથોસ્ત સાહેબ આતશને ગાથા ગાઇને પાક કરતા હતા એટલે આતશની આસપાસની જગ્યા સાફ કરતા હતા, તેવામાં તેવણની સામે આ દુનીયામાં એક નર શ્રેષ્ટ ખુબસુરત અને અમર જીંદગીનો જોયો ત્યારે પુછયું કે અએ નર તું કોણ છે? ત્યારે જવાબ વાલ્યો કે અશો દરદને પછાત રાખનાર હોમ છઉ, મને શોધ યાને મારી તલબમાં રહે. જે માણસ હોમની તલબમાં રહે તેને દરેક બાબતે ફતેહ છે તેમજ ધારી મોરાદ બક્ષનાર એકકોછે.

હોમને નીચે લખેલા માણસોએ આરાધ્યો—અફરગાન દરૂન, બાજ, ઇજશની, દુધ વિગેરેથી ત્યારે જરથોસ્તે પુછયું કે કયા કયા માણસોએ આરાધ્યો તે કહે અને તેઓની શું મુરાદ પુરી પડી તારાથી તે પણ મને કહે. ત્યારે હોમ પોતે કહે છે કે વિધાંમ પહેલો માણસ હતો મારી આરાધના કીયાની ભેટમાં નીચવ્યો જેથી તેને ત્યાં છોકરો બુલંદ દરજ્જાનો પેદા થયો જેનું નામ જમશેદ પાદશાહ હતું જેના રાજમાં અમરપણું થયું હતું. બુઢાપો, ગરમી, અદેખાઇ વીગેરે કાંઇપણ રઇયતને ન હતું. સુખાકારી તેજ હોમની દોલત,

બીજો આથવ્યાંન હતો જેણે આરાધના કરીને મોરાદ માગી ત્યારે તેને ત્યાં ફરેદુન પાદશાહ પેદા થયો જે ફરેદુન પાદશાહ પેગમ્બર જેવો દાવો ધરાવતા હતા, અલમમાં પુરા હ:

ત્રીજો સામના ખાનદાનનો થ્રિત કરીને હતો. જેણે મોરાદ ચાહી તેને પેટે ઉર્વાક્ષ તથા બીજો કેરશાસ્પ પેલવાન પેદા થયા. જે કેરશાસ્પ પહેલવાને સરવર નામનો સાંપ જે ઘોડા ગળી જતો હતો માણસને ગળી જતો હતો તેને માર્યો. જે કેરશાસ્પ ઘણોજ કોવતમંદ ગુચ્છા રાખનાર, ગુરૂજ રાખનાર હોમની દોલત.

ચોથો—પોરોશસ્પ ચોથો માણસ હતો તેણે મોરાદ માંગી ત્યારે તેને પેટે તુંજ પોતે જરથોસ્ત જનમ પામ્યો.અએ ખાલેશ જરથોસ્ત તું પોરોશસ્પના ઘેરનો દેવ(ના તરીકાથી) દુર રહેનાર તથા હોરમઝદના તરીકા મુજબ ચાલનાર તુંજ તે તુંજ ત્યારે જરથોશત પેગમ્બરે હોમને નેમાજ કરી અને પોતે માગ્યું કે. તારૂ પોતાનું ડહાડપણ, તારી હીંમત, ફતેહ, તંનદરોસ્તીના ઉપાય આબાદી વૃધ્ધી તમામ શરીરનું કોવત તેમજ તમામ નુરી તેજ ભરેલી મોટાઇ એ સઘળું હું માગું છું કે જેથી કરીને મુલકોમાં સ્વતંત્ર પાદશાહ ખરાબીને તોડું તથા દરૂજને મારનારની માફક હું થાઉ યાને અમલ કરૂં એ બધું હોમ યજદે જરથોસ્તને બખશ્યું જે ગુરૂના આશીરવાદ બરાબર ફલ્યા માટે ગુરૂની આશીરવાદે ફલ્યા વગર રહેજ નહીં તેજ આશીરવાદના જોરે હોમ જરથોસ્તને વગર બંદગી કરવે મલ્યા એજ જરથુસ્તના ગુરૂના પ્રતાપ માટે મારા હમદીનો ગુરૂ વિના જ્ઞાન નહીં. ગુરૂ કરો તો એવોજ કરજો. જો ગુરૂની આસ ચોકકસ પાયે આંધળા માફક શોધો તો કોઇબી દીવસ મલે એવી પઢતરમાં હમેશ ગુરૂની તરશના કરવી. તો જરૂરજ કોઇ વખતે મલી જઇ આશા પુરી કરી તરસના વાલાએ આ બાબત કદી ભુલવી નહી. ત્યારે હવે હોમ યજદે સૌને કેવાંનામદાર ફરજંદો આપ્યાં કેવી મુરાદો બર લાવ્યા માટે શું એ પઢવામાં હાંસલ છે.

(ન્હાની હોમ યશ્ત)

એ ન્હાની હોમ યશ્ત ફકત ફતેહ તંનદરોસ્તી આબાદી વૃધ્ધી તમામ શરીરનું કોવત તમામ ચલકાટ ભરેલી મોટાઈ વિગેરે પઢનારને બક્ષે છે

(વનન્ત યસ્ત)

તમામ બલા દેવ દરૂજ તરસની ખસલતના માણુસ અથવા ડાકણુ તથા જાદુગરો ખરાબ પવન દુખ, પેટના દરદ, શરીરના સાત મોટા સાંધાનું દરદ, ભેજાંનું દરદ મનને બેચેની આપનાર, બદનજર તથા હરેક તરેહની બલા એ સઘળું નાબુદ કરનાર છે. એ આખી નીરંગ ફરેદુન પાદશાહની બનાવેલી છે જે અરબ્બી ફારશી પાજંદ ભાષામાં ભેલ છે. એજ ફરેદુન પાદશાહ એનો બાપ આથવ્યાનની હોમની આરાધનાથી પેદા થયો હતો માટે લગભગ પેગમ્બરી દાવો ધરાવતા હતા જે એલમમાં દરેક બાબતે પુર હતા તે કે એવા કે નીરંગો પઢીને હરેક તરેહના બલાઓને પોતાના કેરથી આજેજ કરી અટકાવ કરતા હતા. તે મહાન માણુસના રૂહને હર વખતે વનંત યશતમાં વખાણ્યું છે કે જે રૂહ પઢતી વખતે મદદગાર રીતે હાજર થાય છે. એ પઢનારના અંતહકરણનું આકર્ષણ તેવું એ રૂહ કામ કરે છે. બહુ મજબુત ખોરેહના શબ્દ માત્ર મંત્ર છે. માટે એવે વખતે પઢવી બહુ ફાયદાકારક છે. બરાબર પરેઝગારીએથી હૃદય ઉપર કાબુ રાખી ફરેદુન પાદશાહમાંજ પઢતો લીન થાય તો પઢનારના આકર્ષણ એજ રૂહને હાજર કરે છે અને જેવું એનું રૂહ ગયેલી રીતે હાજર થયું કે ત્યાં દરેક દરદ સેતાન તેજ વખતે સદંતર નાબુદ થઈ જાય છે.

(સીરોજા યશત)

એ યશ્ત દરેક બાબતોની મુરાદ દુખ–દરદ જે માગો તે પુરી કરનાર ચાલીશ દીવસ ફુલો ઉપર પઢે પરેઝગારીથી અને તે ફુલો સુકાયલાંની રાખ કરીને રતીભાર ખવડાવે તો હરેક દુખ દરદોને આફ્રીન છે.

(આવાં યશત)

અરદ્વીસુરને દાદાર અહુરમજદે દેશોની સંભાળ રક્ષણુ કર્તા આબાદી પુરતું કૌવત આપી બચાવને માટે નગેહબાની રાખનાર જે અરદવીસૂર સોહામણી સોનાના તાજવાલી હાથની પહોંચી એથી [illegible]ગુગાયલી કેરમજી ઘોડા કરતાં મોટા કદની બાહદુર જોરેમંદ નબી સાહેબ જરથોસ્તે સન્યાસા હોમે (હોમ દસ્તુર એકલાજ પહાડો ઉપર ભકતી કરનાર સન્યાસી જ્યાંજ હતા) જે હોમે મુરાદ એ માગીકે પોરોશ્પના છોકરા અશો જરથોશ્તને મારી દીનના વિચાર મુજબ, દીનનાજ વચન કામ મુજબ હું ચલાઉં, તે મુરાદ હોમે પુરી કરી આપી. પછી હોશંગ પાદશાહે આરાધી જમશેદ પાદશાહે બહાદુર કેરશાંસ્પ પેહેલવાને ફરેદુન પાદશાહે જામાસ્પે તથા એક વિક્રનવાજ નામના તરવાળાએ આરાધી કારણકે ફતેહમંદ ફરેદુન પાદશાહે એ વિક્રનવાજને ગીધ પક્ષીના આકારમાં હવામાં આકાસ ઉપરઉડાદી મુકયો કે જેથી [illegible] ત્રણુ દહા[illegible] અને ત્રણુ રાત સુધી આકાસમાં ઉડયા કીધો અને ઘરનોરસ્તો બીલકુલ ન મલ્યો ત્યા. આવાં [illegible]વીસુરને ખરા અંતહકરણથી દુવા માગીને કહયું કે અએ ખુબસુરત સુનેરી તાજવાલી ચાર સફેદ ઘોડાની ગાડી વાલી સુનેરી તાજ તથા બાલીવાલી તથા સુનાની પગવાલી મારી મદદે આવ કે તેને ખુબસુરત કન્યાના ઉપર લખેલા દેખાવ પ્રમાણે આવીને બેઉ બાજુની કોણીમાંથી પકડી સહીસલામત ઘરે પહોંચાડયો એ વિગેરે બીજા ઘણુંએક નરોએ એની આરાધના કરેલી છે ગુશ્તાપશાહ પાદશાહે અશો જરથોશ્ત પેગમ્બરે જે દરેકે દરેકની મુરાદ બર લાવનાર અરદવીસુરજ ફરેશ્તો જે બાનું ફરેસ્તા કન્યાના દબદબા ભરેલો સોનેરી આઠ ખુણા વાલું લટકતી ઝાલર વાલું ઝવેરથી મઢેલું એના દબદબા ભરેલા દેખાવ આપે છે નબળા શની

વખતે આંવાયસ્ત તથા મોટી હપતન યશ્ત પઢવાથી બહુ ફાયદો છે. અરદ્વીસુરની ન્યાસયશ્ત સુરજની હાજરીના વખતે પઢેહી કબુલ છે.

(મેહેર યશ્ત)

અશોઇ પરેઝગારીનો સરદાર સત્ય વચની જ્યારે બે હાથ જોડીને કોલ આપે છે ત્યા મહેર યજદ હાજર રહે છે માટે કોલ તોડયું તો ગુનેગાર માટે હરગીજ કોલ તોડવો નહીં સચ્ચાઇનો મવકલ છે જે માણસ સાચો છે કોલ પ્રમાણેજ ચાલનાર જુઠુ કદી પણ બોલે નહીં તેને મહેર સચ્ચાઇનો શુરો મવકલ જરૂરજ મદદગાર છે દુખ દરદ સંકટ વિગેરેને વખતે જરૂરજ બચાવનાર છે તથા ઘણી એક બાબતે મદદગાર છે જો મહેર યજદની કોઈ શખ્શ પરેઝગારીથી સાવધ રહી ભક્તિ જો કરે તો નાહશતા દુસ્મનની જેમ લશકર પૂઠ પકડે છે તે પ્રમાણે પઢનારના દુસ્મનની પૂઠે પડી ખોડ તોડી નાખે છે. બલકે બુંદ બેખથી ખીલા ઉપાડ કરી એકત્ર રીતે નાશ કરી નાખે છે સાથે બેહેરામ યજદ મહેરને મદદ કરનાર તે પણ તીક્ષણ નખરીઆંવાલા તીક્ષણ દાંતવાલા એકદમ નાશ કરનારો ગુસ્સે થયેલો ઝલાટ લોહોઢાંના પગવાલો લોહોઢાંનાજ સાંધાવાલો લોહોઢાનાંજ જડબાંવાલો એવા જંગલી જુંડના આકારમાં જઈ તારાજ કરી નાખે છે. કદી પણ જુઠું ન બોલો તોજ એવી ઉમદા ચીજ જોવ અને પ્યારના ચીલ્લા બંદગી કરો તોજ બધું થાય નહીં તો જરા જરા અસર કરે છે જેવાં પઢનારના આકર્ષણ મજબુત રાખી હૃદયપર રાખી જાણે મહેર યજદ સામેજ છે એવા મરતબાથી પઢો જે મેહેર યજદનો દેખાવ રૂપાંની કોલાહ પેહેરનાર–સોનેરી બખતર પહેરેલો ખંજરથી કાપી નાખનાર ચકચકતાં ખંજરવાલો સો ડીચકાં વાળો સો ધારવાળા ડીચકાંવાળો જોરથી બુંન બેખથી ઉખેડી નાખનાર જેની ઉપર સુનેરી ઢોળ ચડાવેલો ગુરૂજ હાથમાં રાખનાર પહેલવાન જેવો માગી મુરાદ પુરી કરનાર દુસ્મનને પોતાના કેરથી આઝેઝ કરનાર ખોદા ઉપર ઇશ્ક ધરાવનારા મેહેર યજદની ઉશાહેન ગેહમાં હાથ ઉંચા કરી માગણી કરે કે ગુરૂ મેલવી આપ તથા ખોદાની પીછાનીયતના રસ્તા બતાવ તો ગેબી રીતે સીધા રશતા મલતા જાય છે એ નીશ્ચય માનવાને ભલામણ કરૂં છું મેહેર યજદ બહુ ઉત્તમ શકતી ધરાવનાર છે.

(રશ્ને યશ્ત)

રશ્ને રાસ્ત ઇનશાન જ્યારે પોતાના વતનમાં આ વાસો છોડીને જાય છે ત્યારે ચેહશામની બામદાદે અદલ ઇનશાફ એની જાહેરમાં હાજરીમાંજ થાય છે જે સચ્ચાઇનો મોવકલ છે. પઢતી વખતે સોજજુ ચોખ્ખું દુધ ફુલ–આતસ–અગરબતી કોપરેલની બતી વિગેરે લઇને બેસવું જે ઇનસાન રસના યજદ પરેઝગારીથી પઢે તો આબાદી બક્ષનાર ખરૂં ખોટું પીછાનનાર તંનદરોસ્તી આપનાર પ્રતાપવાળો કૌવત ધરાવનાર ફતેહમંદ પવન (દામી ઉપમન) નામના ફરેસ્તા સાથે કયાની ખોરેહ સાથે તથા અહુરમજદના પેદા કીધેલા સઓક નામના ફરેશતા સાથે આવીને મદદ કરનાર છે.

(ફરવરદીન યશ્ત)

ફરોહરો ફરવરદીન અરદાફર્વશ ઇનશાન આ ૩૯ મહાત્માઓનો પેગમ્બરોના આગળના મહાન આત્માઓ જેવાકે પાદશાહો પેગમ્બરોના રૂહ રવાન જેને લીધે દુનીયા ટકી રહેલી છે જે આસમાનના થાંભલા, રોજી રોજગાર ધારેલી મોરાદ તંનદરોશ્તી દુખ દરદ દફે કરનાર તમે ધારોતે

મુરાદ પુરી કરનાર વખાણવા લાયક આફતની વખતે તમારાં રવાનને જો યાદ કરો બાજ અફરગાન કરાવો. ફરવરદીન યસ્ત પઢાવો અગર પઢો તો અનહદ ફાયદો છે જેટલી ન્યાસ યસ્તો છે તેને માટે ફરવરદીન યસ્ત બસ એકજ પુરતી છે. બહુજ મજબુતમાં મજબુત શકતી ધરાવનાર. શુરા હીમ્મતવાન પાદશાહ જેવાંજ છે. અને ખાસ કરીને આગળના આપણા મહાન નરો પાદશાહો જે એલમમાં પુર હતા તેજ લોકો ફરવરદીન યશતમાં પઢનારની સામેજ છે. સત્ય વચન પરેઝગારી દરેકનું મુળ છે. હમેશ પઢનારને આ દુનીયાના દુખ દરદ સંકટ સર્વે આફતો દુર કરી ભરપુર દરેક રીતે ફરજંદ પૈસા ટકાથી આબરૂ ઇઝતથી એ સર્વેનો બક્ષનાર એકકો અને જલદી અસર કરનારો ફરવરદીન યશતજ છે. ફવર્સીનો એલમ માગ્ર બહુજ અકસીર છે.

(રામયશ્ત)

રામયશ્ત ખુશી ખુશાલી રામશની બક્ષનાર ફતેહમંદ મુરાદ બર લાવનાર. દુશ્મનને તોડનાર ફરજંદ તેમજ ખાવંદ બક્ષનાર દીલને ખુશ કરી ફીકર કામ રંજનો ટાલનાર. એની સાથે મોહબ્બત ભરેલી દોસ્તી સુલેહનો સંબંધ ધરાવનાર સારૂં સોન્નું દુધ પઢતી વખતે સામે રાખવું તથા એજ રામ મીવકકલની સાથે વાએયજદ કરીને મદદગાર મોવકકલ આવે છે. રામ તથા વાએ ગ દને ઘણા મહાન નરોએ આરાધના બંદગીઓ કરેલી છે જે દરેક તરેહની મોરાદ બક્ષનાર જબ્બર જસ્ત સરદાર છે.

પહેલે દાદાર અહુરમજદે ઈરાન વેજમાં આરાધના કરીને વાએ યજદ પાસે મોરાદ માગીકે હું અંગ્રેમેન્યુસની પેદાયશોને મારૂં અને સપેનામીનોની મારી પેદાયશને કોઇબી નહીં મારે. પછી પેશદાદ ખાનદાનના હોશંગ પાદશાહે વાએયજદ પાસેથી માગ્યું માજનદરાનના દેવોને હું મારૂં. પછી તેહેમુરસ પાદશાહે-જમસેદ પાદશાહે વાએ ઇજદ પાસેથી માગ્યું કે બધા જન્મ પામેલાઓમાં ઘણોજ મજબુત ખોરેહવાલો સુરજને જોનાર થાઉં પશુ-પક્ષી માણસને અમરપાણી ઝાડોને નહીં સુકાતાં-ખોરાકવાસી નહીં થાય તથા ખોરાક ખુટે નહીં તેવો કરૂં. મહાન જમસેદની પાદશાહીમાં ઠંડી સખત હતી નહીં. તેમજ ગરમી પણ સખત નહીં. બુઢાપો મોત વિગેરે કે અદેખાઇ કાંઇ હતી નહીં જે બધુ વાએ ઇજદથી થયું હતું આથવ્યાન ખાનદાનના ફરેદુન પાદશાહે આરાધ્યો કે ત્રણ માથાનો ત્રણ મોઢાના ઝુવાગને હું મારૂં જેર કરનારો થાઉં. કેરશાસ્પ પહેલવાને ગન્દરેવ નામનો દેવ દરીઆમાંની ઉંડામાં ઉંડી ગારનો એકલો માલેક છે તેને મારવામાં ફતેહ પામું તે મોરાદ વાયુ ઇજદે બક્ષી તેમજ હુતોક્ષે જે ખુબસુરત બાનું તેણે વાયુ ઇજદને આરાધ્યોને માગ્યું કે હું ગુસ્તાશાહ દારાયસ પાદશાહના ઘેરમાં પ્યારી ચહવાયલી માન પામેલી થાઉં તે ઉમેદ બર આવી. તેમજ કેટલી કન્યાઓ જેઓ માણસની નજદીક કદી પણ નહીં ગયેલી તેઓ એ ખાવિંદની માગણી કરી હતી. જે ખાવીંદની વિગત હમો બેઉ જણ જીવીએ ત્યાં સુધી સાથે સારી ચાલ ચલાવે ખાવીંદ હમુંને ફરજંદ આપે યાને તે ખાવીંદથી હમારે પેટે સારાં સુખવાળી ફરજંદ થાય. એવી મુરાદો પુરી કરી હતી. પછી અશો જરથોસ્ત પેગમ્બરે વાયુ ઈજદને આરાધ્યો ને માગ્યું કે દીનની બાબતમાં હું દરેક દરેક ઉપર ફતેહ મેલવનાર થાંઉ કારણ દદાર અહુરમજદ તથા અમશાસ્પંદોનું ભલું કામ કરી નેક રાહ બતાવનાર થાંઉ એ વિગેરે બીજા મહાન નરોએ એની આરાધના કરી હતી. જે બધા ફતેહ પામ્યા હતા. રામ-તથા વાએ યજદનો દેખાવ તથા કામ પઢનારને બધાઓની ઉપર ફતેહ મેલવી આપનાર પુઠે ચાલનાર કીર્તિ મેલવનાર ઘણોજ જોરમંદ દઢ મનવાલો સામેવાલાને ગબડાવી

તોડી નાખનાર ખરાબીનો નાશ કરનાર બધી બાબતે ભરપુર કરી આપનાર બહાદુરમાં બહાદુર લડવૈયાની માફક સરદારની માફક સુંન્નેરી ઝગઝગતુ તાજ રાખનાર સોનેરી કંઠમાળા દરેક સુન્નેરી વસ્ત્ર મજબુત કમ્મર બંદવાળો હાથમાં ખંજર જેવું સુન્નેરી ચક્કર રાખનાર પહોલી છાતીવાલો દેખાવ અને ભભુકદાર રેશની જેવો. દેખાવ આપ મારતું તેજ વિગેરે ઘણી એક બાબતે મદદ તરીકે ઉભો રહેનાર પઢનારને દરેક બાબતે બસ છે.

(દીન યશ્ત)

દીન યસ્ત દીનની ઉપર મૌવકુલ છે સચ્ચાઇનો માર્ગ બતાવનાર—સદ્‌ગુણ સફાઈદાર બાનુ ફરેસ્તો જેને અષાઉમ નબી જરથોસ્ત સાહેબે આરાધી હતી. જેણે તમામ તંનની તંનદરોસ્તી—સુખ તથા તીક્ષણમાં તીક્ષણ શક્તી જોવાની સાંભાલવાની શક્તી—એ શક્તીઓ એવી તીક્ષણ કે અંધારી ધુંમસવાલી રાતે જમીનપર પડેલો બાલ પણ દેખાય અને સાંભાલવાની એવી કે મનની વાત લાંબેથી સભલાય છે સાથે એવો ફતેહમંદ હરકેની ઉપર સરસાઇ ભોગવનાર એવી ભરપુર બાબતે બક્ષનાર ફરેસ્તો છે.

(અશીશવંઘ યશ્ત)

જે ગંજ ખજાનાની ચાવી રાખનાર—સત્તાવાન દાદાર અહુરમજદની દીકરી અને અમાશાસ્પંદો ની બેહન હરેક તરેહની પઢનારની મુરાદ બક્ષનાર પણ લક્ષ્મી તવંગરીની ઉપરજ એ ખુબસુરત ઝલકાટવાલી કચાની ખોરેહ ઇજદી ખોરેહ ધરાવનાર સુન્નેરી તાજવાલી કંઠમાળા તથા બાલીવાલી ફરજંદ બક્ષનારી ઘણાજ ઉમદા પમરાટવાલી એની સોહબત પકડનારાને દરેક બાબતે ભાગ્યશાલી બનાવનાર ન્યામત ખજાનો ભેટ કરનાર અશો પેગમ્બર જરથોસ્તને ઉત્તમ પ્રકારની ઉંચી બક્ષીસો આપેલી છે. હોશંગ પાદશાહે મોરાદ માંગી જમસેદ પાદશાહે આથવ્યાન ખાનદાનના ફરેદુને આરાધી કેખસરૂ પાદશાહે અફરાસીઆબને બાંધવાને માટે તથા સુન્નેરી આંખવાલા હોમે અફરાશી આબને પકડવાને માટે તથા કેખસરૂ પાદશાહે પછી જરથોસ્ત પેગમ્બરે ખુબસુરત હુતોક્ષને દીનપર ચલાઉ કામો વચન દીનના રસ્તા મુજબ હુતોસ દારાયસ ગુસ્તાપશાહની ધણીઆણી જે માજદીયસ્ની દીન ઉપર એકીન સાથે આવીને દીલ લગાડે. એ અશો પેગમ્બરની મુરાદ બક્ષી તથા ગુસ્તાપશાહે દુશ્મનો માટે આરાધી જે બધાઓની મોરાદ બરકરી આપી. નાના ખુબસુરત છોકરાના આકારમાં ખુબસુરત કન્યાના આકારમાં એટલું તેજ કે ચેહરો કોઇ જોઈ શકે નહીં. એવો દેખાવ બતાવનાર પઢનારને બહુજ ફાયદેવંત છે.

(આસ્તાદ યશ્ત)

મનને પ્રફુલીત બનાવી તાકાત લાવનાર વિર્યને બાંધનાર આસ્તાદ રોજના બીજ વાલું ફરજંદ બહુજ તાકત ધરાવનાર સહી સલામતીથી આવનાર ઘણુંજ જોરમંદ નીવડે છે નબળાઇ વાલા શખ્શોને બાંનુંને [illegible] ચમત્કાર રીતે તાકાત બક્ષે છે.

(જમ્યાદ યશ્ત)

ખુબીવંત [illegible] લાવનાર—ઇજદી ખોરેહ બક્ષનાર —એવું ખોરેહ કે કોઇને પણ તેનેજ આધીન થવું પડે [illegible] પાવર કે ફક્ત જોતાના વારમાં સામા માણસને દરેક રીતે વિચારે તપાસી લેનાર જેણે [illegible] ચમત્કાર બતાવનાર અક્કલ હુશીઆરી—વધારનાર અનહદ પાવર ધરાવનાર

ઇનશાન માત્રને જેર કરનાર દુખ-દરદ-સૈતાનને બુંન બેખથી ઉખાડી નાખનાર કે જે ખોરેહને એવો તો પ્રકાશ મારતો દેખાવ કે જોતાંને વાર આંખે ચીત્રી આવીને ગુમરાહ કરી નાખનાર એ ખોરેહ જેવું જોર કશાંમાં નથી. એ ખોરેહ પેગમ્બરોને ફરેશ્તાઓને મહાન મહાત્માઓને હોય છે. ખોદ પર ઇશક રાખનાર પ્યારા તેનાજ લાલ તેમાંજ ગુંથઇ રહેલા ખોદાથીજ-ફરેસ્તાઓથીજ-તેમજ ગુરૂથીજ બક્ષેસ થાય છે. પહેલું પેશદાદ ખાનદાનના પાદશાહા હોસંગ સાથે એ ઇજદી ખોરેહ જોડાયું જેણે મહાભારત કામો ખોદાને પસંદ પડે તેવાંકીધાં પછી ટેહમુરશ પાદશાહે જેણે ૩૦ વરસ સુધી પૃથ્વીના એક છેડેથી બીજે છેડે સુધી અંગ્રેમીનોને વસ કરી ઘોડાના રૂપમાં તેઓની ઉપર સવારી કરી હતી પછી જમસેદ પાદશાહ સાથે ઇજદી ખોરેહ જોડાયું. કે જેણે રૈયતને પણ નજાકી નાખ્યાં હતાં. તેમજ ખોદાઈ દાવો કર્યો હતો. પણ જમસેદ પાદશાહ મગરૂરીમાં આવી નારાસ્ત સખુન ઓચરીઓ જેથી એ ખોરેહ પક્ષીના આકારમાં ઉડી ગયું કે ઝોહાક ગાદી ઉપર આવ્યો કે જે દરજને તદન ઉતરી ગયેલો જોઈ જમસેદ પાદશાહ બેહોશ થઈ જમીન ઉપર વ્રુટી પડ્યો. પછી તે ખોરેહ મેહેર યજદે સંગર્યું પછી ફરેદુન કેરશાસ્પે સંગરેલું હતું એ ખોરેહ કેકોબાદ પાદશાહે. પછી કેખસરૂ પાદશાહે. પછી અશો જરથોસ્ત સાથે જોડાયું. પછી ગુસ્તાપ પાદશાહે, જ્યાં એ ખોરેહ આવ્યું કે દુનીયાની દરેક ચીજ આવી જાય છે. ખોરેહ વિસે મેં આગળ લખી જણાવ્યું છે.

(મોના જાત) ૧

ખોરશેદની સામે ઉભા રહી દ્રઢ મને નબળા સુરજની દશા હોય તે વખતે બે હાથ જોડી માથું નમાવી જો પઢે ચાલીસ દીવસ, જુબાન ઉપર કરે અને તસ્બી એક ફેરવે તો મુરાદ બર આવે છે

અએનુરે ખોદા પાક તરી ખુરશેદ યજદાં, જીંનીઆએશો યસ્ત ખાંદનેમન બાદ તો શાદાં.
વીબંદગીઓ જે કરે ખોદા નેજદેતો કરદંમ, અજ બેહરે રવા હાજેતમંત નેજદશ બેરસાં.
અજ તરફેમનત અરજ રસાં દર દરગહે યકતા અજ, જુદીઅત ઇમદાદ કુનો મુસ્કેલંમ આસાં.
કુન રેજક ફરાખ આબ ફેજ દારીયમ આબાદ અફજુનીએ, ફરજંદ કુનીજ ખાલેકે ગએહાં.

(મોના જાત) ૨

માહ બોખતારની સામે ઉભા રહીને પઢે. ચાંદરાતે પુનમે જરૂર પઢે. રોજી રજક મોરાદ બક્ષનાર અસરકારક છે.

અએનુરે ખોદા માહંઘરે યજદાં, જીંનીઆએશો યસ્ત ખાંદનેમન બાદ તો શાદાં.
વી બંદગીઓ જે કરે ખોદા નેજદેતો કરદમ, અજ બેહેરે રવા હાજેતમંત નેજદેતો બેરસાં
તરેફેમનત અરજ રસાં દર દરગહે યકતા, અજ જુદીઅત ઇમદાદ કુનો મુસ્કેલંમ આસાં.
કુનરેજક ફરાખ આબ ફેજદ દારીઅમ આબાદ, અફજુનીએ ફરજંદ કુનીજં ખાલેકે ગએહાં.

બીન રોજગારીએ એ તો હમેશ પઢવી વાજેબ છે. ચાંદ આખો મોટો દેખાય તે દહાડે તો જરૂરજ તસ્બી એક ફેરવે અને ચાંદમાજ લીન થઇ જાય, અનહદ ફાયદેવંત છે.

(ગોના ભાત) ૩

આતશ બેહેરામ અથવા આદરાંન યા ઘેરના આતશ નજદીક પઢવી. જુબાન ઉપર કરવી અને રોજ તરફી એક ફેરવે તો ઘણીજ ફાયદેવંત છે.

અએનુરે ખોદા પાકતરીન આતશે યજદાં, જીંનીઆએશો યસ્ત ખાંદનેમન બાદ તો શાદાં
વીબંદગીઓ જે કરે ખોદા નેજદેતો કરદમ, અજબેહરે રવા હાજેતમંત નેજદશ બેરસાં.
અજ તરફેમનત અરજ રસાં દરગહે યકતા, અજ જુદીઅત ઇમદાદ કુનો મુશ્કેલમ આશાં.
કુન રેજક ફરાખ આબ ફેજ દારીઅમ આબાદ, અફજુનીએ ફરજ કુનીજાં ખાલેકે ગએહાં.

પ્રકરણ પહેલું સમાપ્ત.

પ્રકરણ બીજું.

(નજુમે [illegible])

હાલના જમાનાના હરકોઇ કોમવાલા લોકો રમલ ફાલ,જન્મોત્રી, ટપકા વિગેરે જોવરાવી નાણાની જીંદગી સુધીમાં ઘણી બરબાદી કરે છે કે કોઇને પણ ઉપલી બાબતોની ગરજ આ ફાલ નામું જે સાડાચાર હજાર સવાલ જવાબનું છે. તે ફકત દરેક બાબતે ભવિષ્ય વિશે ધંધો, રોજગાર, ફરજંદ, આવરદા કયા દીવસ તથા કયા વરસ લાભ કારક છે. દરદી સારૂં થશે કે શેર, સટા, રમત. સરત, વાયદ,ા લગન, સાદી, તંનદરોસ્તી દોસ્તના, પેગામ, ભવિષ્યનો જવાબ ચોરાયલી વસ્તુ, ધંધો કર્યા કરૂં, કયા ધંધામાં ફાયદો છે. વેપાર ધંધામાં ફાવીશકે મુસાફરી લાભકારક છે. ધારેલે ઠેકાણે સાદી થાશે કે, ખાવિંદ કેવો મળશે સ્વપનાની તાસીર શું છે. ઘોડાની સરતમાં જીતીસ કે મુકદ્દમો કોરટથી જીતીસ કે, ચોરનો પત્તો લાગશે કે, છુપા દુશ્મન છે. મારા હરીફો છે સ્ત્રી કેવી મળશે, આવતા મહીનામાં વરસમાં, જીંદગીમાં, શું થશે કોઇબી તરેહની મોરાદ, વસીઅત, વારસાથી નાણું મલશે કે, ફરજંદ થશેકે, ધારેલા કામ થશે કે, ઉમ્મર કેટલી છે. બંદગી પુરી થશે ને, ખબર સાચી છે કે ખોટી. સાદી મુબારક છે કે, એ વિગેરે બીજા તમે ધારો તેનો જવાબ મલેછે. અને જે કામ કરવા ફાલના ફરમાવે તે કદી કરવું નહીં.

આ કેતાબ રજીસ્ટર-(ફાલનામું) રજીસ્ટર હોવાથી તેના કર્તાને સારી રકમ આપી અમોએ લખવાનો હક મેળવ્યો છે. જે આ ફાલનામાનું નામ મારા તરફથી (નજુમે દાનેસ્ત) કરીને રાખેલું છે. જે (નજુમે દાનેસ્ત) એકજ વખત તાબે કરી કે જીંદગીમાં વખતનો કેટલો બચાવ જોશીઓને તાંના કેટલા ફેરા, જીંદગીમાં તથા કેટલા પૈસા એ બધાંનો બચાવ થઇ જાય છે.

ખુદાએ દરેક ઇનશાનને એવી સ્થીતીમાં બનાવ્યો છે કે કેટલેક સમયે ખોદાનો ઇકરાર કરે અને ઇકરાર કરવાનું કારણ ઇનશાનની અશક્તતા તથા હુજ્જત મગરૂર, તવંગરીના સબબે દોલતના રીણે એવી રીતે પુર ભરપુર થઇ જાયછે. પણ જો ખુદા એ પ્રમાણે ઇનશાનને ન બનાવતે અને હદથી વધારે કુદરત આપતે તો ઇનશાન જમીન ઉપર પગ પણ મુકતે નહીં. પણ તેજ રોશન "ઝમીર પાક દાદાર અહુરમજદે એવો ફના થવાનો કાયદો રાખ્યો છે કે તેની સામે તમામ અશક્ત અને લાચાર અને એજ હરવેષપુઆગાહ સામે આજીજીથી રડવા શિવાય કાંઇ થઇ શકતું નથી. તોપણ કેટલાક એવા થઇ ગયા કે આ દુનીયાની જુજ જેવી ચીજના માલેક થવાથી પોત્તેજ ખુદા થઇ બેઠા અને પોતાને ખોદા કહેવડાવવાની હીંમત કરી અને આ જમાનામાં પણ ખુદાયતાલાએ દુનીયાનો કારોબાર ચાલવા માટે જે એલમો બતાવેલા છે તેમાનો થોડો એલમ હાંસલ કરી કેટલાક એવા મગરૂર બની ગયા કે ખુદાની જાતનો ઇનકાર કરે છે તો પણ જ્યારે તેઓ ઉપર મુશીબત આવી પડે ત્યારે તેઓનું દીલ કોઇ એવી જાતનો આસરો શોધે છે કે જે તેઓને એવી મુસીબત વખતે મદદ કરે તો તેથી સાબીત થાય છે કે ઇનશાનને માટે ખુદાએ એવી તબીયત બનાવી છે કે તે જરૂર કોઈ પણ વખતે પોતાના પેદા કરતા તરફ પોતાનું દીલ રજુ કરે.

તમામ મહજબ વાલાઓ એ બાબતનો એટલે ધર્મસંબંધી તેમજ ઉપર લખેલી બાબતનો જાહેરમાંતા બાતેનમા ઇકરાર કરે છે. પણ જેણે એહશાન કર્યો તે ઇનામ આપનાર તેનો શુકર કરવો બલ્કી કરવી વાજેબ છે, અને એહસાન માનવો એ આપણ ખાકી બંદાઓને લાજમ છે, અને એજ

હકીકતમાં ખુદા છે અને જાહેરમાં કેટલાક ઇનશાન પણ છે તો ખુદા તેમજ ઇનશાન જે એહશાંન કરે તેઓનો શુકર કરવો જરૂર છે. તે પરવરદેગારે આલમ તથા જહાનનો ઇન્તેજામ કરવાવાલો અને તદબીરથી ચલાવવાવાલો છે. તેણે પોતાની કુદરતના કાયદા મુકરર કર્યા તેનીજ પાસે તમામ જાતના એલમની ચાવી છે અને તેણે પોતાની અણહદ મેહેરબાનીથી ઇનશાનને એલ્મ અને અકકલથી શણગાર્યો છે અને તેઓ તેની ન્યામતોના શુકર કરે તે માટે મોટા દરજ્જા મુકરર કર્યા છે અને તેમાના કેટલાક એવા મોટા દરજાવાલા અને ખુદરતની કમાલને દરજ્જે પહોંચેલા થયા કે તેઓને ખાસ એલમની ચાવી વિગેરે ફરમાવ્યું અને મોટો હોદો અતા કર્યો જેમકે પયગમ્બર-સઓષ્યન્તો વિગેરે.

(નજુમે દાનેશ્ત) ટુંક હેવાલ.

આ કેતાબ બનાવનાર માટે જેટલું ખબર છે એટલું હું લખું છું (એહવાલે અશોજરથુસ્ત દાસ્તાને દલેરે દારાયસ) નામની ચોપડીમાં ઘણું લખે છે, પણ લખવા લાયક હું જણાવું છું કે, જે વખતે જરથોસ્ત સાહેબ વીશ ને ત્રીશ વરસની અંદર લશકરના વડા સરદાર તરીકે હતા, દારાયશ નામે પાદશાહ હતા જેના હુતોસ કરીને રાણી છે, જેને ગોસ્તાપશા બાદશાહ બી કહે છે; પણ જરથોસ્ત સાહેબ ગુપ્તજ્ઞાન વિશે બહુજ ઇશ્ક ધરાવતા હતા. પણ તેના વખતમાં એક દાનીયાલ પેગંમ્બર હતા જેના જરથુસ્ત બચપણથી ચેલા હતા કે જે દાનીયાલ પેગમ્બરની વય ઘણીજ વૃદ્ધ હતી. અને ઘણા રોશનીવંત જેવણ બહુજ યજદાંપ્રસ્તી હતા અને ઘણોજ પાવર ધરાવતા હતા જે દુનીયાના સઘળા એલમમાં પુર ભરપુર હતા જેવણે જરથોસ્ત પેગમ્બરને એકબટાના મહેલમાં રાખ્યા હતા. અને ગુપ્તજ્ઞાનની ચાવી બક્ષી હતી. જે વખતે તે દાનીયાલ પેગમ્બરના ચામડા લટબડતી કરચલીવાલા થઇ ગયા હતા ઘણાજ બુઢ્ઢા હતા, જેવણે હરેક રાહ દેખાડયા હતા. અને દાનીયાલ પેગમ્બર જે વખતે ગુજર પામ્યા તે વખતે ફક્ત એકલાજ જરથુસ્ત સાહેબેજ તેની પાસે હતા કારણ કે ગુરૂ ઉપર બહુજ ચાહ જીગર કરતાં પ્યારો. ગુરૂ દાનીયાલ પેગમ્બર એમ જરથોસ્ત સાહેબ ગુરૂ ઉપર દીલ ધરાવનાર હતા. જે દાનીયાલ પેગમ્બર મરતી વખતે જરથુસ્ત્ર સાહેબને દુવા મારી હતી કે તે નીચે મુજબ છે. જા મારા બેટા જા દાનીયાલ પેગમ્બરે તરો બેસ્તાં નખાયલાં નાતવાન આંગલાં જરથુસ્ત્ર તરફ કરીને બોલ્યો કે જા મારા બેટા હવે જા તુંને આયફાંની જેહાંનને લગતું ખોદાથી સોંપાયલું કામ સંપુર્ણ કર તું પરવરદેગારના હાથમાં છે જે તું કામ કરશે તેમાં કોઇક બેહદ ઉમદા અને કેટલાક ખાકી માનવને પણ તું પહોંચશે. તારામાં જે નેકી ખુબી છે ભલાઈ જે છે તેને લીધે તું જેહાનમાં વખણાશે અને ખલકતના લોકોથી પુંજાસે તથા જાવેદાન તુલીક તારી નામના અને તારાં નામની સેફત આ જગમાં બોલાશે અને છેલ્લાં તારૂં રૂહ અમર રહેશે. જરથુસ્ત્ર તે ઓલ્માના ભવિષ્ય ઓચરતાં સખુનોથી ડરીને બેઉ હાથોમાં ચહેરો છુપાવી દીધો. હવે જરથુસ્ત્ર ઉઠ અને અહીંથી સેતાબીથી ચાલ્યો જા. ખોદાનો હાથ તારા ઉપર છે અને તું જે કામ કરશે તેનો જવાબદાર બીજો કોઇજ રહેશે નહીં. તારાં કીધેલાં કામોને કોઇ નહીં કરેલાં કરી શકવાનું નથી. જા આજથી તું આફતાબની રોશનીથી મલકાસે તારી દલેરી ઉપર શાહ મેહેરબાન થાશે. તેની રાણી હુતોસ સનમુખ લશકરી અને ઝવેરી પોશાકમાં સજ્જ થઇને ઝલઝલતો ઉભો રહેશે ખોદાનો હાથ તારા ઉપર પડી ચુકયો છે અને એ બાબતોનો દીવસ નજદીકમાં છે તે પાક યજદાં તારા પાસે મોટાં કામો આ દુનીયામાં કરાવશે. જા એકદમ જરથોસ્ત્ર જા રસ્તે અટકતોના-એમ દુવા મારી જરથોસ્તને કહ્યું કે બેટા જરથોસ્ત્ર હું પણ હવે અમર દુનીયા તરફ કુચ કરી જાઉં છું તારા પહેલાં હું જવસ અહીંથી હવે મને અંધકારમાંથી ઉજાસ હમણાંથીજ દેખાય

છે બેહેસ્તનો શીરીન ઝગઝગાટ-બેહેસ્તની ઉમદા પવિત્રઇ મને હમણાથીજ જણાય છે હું જાઉં છું. ઝરથોસ્ત આ સકુનથી ગભરાઇ ગયો અને એક કુદકે તે બુઝર્ગના પાંઉને વળગી પડયો એટલામાં દાનીયાલ ગુજર પામ્યા. હવે એ વાતમે ઉપર લખેલી ચોપડીમાં વાંચી છે જે લખી બતાવ્યું છે. એ બાબતમાં હું કાંઈજ બોલીકે લખી શકતો નથીં. પણ મહાન પેંગમ્બર જેવા જરથોસ્ત સાહેબના જમાનામાં હતા.

વિગેરે ઘણી એક બાબત એ ચોપડીમાં લખેલી છે. ત્યારે એ બાબતમાં કેટલીએક જુનામા જુની અરબી કેતાબોમાંથી પણ ફકત એમજ મલી આવે છે કે બુઝોર્ગ હજરત દાનીયાલ પેગમ્બર હતા અનેો જેઓને ખુદાયતઆલાએ મફાતીહુલ ગયબ નામની કેતાબ અતા ફરમાવી હતી જેથી તેઓ ભુત ભુવિષ્યનો હાલ પુરેપુરો જાણી શકતા હતા. નજુમ જોતીશજ જઅફર અને રમલ વિગેરેના એલમ તમામ એજ કીતાબથી અસ્સલ નીકલેલા છે. પણ એ કીતાબથી મજકુર એલમ કાઢનાર કામેલ ન હોવાથી તેઓના જ્યોતીશ અને રમલ વીગેરેમાં ભુલો થાય છે પણ અસ્સલ કેતાબમાં ભુલ નથી હાંસલ કલામ તમામ લોકોના ફાયદા માટે એ કેતાબનો તરજુમો કરનારના હકકમાં દોવા ખેરીઅત ફરમાવશો.

આ કેતાબ બનાવનાર સાહેબે આ વિશે કેટલીક હકીકત લખાણથી લખીછે તેમાંથી જરૂરત જોગો ખુલાસો લખીએ છઇએ, કે હજરત દાનીયાલ પેગમ્બરની મફાતીહુલ ગયબ નામની કેતાબ એ જમાનાના આલીમોએ ચામડાંના કાગજ ઉપર લખેલી હતી. અને તેની ભાષા ઈબરાની હતી તે પછી તેનો તરજુમો સુરયાની ભાષામાં થયો પણ અસલ કેતાબને બોખ્તનસર લઇ ગયો કે જેણે બયતુસ મુકદસ ઉપર હુમલો કર્યો હતો અને હઝરત ઇશાના જમાનામાં સન ૩૦ ઇસ્વીમાં સુરયાની ભાષામાંથી પાછો ઇબરાની ભાષામાં તરજુમો કર્યો અને તેની નકલ રૂશીઆના ઝારે રૂશની લાયબ્રેરીમાં મોવજુદ છે અને ઇટાલીમાં પોપ સાહેબની લાયબ્રેરીમાં સુરયાની અને યુનાની ભાષામાં મોવજુદ છે અને જે ચામડાની અસ્સલ કેતાબ બોખ્તનસર લઇ ગયો હતો.તે જંઘીસખાંનને હાથ અને ત્યાંથી ચીનમાં ગઇ અને ત્યાં એ બગીચો છે ત્યાં દુનીયાંની અજાયબ ચીજોનો સંગ્રહ રાખવામાં આવેલો છે અને તે પછી તે ઉપરથી બીજા મુલકવાળાઓએ અજાયબ ખાના બનાવેલા છે તો એ કેતાબ ચીનનાં મજકુર અજાયબખાનામાં છે આ કેતાબ યુનાની ભાષામાંથી અરબીમાં થઇ અને પછી લાટીનમાં થઇ અને અરબી તરજુમાની ખદીવે મીસરને ત્યાં છે તેમજ મોરાકકોના સુલતાનના કુતુબખાનામાં છે અને તેનો ફારશી તરજુમો શાહે ઈરાનના કુતુબખાનામાં છે અને લંડનમાં હીંદી કુતુબખાનામાં મોજુદ છે. ત્યાર પછી ઇંગ્લીશમાંથી પણ તરજુમાં થયા છે અને ત્યાર પછી એ કેતાબ એક મોટા શખસના કુતુબખાનામાં આવેલી અને તેણે રાજ્યદ્રોહી ગુનોહ કરવાના સબબથી તેને મારી નાખી તેની મીલકત લીલાંઉ કરવામાં આવી તે વખતે એ કેતાબ ૫૦૭ ગીનીએ વેચાતી લીધી અને એ લેનારે તેનો અંગરેજી તરજુમો કરી ઇસ્વી ૧૭૨૮ માં છપાવી અને ફકત રૂ. પાંચની કીમતે સેંકડો નકલો ખપી ગઇ હતી. જેમાંથી એક કેતાબ હીંદુસ્તાનમાં આવી અને તે માણસ ૧૮૭૫ નાં હુલ્લડમાં આવી ગયો એને તેનું દરેક ચીજનું લીલાંઉ થયું તે એક ઇસલામીએ લીધી· જે મજકુર ઇસલામ ગ્રહસ્થ લખે છે કે મેં આગળના હીંદુસ્તાની ઇસ્લામીઓની માફક જો બખીલી કરી હતે. તો આ કેતાબ હીંદુસ્તાનમાં કોઇની પાસે પણ હતે નહીં. પણ વિચાર થયો કે આના ફયજથી બીરાદરોને મહરૂમ રાખવા નહીં તેથી તેવણે આ કેતાબની તારીફ વિગેરે ન લખતાં એટલુંજ બસ છે કે આ કેતાબમાં જે કાંઇ જોવામાં આવે છે. તે બરાબર સહીહ ખરૂં પડે છે, અને ઘણી વખત આજમાવેલ છે.

(હવે મારા તરફથી જે આગળ લખ્યું છે (એહવાલે અશો જરથોસ્ત દાસ્તાને દલરે દારાયશ) એ કેતાબમાં દાનીયાલ પેગમ્બર અને અશો પેગમ્બર જરથોસ્ત વિશે લખ્યું છે તે વિષે મારો ટુંક મત જે ખરેખર મારા પોતીકા અનુભવ ઉપરથીજ લખી દર્શાવ્યું છે. હું પોતે ઘણીએક કીશમની ચોપડીઓ વાંચવાનો શોખ ધરાઉં છું અને ઘણીએક ચોપડીઓ વાંચી છે. પણ એવું લખાણ કોઈ ઠેકાણે વાંચવામાં આવ્યું નથી. પણ અલબત એમ વાંચવામાં આવ્યું છે કે આગળના દરેક મહાત્માઓને ગુરૂ હતા. અને હું કબુલ કરૂં છું કે ગુરૂ વિના બધું ફોકટ અને અશો પેગમ્બર જરથુશતના સોગરદો ચેલા પણ ઘણા છે અને ગુરૂ કરવો એ આપણા જેવાને જરૂરીઆત જેવું છે. પણ મે કબુલ કરાવ્યું છે કે આપણા ગુરૂ જે દીવસથી કશ્તી બાંધી ત્યારના આપણે સોગરેદ જરથોસ્ત પેગમ્બરના થયા. અગર જો કોઇ તેવો બાહોશ હૈયાતી ભોગવતો મળે તો બહુજ ઉત્તમ છે નહીં તો અશો પેગમ્બર જરથુશત આપણા મહાન ગુરૂજ કહેવાય. પણ મને કોઇ પણ કેતાબમાં વાચવામાં આવ્યું નથી. કે પેગમ્બરોના હયાતી ભોગવતા પુર્વજોના જમાનામાં ગુરૂઓ હતા. એમકે પેગમ્બરને ગુરૂ હતાજ નહીં. કારણ કે પેગમ્બર પેગામ લાવનાર પેગામ પોહચાડનાર ખોદાની મરજી થાય તોજ પેગમ્બર તરીકે જાહેર થાય અને ખાસ કરીને પેગમ્બરો ઉપર ખોદાનો મજબુત હાથ હોય છે કે પેગમ્બરની સામે થવાને માટે કોઇ શકતીવાન એવો છેજ નહીં. માટે પેગમ્બરની બાબતમાં ગુરૂ હોય એ હું આ તકે દરૂસ્ત ધારતો નથી. હા આપણા જેવાને માટે ગુરૂ રાખવો એ ફલરુપ છે. હયાતી ભોગવતો તો બેહતર છે. કારણ કે જરથુસ્ત સાહેબના સોગરેદો ચેલા ઘણા હતા. માટે અસલથી ચેલા છે અને અસલથી ગુરૂ રાખવાની તલબ આગળથીજ છે પણ પેગમ્બરોના ગુરૂ ખાસ ખોદા છે જુવો મારો ગુરૂ મુરશદ ચેલા શોગરદનો પેલેગરાફ અને છતાં મેં ઘણા પેગમ્બરો વિસે વાંચ્યું છે. પણ કોઇ પેગંમ્બરનો હયાતી ભોગવતો ગુરૂ માલમ પડયો નથી. ત્યારે મહાન પેગંમ્બર જરથોસ્ત સાહેબનો પણ હયાતી ભોગવતો આગલા જમાનામાં કોઈ પણ ગુરૂ હતોજ નહીં. એમ હું વાચન ઉપરથી તેમજ મારો પોતાનો અનુભવ આજ અનુમાનપર ઉતરે છે. પછી તો ખોદાની મરજી કે વાંચનારની શું મતલબ તો પણ સમજદારો મારા પોતીકા મતને મલતા થશે એવી આશા રાખું છું.)

સુચના.

જાણવું જોઈએ તે ઉપર આવ્યું કે આ કેતાબ નામે નજુમે દાનેસ્તમાં જે કાંઇ જોવું હોય તે બરાબર સહીહ અને વળી ખરૂંજ પડે છે તો પણ એવાજ મહાન નરો અરજ કરે છે કે ભવિષ્યની તમામ બાબત ખરે ખરી ખુદાજ ખાસ જાણે છે અને એ શીવાય કોઇ જાણી શકતું નથી. તો પણ મજકુર કેતાબથી ઘણે ભાગે ખરીજ બાબત માલમ પડે છે અગર જો આ કેતાબને પવિત્ર મને ખોદાને યાદ કરીને એના કાયદા પ્રમાણે એજ કેતાબપર એકીન રાખી જો જુએ તો સાફ ખુલેખુલ્લું તમારા ધારેલા સવાલનો જવાબ જરૂર મલે છે એ મારૂં પોતાનું પણ અજમાવેલું છે પણ જો શરા પ્રમાણે એની ઉપર ઘણે ભાગે એકીન રખાઇ શકાય નહીં! એવી આ જમાનાની તાસીર છે. તો પણ બીજા બધા કરતાં દીલાસા અને અનુમાન માટે ઘણી સારી બાબત છે કે જે જોતીશ અને નજુમ જોવરાવનાર શોખીનો ફક્ત એકજ વખત આ કેતાબ ખરીદીને ઘરમાં રાખે તો વખતો વખત ખરચાતા નાણાનો બચાવ કરવા ઉપરાંત જ્યાં ત્યાં ભટકવા અને એવા લખાણોને

ગોતવાની તકલીફ અને વખતની બરબાદીથી બચે બીજું આ તકે મને આ કેતાબ લખવાને રજીસ્ટર હક જે ઘણીએ લીધેલો છે તેણે મને મારા પોતીકા આચાર વિચાર જોઇ કીંમત લઇ લખવાનો હક તેમજ જાહેર કરવાનો હક બખસ્યાં છે. જે એક એલ્મે એલાહીનું જ્ઞાન ધરાવનાર સારા સમજદાર દરેક ધર્મ સંબંધી સારૂં જ્ઞાન ધરાવનાર દીલાવર ગ્રહસ્થનો આ તકે હું ઘણો હેસાંન મંદ ભરેલો ઉપકાર માનું છું જેવણ કોઈ પણ ધર્મને ઘણીજ સારી રીતે ચાહનાર એક સરખી નજરે તમામ ધર્મને જોનાર અને કોઇને પણ નેક મદદ આપનાર દીલાવર દીલના અને ઉમદા ખવાસના સાથીએ મને જરથોસ્તી હમદીન ભાઈઓમાં આ કેતાબ હાજર કરવાનો હક બખસ્યો છે. તેવણને આ તકે ખોદાને અને અષાઉમ જરથોસ્ત પેગમ્બરને નમસ્કાર કરીને અંતહકરણથી દુવા ગુજારૂં છું.

ફાલ જોવાનો તરીકો.

આએ કીતાબની પાછળ સવાલોના ૬૪ ખાના લખ્યા છે, અને એ ૬૪ સવાલ એવા છે કે ઇનસાન જોઈએ તેવો સવાલ કરે, પણ તે સવાલ મજકુર ૬૪ સવાલમાંનો એક સવાલ હશે, માટે એ ૬૪ ખાનામાંથી પોતાનો મતલબ જે સવાલમાં સમાઈ શકતો હોય તે ખાનું મુકરર કરે, અને તે ખાનાનો નંબર યાદ રાખે, જેમકે કોઇ સવાલ કરે કે **"મને નાણું મળશે?"** તો એ મતલબનું ખાનું તપાસતાં ચાર નંબરના ખાનામાં લખ્યું છે કે **સવાલ કરનાર કોઇ વખત પૈસાવાળો થશે?** તો એના મતલબનું ચોથા નંબરનું ખાનું નીકળ્યું, તો તે વખતે તે પોતાના સવાલનો ચોથો નંબર યાદ રાખે.

પછી તે પછીનું પાનું જેના ઉપર " સીતારાઓના નંબર " એમ લખેલ છે, અને તેમાં પણ ૬૪ ખાના છે, અને તે દરેક ખાનામાં એક એક તારાનું નામ લખ્યું છે, અને તે દરેક તારાનો નંબર પણ લખ્યો છે, તો ઉપર લખ્યા પ્રમાણે પોતાના સવાલનો નંબર ધ્યાનમાં રાખ્યા પછી અને એજ ખ્યાલમાં રહીને એ ૬૪ સીતારામાંથી કોઇ પણ એક સીતારો પસંદ કરે, અને તે સીતારાનું નામ અને તેનો નંબર યાદ રાખે, જેમકે " **અવરાઈલ** " નામનો સીતારો પસંદ કર્યો, અને તેનો નંબર જોયો કે ૪૩ મો નંબર છે.

હવે એ સવાલની બાબત તથા તેનો નંબર અને તે પછી સીતારાનું નામ અને તેનો નંબર યાદ રાખીને તે પછી સવાલના અને સીતારાના નંબરની ગણતરીનું પાનું ગોઠવેલું છે કે જેની અંદર એક તરફ ૬૪ સવાલના ૬૪ નંબર, અને બીજી તરફ ૬૪ સીતારાના ૬૪ નંબર ગોઠવ્યા છે, અને દરેક સીતારા તથા દરેક સવાલના ચોસઠ ચોસઠ નંબરના ચોસઠ ચોસઠ ખામણા બનાવ્યા

છે, તે ખાનામાં એવી રીતે જુએ કે પહેલે પોતે પસંદ કરેલા સીતારાના નંબર ઉપર આંગળી રાખે, જેમ કે તેણે ૪૩ નંબરનો સીતારો પસંદ કર્યો હતો, તો તેજ નંબર ઉપર આંગળી રાખે, અને તેની બીજી બાજુએ પોતાના સવાલનો ચોથો નંબર છે તે નંબરના ખાનાથી જોતો જોતો સીધી લીટીએ ચાલ્યો જાય, અને તેમજ સીતારાના ૪૩ નંબરથી પણ જોતો જોતો ચાલ્યો જાય, એટલે સુધી કે એ બન્ને નંબર ૪૯ માં નંબરના ખાનામાં ભેગા થશે, તો સમજવું કે પોતે જે સવાલ કર્યો અથવા જોયો અથવા ફાલ ખોલ્યો તેનો જવાબ આ કીતાબના ૪૯ મા પેજમાં છે, તો તે વખતે જવાબોનું ૪૯ મું પાનું કાઢવું.

સવાલોના જવાબ દરેક પાનામાં ચોસઠ ચોસઠ લખ્યા છે, અને એક પેજમાં ચોસઠ જવાબ નહીં સમાવાથી એક એક પેજમાં બત્રીશ બત્રીશ સવાલ સામા સામા નંબર સહીત લખ્યા છે, અને બન્ને પેજનો નંબર એકજ લખ્યો છે એટલે બે પેજમાં થઇને ૬૪ જવાબ છે, અને દરેક જવાબ માટે નંબર પણ જુદો જુદો લખ્યો છે, હવે જ્યારે પોતાનો જવાબ ૪૯ મા પાનામાં છે એમ તેને ઉપર બતાવેલા કાએદાથી ખબર પડી ત્યારે તે આ કીતાબનું ૪૯ મું પાનું કાઢે, અને એ પાનામાં પોતે જે સીતારો પસંદ કર્યો હતો તેનો જે નંબર હોય તે નંબરવાળો જવાબ એ પાનામાં જુએ, જેમકે તેણે ૪૩ માં નંબરનો સીતારો પસંદ કર્યો છે. તો ૪૯ મા પેજમાં ૪૩ મા નંબરવાળો પોતાનો જવાબ છે એમ સમજીને વાંચે, તો તે વખતે તે જોશે કે ૪૩ મા નંબરમાં લખ્યું છે કે 'તમારો સીતારો સારો છે તેથી દોલત ઘણી મળશે." તો માલ અથવા દોલત મળવાનું જોયું હોય અને આ પ્રમાણે નીકળ્યું હોય તો એવો જવાબ સમજવો કે માલ મળશે.

વધારે સમજણ પડવા માટે બીજો દાખલો લખવામાં આવે છે કે કોઇએ પુછયું કે "તે શાદી કરશે તો સુખ પામશે?" હવે એ બાબત સવાલોના ખાનામાં તપાસ કરતાં માલુમ થયું કે પચીશમાં નંબરના ખાનામાં એ બાબદ છે, તો પોતાના સવાલનો નંબર ૨૫ મો યાદ રાખે, અને પોતાના સવાલને પણ ધ્યાનમાં રાખ્યા કરે, તે પછી સીતારાઓના ખાના છે તેમાંનો કોઇ એક સીતારો પસંદ કરે, દાખલા તરીકે ૯ મા નંબરનો "કયસુલ" સીતારો પસંદ કર્યો, પછી એ સીતારો તથા તેના ૯ માં નંબરને યાદ રાખે, તે પછી સીતારા અને સવાલના નંબરના ખાના કાઢે, અને સીતારાના ૯ માં નંબર ઉપર આંગળી રાખી જોતો જાય અને બીજી તરફથી સવાલના ૨૫ માં નંબર ઉપર આંગળી રાખી જોતો જાય તો એ બન્ને નંબરના ખાના ઉપર મળી રહેશે તો સમજે કે આરા

સવાલનો જવાબ૩૩ મા પેજમાંછે. તેથી આ કીતાબનું ૩૩ મું પેજ કાઢે, અને તેમાં ૬૪ જવાબ છે, અને પોતે સીતારો ૯ મા નંબરનો પસંદ કર્યો છે, તો એ ૩૩ મા નંબરના પેજમાં ૯ મો જે જવાબ છે તે પોતાનો જવાબ છે એમ સમજે, અને તે ૯ મા નંબરવાળો જવાબ લખ્યો છે કે "સવાલ કરનાર મરદ છે તો સાધારણ સુખ પામશે, અને સવાલ કરનાર ઓરત હશે તો ઘણું સારૂ સુખ પામશે.

હાંસલકલામ એ પ્રમાણે જરૂર પડે તે જુએ, પણ ખાલી દીલ ખુશ કરવા અથવા રમોજ માટે તેમજ અજમાવવા માટે જુએ નહીં. અને જુએ તે વખતે બરાબર તેમાંજ ધ્યાન રાખે.

૧ સવાલ કરવાવાળાની ઉમર ઘણી લાંબી છે.

૨ વાદળાં ઘણા થશે. અને વરસાદ બહુ વરસશે.

૩ અમન અને અમાન (નીરભયપણું) ની ઇનતેઝારીમાં રહો.

૪ તમારી ઉમેદમાં ફાયદો નથી, ત્યાં કાંઇ પણ નથી.

૫ આજ તમો હારી જશો.

૬ એજ જીતશેકે જેના વિશે તમારા દીલમાં ખ્યાલ છે.

૭ તેઓની સામે જાઓ નહીં અને અગર જશો તો કાંઈ પણ આફત આવશે.

૮ તેનું જ્યારતો જાત્રા માટે જવું નકકામું છે.

૯ ખબર બહુજ સાચી છે અને અજબ થવા લાયક છે.

૧૦ તેની ખબર જરૂર સાંભળશો.

૧૧ તમારાથી જે વાત થઇ ગઈ તે થઇ ગઇ.

૧૨ ચોર હાકીમને મલી આવશે.

૧૩ બીમારી અને વિચારોની સુસ્તી.

૧૪ કાંઇ પરવા ન કરો તમો બહુજ સારા નશીબવાળા માણસ છો.

૧૫ ખેરીયતથી જાઓ.

૧૬ દુશમન ઘણા છે, અને દોસ્ત થોડા છે.

૧૭ જાઓ તમો નશીબવાળો છો.

૧૮ નફો થોડો થશે પણ તેમાં કાંઈ પણ ખતરો નથી.

૧૯ આ બાબતમાં શક કરો નહીં

૨૦ ચોથી અને ઓગણશમી નેક છે, પાંચમી અને ૧૩ મી નહસ (ખરાબ) છે.

૨૧ ઠીક છે પણ શુભ અને મનહુસ (બહુજ નહસ) છે.

૨૨ ઘણા છે માટે જરા હુશીયારેથી રહેવું.

૨૩ તે શખસ વીરો મોટો ખતરો છે.

૨૪ બેશક તમો ખતરામાં છો.

૨૫ તમારૂં નશીબ ઘણે ભાગે તમોને નફો પહોંચાડશે.

૨૬ અગર ઉડશે તો જરૂર જીતશે.

૨૭ આજકાલ તમો સારા નસીબવાળા છો માટે અજમાવી જુઓ.

૨૮ તેના તનદુરસ્ત થવામાં શક છે.

૨૯ લોહી અને પિતનો વધારો.

૩૦ નહીં.

૩૧ બનાવટ નારીજાતીની છે.

૩૨ તેઓના નશીબ જુદી જુદી જાતના છે.

૩૩ સવાલ કરનારને ખર્ચાં ઘણા ઓછાં થશે.

૩૪ ટુંક મુદ્દતમાં તમો પોતાના મહબુબની ખબર સાંભળશો.

૩૫ રૂપાળા અને ખુબસુરતોથી ડરતા રહો.

૩૬ જે શખસ હાજર નથી તે પોતાની જવાની અને મોજ મજાહના ખ્યાલમાં છે.

૩૭ તે ખુબસુરત છે અને તેની કીસમત પણ સારી છે, પણ તેનો મીજાજ તીખો અને ખરાબ છે અને કીનાથી ભરપુર છે.

૩૮ ખુબસુરત અને રૂપાળી હશે.

૩૯ ખાહીશ હદથી વધારે છે.

૪૦ આ મામલામાં હીમ્મત અને જવાંમરદીથી કામ લેશોતો તમારી મરજી પ્રમાણે એ મામલો પુરો થશે.

૪૧ સવાલ કરનાર ઇશક તેમજ શાદી બન્ને બાબતમાં સારા નશીબવાળો છે.

૪૨ ખુશી થાઓ તમારો સીતારા સારો છે.

૪૩ તે ઓરત મગરૂરીવાળી છે પણ તમો ફાવી જશો.

૪૪ અગર વીશથી વધી જશે તો જરૂર થઇ જશે.

૪૫ તમારો મનહુસ (બહુજ ખરાબ) સીતારો જોશમાં છે, તમો રહી શકશો નહીં.

૪૬ બાવીશ અને પચીશની વચમાં.

૪૭ તેમાં ઘણો શક છે.

૪૮ છે, પણ છેટેની મુસાફરી શાયદ તમોને કરવી પડે.

૪૯ સીતારો બરાબર નથી.

૫૦ ઠીક સાધારણ છે.

૫૧ ચુસ્તી અને ચાલાકીનું કામ છે.

૫૨ હા ઘડપણમાં.

૫૩ તેને તો અજલ ખાઈ ગઇ.

૫૪ બહુજ ખરાબ સાબીત થશે.

૫૫ કોઇ છુપુ કામ કરવાનો ઇરાદો છે.

૫૬ તેની ઉમેદ રાખો નહીં.

૫૭ અગર મેહનત કરશે તો ફતેહ પામશે.

૫૮ બહુજ સારા નશીબવાળો થશે.

૫૯ નસીબનો સીતારો સારો છે તેથી ઘણા ખુશનશીબી અને દોલતમંદી જાહેર છે.

૬૦ હજુ પણ તમારા સારા નસીબ ગાલીબ છે એટલે ફાવશે.

૬૧ ઉમરનો વચલો ભાગ.

૬૨ બહુજ ખુશી થાઓ નહીં, તમો એવા મુબારક વખતમાં પયદા થયા નથી કે તમોને દોલત મળે.

૬૩ બીજી વખત પાણીની બલા સામે આવશે માટે ખબરદાર રહેશો.

૬૪ જવાનીમાં બીમારી છે અને ઘડપણમાં તનદુરસ્તી છે.

૧ સવાલ કરનાર પોતાની ઉમરના આઠમા, વીશમા, બાવીશમાં અને બેતાળીશમાં વરસમાં બહુ બીમાર થશે.
૨ સવાલ કરનારની ઉમર લાંબી છે પણ બીમાર રહેશે.
૩ ઝોહલ નામની સીતારાની તાસીરથી હવા સુકી રહેશે.
૪ મોસમના સબબથી તો અમન દેખાય છે, પણ સારૂં નથી.
૫ ત્યાં નકામી ચીજો સીવાય કાંઈ નથી.
૬ તેના હાલ ઉપર તેમજ તેની ઉમેદો ઉપર અફસોસ છે.
૭ લાંબા કદવાળો આજ હારી જશે.
૮ વઝીર અને બાદશાહને દરવાજે વસીલા વીના જા નહીં.
૯ તે ઝીયારતોમાં ફતેહ પામશે અને ઇઝત પણ મેળવશે.
૧૦ અગર સારી છે તો સાચી છે, અને ખરાબ છે તો જુઠી છે.
૧૧ મળશે ખરી પણ ઘણી તલાશ કરવાથી.
૧૨ બેપરવાઇથી ખોવાઇ ગયેલ છે.
૧૩ અગર ચોરને પકડવાનાં આવે તો પણ તમોને કાંઇ ફાયદો નથી.
૧૪ મુસાફરીએ જવું પડશે અને કાંઇ હદીયો પૈસા પગાર પણ મળશે.
૧૫ નીર્ભય રહો તેમાં કાંઇ માલ નથી.
૧૬ કોઇ જાતનો અંદેશો નથી માટે જાઓ.
૧૭ ઘણા નવા નવા દોસ્ત ગણી આવશે.
૧૮ બેધડક વહાણ ઉપર જાઓ, ઝોહરા નામનો સીતારો તમારી હીફાજત કરશે.
૧૯ સફર કરો પણ ચોરોથી ડરતા રહેજો.
૨૦ એવો સાચો છે કે જેવો તમો ચાહો છો.
૨૧ છઠ્ઠી નેક અને આઠમી નહસ (ખરાબ) છે
૨૨ અંગમાં મજબુત અને ખુબસુરત છે પણ ફરેબ આપનાર અને મક્કારબાજ છે.
૨૩ ઘણા છે અને હજુ ઘણા થનાર છે.
૨૪ તેનો છુટકારો નજીકમાં છે.
૨૫ તું એ સરવે ઉપર ગાલીબ થઇશ અને ફતેહ પામીશ.
૨૬ તું પહેલાં કરતાં પણ વધારે નશીબદાર છો.
૨૭ તમો દીલ ખોલીને શરત લગાડશો નહીં, કેમકે ઘાડો ખાચારો બીમાર છે.
૨૮ હુશીયારીથી રમો, અલબત્તા જીતશો.
૨૯ અજલ માથા ઉપર ઉભી છે.
૩૦ લોહીનો બગાડ છે.
૩૧ તેમાં ઘણો ફરેબ થશે.
૩૨ દીકરી.

૩૩ સારા કીસમત અને દોલતમંદ.

૩૪ દીકરા અને દીકરાઓ.

૩૫ વખત પુરો થવાનો છે, અને આવવાની ખબર પણ આવી છે.

૩૬ ઘણા છે, અને કેટલાક જોરવાળા પણ છે.

૩૭ મુસીબતો, અને જનાવરો અને કોઈ છુપી બાબતોની ઢીલ થવાના વીચારમાં છે.

૩૮ કદ લાબુ છે અને વાળ વાંકા છે.

૩૯ સહનશીલ, નાજુક અને ખુબ સુરત છે.

૪૦ અફસોસ ! ઘણે ભાગે બેવફાઇ કરશે.

૪૧ સવાલ કરનાર માટે બહુજ જરૂર છે અને તેમજ વિચીત્ર પણ છે.

૪૨ ખુશીનું કારણ થશે, પણ દોલત નહીં મળે,

૪૩ તેની ખાહીશ પુરી થવાનો જમાનો નજીક છે.

૪૪ થોડી મુદત પછી સવાલ કરનારની શાદી થશે, પણ તેમાં શરત છે કે પોતાની નીય્યત ઉપર કાયમ રહે.

૪૫ નહીં.

૪૬ તેઓની પણ ઉમર મોટી છે.

૪૭ ઘણે ભાગે મુસાફરી કરવી પડશે.

૪૮ હજી સુધી તો તમારૂં ધાર્યું થાય તેમ લાગતું નથી.

૪૯ તમોને ઘણી મુસાફરીઓ કરવી પડશે.

૫૦ કેટલુંક નુકશાન તો ચોરીથી થશે, અને કેટલુંક નુકશાન લેવા અને વેચવામાં છેતરાઇ જવાથી થશે.

૫૧ આજ તો નહીં, પણ રખેને કાલ કાંઇ થાય.

૫૨ જે ચીજની આ વખતે ખાહીશ છે તેજ ઇખ્તીયાર કરો.

૫૩ બખશીશથી તો કદી નહીં મળે.

૫૪ તેને જીવતાઓમાં ગણો નહીં.

૫૫ એમ નહીં બલકે તેથી ઉલટું

૫૬ એક તો તમારૂં અને બીજું વીચીત્ર મશહુર ચીજનું.

૫૭ આજ કાલ કાંઇ સીતારો મુબારક માલુમ પડે છે તેથી તમારી મરજી પ્રમાણે મળશે.

૫૮ અગર મેહનતનું હશે તો જરૂર મુરાદે પહોંચશે.

૫૯ અગર માટીમાં હાથ નાખશો તો પણ સોનું થશે.

૬૦ જેમ જેમ આખર થતું જશે તેમ તેમ નસીબ જોર કરતા જશે.

૬૧ આસમાનોની ગરદીશ અને સીતારાઓથી એવું જાહેર થાય છે કે ખરાબી નજીક છે.

૬૨ પહેલી અરધી ઉમરમાં દુખ અને મુસીબત છે.

૬૩ નશીબમાં કાંઇ દોલત હોય એવું લાગતું નથી.

૬૪ કોઇથી ડરવું જોઇએ નહીં.

૧ અહીં તો પાણીથી જોખમ થવાની બીક છે અને કાંઇ ઝેરની બીક છે.
૨ બાવીશથી ચોવીશ સુધી અને આડત્રીશથી એકતાળીશ સુધી ઘણી બીમારી થશે.
૩ તેની ઉમર ઘણી થોડી છે, અને તે પણ ગમ ભરેલી છે.
૪ આસમાનથી પાણી ઘણું વરસશે, પણ પરીણામ સારૂં છે.
૫ આજકાલ ઇનસાન કતલ અને ગારત કરવાથી અણગમો રાખે છે.
૬ છુપું ઘણું ઓછું છે અને તેથી પણ ઓછું મળશે.
૭ ઘણું કરીને હારી જશો, બલકે કાંઇક ગાંઠનું પણ ખોશો.
૮ જેના વીશે તમારો ખ્યાલ વધારે સારો છે તે છતશો નહીં.
૯ વખત મુનાસીબ જોઇને અરજી કરો, અને દીલમાં કાંઇપણ ખતરો લાવો નહીં.
૧૦ રસ્તામાં મરી જશે.
૧૧ દરેક શાહ્યોને ખરા જાણો નહીં.
૧૨ તે નજીકમાં મળશે, માટે અંધારી અને છુપી જગ્યોમાં શોધો.
૧૩ ચોરાઇ ગઇ છે, અને કેટલીક ગારત પણ થઇ ગઇ છે.
૧૪ બહુજ મુશકીલ છે.
૧૫ એની તાઅબીર ગુસ્સો છે, અને દુશમન કીનાવાળો છે માટે જરા હુશીયાર રહેજો.
૧૬ કેટલાક બાંગ પાયા વીનાના છે.
૧૭ અગર તમારી અક્કલમાં આવે તો જાઓ પણ ફરેબ આપનાર ઓરતોથી બચજો.
૧૮ દુશમન ફાવશે અને દોસ્ત હારશે, કેમકે તમારા કીસમત સીધા નથી.
૧૯ નજીક છે કે વહાણ તબાહ થઇ જાય.
૨૦ તેજ દોડનાર ઘોડા ઉપર બેસશો નહીં કેમકે તમારી મુસાફરી સારી નથી.
૨૧ દોસ્ત સાચો છે માટે બહુજ થાડી દોસ્તી થશે.
૨૨ દસમી અને પંદરમી નેક છે.
૨૩ કદ નીચું, રંગ કાળો અને બદબખ્ત અને ગરમ મીજાજ છે.
૨૪ ઘણા છે અને કીનાવાળા છે.
૨૫ તેના દોસ્ત તેના માટે કોશીશ કરતા નથી, તે બીચારો આફતમાં છે.
૨૬ આસમાન બુગઝવાળા દુશમનની ખબર આપે છે.
૨૭ તે ઘણું ભાગે રમશે અને ઘણી વખત હારી પણ જશે.
૨૮ જુઓ દીલગીર થાઓ નહીં અગર મુનાસીબ તદબીરો અમલમાં લાવે તો છતે તો નવાઇ નહીં.
૨૯ તમો કોશીશ કરો નહીં કેમકે હારી જશો.
૩૦ હવે મોત માથા ઉપર ઉભું છે, માટે ગુસ્લ કફનની તૈયારી કરો.
૩૧ કોલેરા છે અને બદહજમી છે.
૩૨ જે રીતથી તમો ચાહો છો તે રીતથી તમો મોકલો નહીં.

૩૩ ખુબ સુરત છોકરી.

૩૪ કઝા અને કદરે તકદીર તો સારી લખી છે.

૩૫ આધેડ ઉમર સુધી તો થશે નહીં.

૩૬ કાગળ ચાલ્યો આવે છે, ખુશી થશે, રંજ અને ફીકર ઓછી થશે.

૩૭ વીરૂદ્ધ હરીફોની નીશાનીએ‌ા તે છે.

૩૮ તેના દીલમાં ઓરતોના પૈસાનો અને એક મુશ્કીલ બાબતનો ખ્યાલ છે.

૩૯ સીતારો ચાહે છે કે વર ખરાબ મળશે, પણ જરા હુશીયાર રહેજો.

૪૦ ખુબસુરત અને નાજુક બદન.

૪૧ ઇશ્કના હથીયાર તમામ તેજ છે પણ આખર કાંઈ વળવાનું નથી

૪૨ અગર હસદ અને અદેખાઇ મોકુફ કરો તો મોહોબ્બત કરવામાં ફાવશો.

૪૩ જન્મના સીતારાથી એવું માલુમ થાય છે કે નસીબવાળો અને ખુશી પહોંચાડનાર છે.

૪૪ તમો પોતેજ થોડા દીવસમાં એ કામથી મોઢું ફેરવી લેશો.

૪૫ એ બાબત એમ નહીં થાય, અને જ્યારે તકદીરમાં નથી ત્યારે દીલગીર થવાથી શું ફાયદો?

૪૬ એક વરસની અંદર પામશો.

૪૭ તકદીરમાં તો એમજ લખેલું છે.

૪૮ ત્રેવીશ અને ત્રીશની વચ્ચે અને તે પછી અડતાળીશ અને પચાસની વચ્ચે.

૪૯ એમાં કાંઇ શક નથી.

૫૦ એ કામ કરો નહીં અને તેમાં કીસમત અજમાવો નહીં.

૫૧ શરૂઆતમાં ચોરી થશે અને કાંઇ નુકશાન થશે, પણ વચલા ભાગમાં અલબતા કાંઇ નફો થશે.

૫૨ આજ નહીં તેમ કાલ પણ નહીં.

૫૩ કોઇ હલકુ આસાન કામ.

૫૪ આખી ઉમરમાં બે વખતથશે પણ વધારે નહીં.

૫૫ મરી ગયો છે, પણ યાદગાર બાકી છે.

૫૬ ઘણા દોસ્તોને મુસીબતો આવશે.

૫૭ કોઇ કાળી ચીજ છુપાવી રાખવા અને રૂપીયા.

૫૮ તમામ સીતારા સારા છે તેથી જરૂર મુરાદ પુરી થશે.

૫૯ જેના કીસમત જોરાવર હોય તે શા માટે ફાવે નહીં?

૬૦ જેટલો વેહપાર કરશે તેટલો ફાવશે.

૬૧ [illegible]રી, મકાનનું બદલવું, એ શીવાય કેટલોક ફેરફાર.

૬૨ [illegible] પણ ઘણા વીચાર છે અને તે શીવાય હજી પણ કાંઇ બનાર છે.

૬૩ [illegible] કરનારની તમામ ઉમરમાં ફક્ત ૧૯ થી ૨૫ સુધી સખતી છે.

૬૪ [illegible] મનહુસ (બહુજ ખરાબ) છે તેથી થાય તેમ લાગતું નથી.

૧ ભાઇ સાહેબ આપતો સારા નશીબવાળા પયદા થયેલા છો.

૨ શીંગડાવાળા જનાવરથી કાંઇ ખતરો છે.

૩ ફક્ત ૨૩ મા અને ૪૨ મા વરસમાં જાન જાય એવી આફત આવશે.

૪ ૪૮ વરસની અંદર ચાલતો થશે.

૫ એવું માલુમ પડે છે કે મોટા વીટાળીયા અને ધોધમાર વરસાદ આવે.

૬ દુનીયાના બાદશાહો ફસાદ કરવા તેયાર થયા છે.

૭ સોના મોહર હતી તેમ રૂપા નાણું પણ હતું પણ કોઇ લઈ ગયું, માટે સબર કરો.

૮ બેઇઝતી અને હલકાઈ શીવાય કાંઇ પણ નહીં મળે.

૯ જે લડાઇ શરૂ કરશે તે જીતશે.

૧૦ બેશક સવાલ કરનાર તેઓની નજરમાં માનવંત થશે.

૧૧ લુટારૂ રસ્તામાં મળશે.

૧૨ તેનો પાયો તો સત્ય ઉપર છે.

૧૩ બહુજ થોડું

૧૪ એ ચીજ ચોરાઇ ગઇ નથી, માટે ઘરના મેડા ઉપર અને તેની ઉપરના રજોટીયામાં શોધો.

૧૫ ચોર સરકારી હદથી નીકળી ગયો, હવે પત્તો લાગવો મુશકીલ માલુમ પડે છે.

૧૬ ખબરદાર થઇ જાઓ, દુશમન પાછળ લાગેલો છે.

૧૭ તમો જે ડરોછો અને ખોફ રાખો છો તે તમારી બેવકુફી છે.

૧૮ દાવતમાં અદાવત થશે માટે ખબરદાર રહેજો.

૧૯ તમારા પહેલા જેવો દોસ્ત છે તેઓ સાથે બગાડો નહીં.

૨૦ લુટારૂ અને દરીયાના તોફાન અને પાણીથી ડરતા રહો.

૨૧ તમોને વરસાદના દીવસોમાં મુસાફરી કરવાની શી જરૂર છે ?

૨૨ ઘણા જણ જીભના મીઠા અને દીલના ખોટા હોય છે.

૨૩ ૧ લી અને ૨૯ મીએ એ કામ કરો, અને ૧૩ મીથી ભાગતા રહેજો.

૨૪ પીળો રંગ, કાળા વાળ, અને એક છે, અને તે નજીકમાં છે.

૨૫ કયારે હતા ? ના નાહીં.

૨૬ તેના દોસ્ત તેના મદદગાર થશે.

૨૭ તે જે રસ્તે જશે તે રસ્તે ખતા ખાશે.

૨૮ જયારે તમો રમો ત્યારે એટલું ધ્યાન રાખજો કે ચંદ્ર "સુર" નામના બુરજમાં હોય.

૨૯ કુમેત (રાતો ભુરો) ઘોડો જીતશે.

૩૦ આ વખતે નહીં.

૩૧ થોડા અણુતરીના દીવસો બાકી છે.

૩૨ કાંઈ છુપી બીમારી માલુમ પડે છે.

૩૩ તારી દરખાસ્ત પુરી થઇ ચુકી છે.

૩૪ છોકરો થશે, પણ તેની કીસમતનાં ઘણી મુસીબતો લખી હશે.

૩૫ તેઓની કીસમત તમારી કીસમત જેવી છે.

૩૬ તમારી કીસમતથી એવું માલુમ પડે છે કે નહીં થાય.

૩૭ સીતારો ખરાબી કરવા તેયાર છે, અને તમારી તમામ ઉમેદો નકામી દેખાય છે.

૩૮ જે પ્રમાણે સુરજથી ઝાકળ ચાલી જાય છે તે પ્રમાણે તેઓ તમારાથી હારી જશે.

૩૯ પોતાની માશુક અને ખુશકી અથવા દરીયાની મુસાફરીના ધ્યાનમાં છે.

૪૦ હાલ કીસમતથી તમારી શાદી થાય એવું દેખાતું નથી.

૪૧ ખુબસુરત અને દસ આંગળી દસ દીવા જેવી છે, એથી વધારે શું માગો છો ?

૪૨ નાહક બદગુમાની કરવી તે બેવકુફી છે.

૪૩ ઈશક તમારો તરફદાર છે, અને માશુકને તમારા મળવાનો ઇંતેઝાર છે.

૪૪ જવાનીમાં શાદી કરશો નહીં.

૪૫ તારી ખુબી ઉપર તે આશક છે.

૪૬ એવી ખરાબ જગ્યોએ બેસો નહી.

૪૭ શાદી થશે ખરી, પણ રખેને થોડા દીવસની ઢીલ થાય.

૪૮ તમારી આખી ઉમર દુશમનોના સબબથી કડવી રહેશે, પછી જીવવામાં શું ફાયદો.

૪૯ ૩ જું, ૧૦ મું, ૨૧ મું ૨૩ મું, અને ૪૦ મું વરસ

૫૦ કેટલીક વખત ખતરો પણ થશે, પણ સાધારણ રીતે સારી હાલતમાં રહેશે.

૫૧ તમારી કીસમત બેચન છે તેથી એક ઠેકાણે જામીને બેસવા નહીં આપે.

૫૨ એક નાની એવી મુસાફરી, એક ઝગડો, અને એક ખુશ કરનારી દોસ્તી, એટલી બાબતો થનાર છે.

૫૩ નથી માટે ખબરદાર રહેશો.

૫૪ કાંતો ગામડાનો અથવા કોઈ ઉપજવાળી જમીનનો.

૫૫ ૪૫ મે વરસે કોઇ પરાયા માણસના મરવાથી ઘણો માલ બખશીશમાં મળશે.

૫૬ જીવે છે પણ મોટી મુસીબતમાં ગીરફતાર છે.

૫૭ કીસમતનું બયાન છે કે સારૂં છે.

૫૮ કાંઈ દરખાસ્ત, કાંઇ બોક અને કાંઇ અચાનક ખુશી.

૫૯ તમારા સીતારાથી માલુમ પડે છે કે પામશો.

૬૦ બેધડક શરૂ કરી દીઓ, તમો બેશક ફાવી જશો.

૬૧ કાંઈ વચાતુ લીઓ તો વીચારીને લેજો.

૬૨ પાનભર [illegible]માં મુસીબત અને ગમ છે.

૬૩ આજકાલ મનહુસ સીતારાનો દોર છે.

૬૪ જવાની અને ૪૦ અને ૫૦ ની વચ્ચે છે.

૧ ૩૩ મું અને ૩૫ મું.

૨ જે શખસ ઉપર ઝોહલ નામનો સીતારો ગાલીબ હોય તે દોલતની ઉમેદ કેવી રીતે રાખી શકે છે ?

૩ પડી જશો અને ખુબ વાગશે.

૪ આખી ઉમર બીમારથી ભરેલી છે, અને ઘડપણ બચપણ જેવું થશે.

૫ હવે થોડી રહી છે, માટે ઇબાદતમાં મશગુલ થાઓ.

૬ વરસાદથી જમીન તૃપ્ત થઈ જશે.

૭ એવી જંગ થશે કે જમીન ઉથલ પાથલ થઇ જશે.

૮ વખત પોતેજ કીમતી ચીજ છે, માટે એવી ચીજની તલાશ માટે તેને નાહક ખોવો છો

૯ બેશક જીતશો.

૧૦ જેની હીમાયત તમો કરો છો તેની હીમાયતે ફતેહ પણ છે.

૧૧ અએ ફાની થનાર બંદા જા, નેક સીતારા તારી મદદે છે.

૧૨ જવાનું નથી માટે ન જા, એતો "રીઆ" (લોકોને બતાવવા) તને જવા માટે તૈયાર કરે છે.

૧૩ ખોટું છે અને નજીક છે.

૧૪ ઉમેદ તો છે, માટે દીલ લગાડીને શોધો.

૧૫ ચોરાઇ ગઇ છે.

૧૬ હા કોઇને કોઇ પણ વખતે થઇ રહેશે, પણ જલદી નહીં.

૧૭ રોવાનો છે અને માઠા સમાચાર છે.

૧૮ આ વાત એટલે સુધી ખરી છે કે કાંઇ દુશમન છુપી રીતે લાગેલા છે.

૧૯ શરાબ પીશોનહીં, નહીં તો રડશો.

૨૦ નવી નવી દોસ્તી કરવા માટે આ વરસ અજબ અને વીચીત્ર છે.

૨૧ દરીઆ મોઢું ફેલાવી બેઠો છે, ઘણાઓને ગળી ગયો અને તમોને પણ ગળી જવા ચાહે છે

૨૨ અગર જશો તો દીલગીર થઇને પાછા આવશો.

૨૩ આ વાત તો ઘણી શક ભરેલી છે.

૨૪ દરેક મહીનાના પહેલા રવીવારે પરહેજ કરવી, અને ૧૮ મી ઘણી સારી છે.!

૨૫ સાધારણ કેદ અને સામળા રંગવાળો માણસ તમોને મહેણાં મારશે અને ગાળો દેશે

૨૬ એટલાં છે કે તમોને ચેન લેવા નહીં આપે.

૨૭ મળશે, પણ હમણા નહીં.

૨૮ હુશીયાર રહેજો, તેઓ ઉપર ભરોસો ન કરજો.

૨૯ અગર તમો એ કામમાં વળગ્યા રહેશો તો એ રમત તમોને ખોઇ નાખશે.

૩૦ આ વખતે એજ ઘોડો જીતશે કે જેના જીતવાની તમામ કરતાં ઓછી ઉમેદ છે.

૩૧ આ બાબતમાં તમો ફરેબ ખાશો.

૩૨ તેના બીછાનાથી સલામતી ચાલી ગઇ છે.

૩૩ રંજો હીલી અને રંજ.

૩૪ ઘણી મોટી ફતેહ નજર આવે છે.

૩૫ છે તો છોકરો પણ જીવતો નહીં રહે.

૩૬ તમોએ જે નીશાની પસંદ કરી છે તેથી ઘણી સારી કીસમત જાહેર થાયછે

૩૭ એવા ઘણા થોડા છે કે જે જવાનીથી વધે.

૩૮ તે ઘણે છેટે દરીયામાં છે, અને શક ભરેલી ખબર છે.

૩૯ ખુબસુરતી, અક્કલ અને ખુબીઓ એવી ચીજ નથી કે તેના હરીફ ન હોય.

૪૦ ગાડીઓ, જનાવરો, નાણું અને મોટા મોટા કામોનું.

૪૧ ખુબસુરત અને માંજરી આંખ અને હલકા વાળવાળો છેટેનો રહેવાશી છે.

૪૨ માલદાર અને ખુબસુરત છે, પણ જરા મીજાજની તીખી છે.

૪૩ તમારા વીચારો નક્કામા છે, તે પુરો વફાદાર છે, ખુશીની વાત છે.

૪૪ તમારી ખરી મોહબ્બતના રસ્તામાં હમેશા કાંટા પથરાય છે.

૪૫ તમો જેવા છો તેવા રહો તો સારૂ છે એટલે શાદી કરો નહીં.

૪૬ નહીં, તમારી તકદીર ઇનકાર કરે છે.

૪૭ તે ઓરત તમારી તકદીરમાં નથી, માટે મેહનત ન કરો.

૪૮ આ બાબતનો ભેદ થોઓ ખુલતો નથી.

૪૯ સવાલ કરનાર પોતાના હાલના દુશમનો કરતાં અલબતા વધારે મુદત જીવતો રહેશે.

૫૦ ૩૨ અને ૪૯ ની વચમાં રખે રહેવાનું નસીબ થાય.

૫૧ એ તમારા કીસમતમાં જોવામાં આવતું નથી.

૫૨ છે, ખુશકી, (સુકું) પણ તરી (લીલું) પણ.

૫૩ મુસાફરી, ખાહીશો પાર નહીં પડે અને બીમારી આગળ આવશે.

૫૪ જે નહુસત (ખરાબી) આવવા વાળી છે તેજ આજે બેહતર છે.

૫૫ જુની ચીજો લીઓ અને આપો.

૫૬ પોતાની મરજી પ્રમાણે તો કદી નહીં પામે.

૫૭ જીવતો છે અને પાછો આવવાનો વીચાર પણ કરી રહયો છે.

૫૮ હા ઘણાઓ માટે છે પણ એક મરી જશે.

૫૯ એક એવી ચીજનું છે કે જેનું લોકો યકીન નથી કરતા અને છુપી અજાયબીઓ છે.

૬૦ સીતારાથી એવું નીકળે છે કે ખુશી થાઓ.

૬૧ તેની ખાહીશ નક્કામી છે.

૬૨ બેહતર તો એ છે કે વેચાતી લીએ નહીં તેમ વેચે પણ નહીં.

૬૩ ગરમીમાં નશીબ ચમકશે, અને પાનખર રૂતુમાં દરીયાની મુસાફરી.

૬૪ ચારે તરફથી દુશમનોએ ઘેરો કરેલ છે.

૧ મોટા મોટા હાદેસા (બનાવ) બનવાવાળા છે.

૨ ૪૦ અને ૪૮ ની વચ્ચોવચ.

૩ બેશક તમારી તકદીરમાં થોડા વખત પછી ઘણી દાૈલત અને અમીરી જોવામાં આવે છે.

૪ પડી જશે, ઘા વાગશે અને કાંઇ ઇજા પણ પહોંચશે અથવા સખત ઘા વાગશે.

૫ ૨૮ થી ૩૩ અને ૨૨ થી ૨૪ સુધી થોડી થોડી બીમારી રહેશે.

૬ તમોને દુનીયામાં લાંબી મુદ્દત સુધી જીવતા રહેવાનું છે, માટે જોજો બેપરવાઇ ન કરતા.

૭ વરસાદ તો વરસશે પણ ઘણો થોડો.

૮ આ વરસે મોટું મરણ થશે.

૯ અગર તમારૂં અનુમાન બરાબર ખરૂં હશે તો જરૂરછે.

૧૦ ખુશી થવાવાળી છે, તમો કેસ જીતી લેશો.

૧૧ એમ કાંઇ જરૂર નથી કે તેજ ચાલનાર હમેશાં રમત જીતે, અને હમેશા કુવ્વતવાળોજ ફતેહ મેળવે.

૧૨ કોઇ ખુબસુરત હોદ્દાવાળા શખસથી આ મુરાદ મળશે.

૧૩ ગ્ગવારની કબર તૈયાર કરો કે તે મરી જશે.

૧૪ ઘણે ભાગે સત્ય છે.

૧૫ નહીં.

૧૬ કોઇ છુપી જગ્યોમાં છે.

૧૭ ચોર શજા પામશે.

૧૮ મુલાકાતો, મોજમજાહ, દોસ્તો અને બીરાદરો અને મતલબો પુરા થવા.

૧૯ બીલકુલ ખોટું.

૨૦ કોઇ એવી વાત નથી જે તમારે માટે અટકાયત હોય.

૨૧ અફસોસ દુશમન વધારે ગાલીબ છે.

૨૨ અગર બની શકે તો જાઓ નહીં.

૨૩ આફતો આગળ આવશે અને નુકશાન પણ ઉપાડવું પડશે.

૨૪ દોસ્ત ફરેબ આપનાર છે.

૨૫ ૨૭, ૬ ઠ્ઠી, ૧૨ મી નહસ (ખરાબ) છે, ૧૬ મી અને ૨૧ મી નેક (સારી) છે.

૨૬ એજ છે કે જે વારંવાર મીંયા સાથે મળે છે.

૨૭ છે તો ઘણા પણ તમારૂં કાંઇ કરી શકશે નહીં.

૨૮ થોડાક દીવસોમાં પામશે.

૨૯ મકર અને ફરેબની આફતમાં છે.

૩૦ રમો નહીં તમારા નશીબ સારા નથી.

૩૧ હારી જશે.

૩૨ જેવું તેવું પણ તે વીશે ધ્યાન રાખશો નહીં.

૩૩ ફબર પોતાના શીકારને ગળી જશે.

૩૪ ગરમી અને પીતની હમેશા બીમારી, તાવ અને મુંઝારો.

૩૫ મોહસનાસ્ના નસીબ જબરદસ્ત છે.

૩૬ ખુબસુરત અને સારા ચેહરાવાળો છોકરો.

૩૭ એજ હુકમ છે કે તે તારા માટે બરકત અને બુઝરગીનું કારણ થાય.

૩૮ આખું કુટુંબ કીસમતમાં લખ્યું છે.

૩૯ ટુંક મુદતમાં ખરાબ ખબર મળવાથી રડશો.

૪૦ હા છે, સારી પેઠે સમજી લીઓ.

૪૧ ઇશકનો, હસદનો અને મુસીબતનો.

૪૨ કાળો.

૪૩ એક વીધવા ઓરત કે તે તમોને ખુબ નચાવશે.

૪૪ જેવા તમો છો તેવો તે પણ બેવફા છે.

૪૫ તમારા નશીબમાં રંજ, ગમ અને રાહત એ બધું મળેલું છે.

૪૬ તકદીરમાં નથી.

૪૭ હાલ નાહીં.

૪૮ ઓરતના ફંદામાં ફસવાની કોશીશ ન કરો.

૪૯ ઘણું કરીને એમજ માલુમ થાય છે.

૫૦ તમારી સામેથી માટીની જેમ ઉડી જશે.

૫૧ જુવાની અને આધેડની વચ્ચે ઘણી મુસાફરીઓ કરવી પડશે.

૫૨ સીતારો તો ઘણો સારોછે.

૫૩ નીશાની ઇનકાર કરવાની દેખાય છે.

૫૪ દુશમનોથી બચતા રહેજો, કાળા રંગનું માણુસ ખેરખાહ નથી.

૫૫ કોઇ ચીજ ફળશે ફુલશે નહીં.

૫૬ ભારી ભારી ચીજો અથવા ધાતુની લેવડદેવડ.

૫૭ મુરદાઓનો માલ તમારી કીશમતમાં છે.

૫૮ કોઇ છેટેના મુલકમાં ભટકે છે.

૫૯ તેઓની તકદીરમાં એશઆરામ છે.

૬૦ મુશકીલોમાં ફાવવાનો, અને એક બીજું.

૬૧ હા, પણ મરજી પ્રમાણે નહીં.

૬૨ પોતાની ખરાબ કીસમતને શા માટે અજમાવો છો ?

૬૩ હાલ તો નહીં પણ થોડી મુદત પછી·

૬૪ સવાલ કરનારને કેટલીક મુદત પછી ઓરતો અથવા બીજી મોજમજાહ કંગાલ કરી નાખશે,

૧ તમોને મુસાફરી કરવી પડશે, મકાન બદલશો અને પાણીની પાર જશો.

૨ તમારી અસલી અને હાલની તકદીર રંગબેરંગની છે.

૩ ૪૪—૪૫ અને ૫૫ મું વરસ.

૪ તમો તો એવાજ અમીર છો.

૫ પડશો, ઘા ખાશો અને કાંઇ જનાવર કરડશે.

૬ જવાની અને આધેડ થતાં સુધીમાં તનદુરસ્તી છે, ૪૦ થી ૫૦ સુધી બીમારી છે.

૭ એ નીશાનીથી ગણતરીના વરસ માલુમ પડે છે માટે યાદ રાખો.

૮ વાદળાં વરસાદ અને આંધીનું તુફાન આવવા વાળું છે.

૯ નહસ સીતારાઓની તાસીરથી આ વરસે લડાઇ થાય એમ દેખાય છે.

૧૦ બેશક છે, અને તે જગ્યાએ શોધવું પણ ઠીક છે.

૧૧ હાકીમ તમારી તરફેણમાં થશે.

૧૨ નહસ સીતારાનો રંગ ફાવી જશે.

૧૩ તમારો સીતારો ખરાબ થઇ ગયો છે, માટે હાલ કોઇ બાદશાહ અથવા બાદશાહજાદા પાસે જાઓ નહીં.

૧૪ રસ્તામાં કોઈ બેરહમનો ગુલામ થઈ જશો.

૧૫ એ ખબર તદ્દન ખોટી છે, એટલુંજ નહીં પણ તેમાં ફરેબ અને જુઠાણું છે.

૧૬ નહીં હરગીઝ નહીં.

૧૭ આ એક ઓરતે કરેલું તોફાન છે.

૧૮ ચોર દરીયાની પાર ઉતરી ગયો છે.

૧૯ ઘણા દોસ્ત, ખુશી, મોજમજાહ, પણ નાણું નથી.

૨૦ દરેક જાતના વહેમ લાવો નહીં અને ગભરાઓ નહીં.

૨૧ ત્યાં ઝગડો થશે અને નારાજી ફેલાશે.

૨૨ દુશમન પયદા થશે અને દોસ્ત નાબુદ થશે.

૨૩ ખતરો અને બીક છે.

૨૪ આ વરસે કોઇ મુસાફરી કરશો નહીં.

૨૫ જે નીશાની તમોએ પસંદ કરી છે તેથી માલુમ થાય છે કે ખરૂં છે.

૨૬ દરેક જુમ્માનો દીવસ નહસ છે, અને બુધવાર સારો છે, અને બાકીના દીવસો સાધારણ છે

૨૭ રાતો રંગ અને લાંબી જીભ.

૨૮ તારી લીયાકત અને ખુબીથી ઘણા પયદા થઇ જશે.

૨૯ ફરેબી સલાહ આપનારાઓએ તેને કયદ કરાવ્યો છે અને હજુ કયદમાં રહેશે.

૩૦ એથી વધારે તો તમો ખતરામાં પડયા નથી.

૩૧ આ નીશાનીથી માલુમ થાય છે કે નહીં થાય.

